ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૧૦ ઑક્ટોબર ૨૦૧૫ સળંગ અંક : ૫૨૮

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

## Charutar Vidya Mandal
## Vallabh Vidyanagar

# અંબામાનાં ઊંચાં મંદિર નીચા મોલ

અંબામાનાં ઊંચાં મંદિર નીચા મોલ,
ઝરૂખડે દીવા બળે રે લોલ,
અંબેમા ગરબે રમવા આવો,
સાહેલી સહુ ટોળે વળી રે લોલ,
ત્યાં તો મારાં બહુચરમા બિરદારી,
પગલીયે પદમ જડ્યા રે લોલ,
બહુચરમા ગરબે રમવા આવો... સાહેલી...



ત્યાં તો મારાં પાવાની પટરાણી,
હાથલડે હીરા જડ્યા રે લોલ,
કાળીમા ગરબે રમવા આવો... સાહેલી...
ત્યાં તો મારાં ગબ્બરવાળાં દેવી,
મુખલડે ફૂલડાં ઝરે રે લોલ,
અંબેમા ગરબે રમવા આવો... સાહેલી...
ત્યાં તો મારાં રન્નાદે છે માડી,
આંખડિયે અમી ઝરે રે લોલ,
રન્નાદે ગરબે રમવા આવો... સાહેલી....






વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑક્ટોબર ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૧૦

સળંગ અંક: ૫૨૮

ISSN 0976-9609-V Vidyanagar



**તંત્રી**

હરિ દેસાઇ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા



**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી- આણંદ



**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ.એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા  તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

**ઑક્ટોબર ૨૦૧૫**

વર્ષ: ૧૭ અંક: ૧૦

સળંગ અંક: ૫૨૮

**ISSN 0976-9609-V Vidyanagar**


• • •

**विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।**
**निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥**

છોડીને કામના સર્વે ફરે જે નર નિસ્પૃહ,
અહંતા-મમતા મૂકી, તે પામે શાંતિ, ભારત.

**શ્રીમદ્ભગવદ્ગીતાઃ ૨:૭૧**

• • •


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શિક્ષણ સંસ્થાઓને માન્યતા અને સુવિધાઓની પૂર્તતા • ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ એકલવ્યનો અંગૂઠો અને દ્રોણાચાર્ય થકી અન્યાય • હરિ દેસાઇ / 1

॥ સંસ્કૃતિ ॥ કમાલ-વાણી કબીરની • ગુજરાતી અવતારઃ જ્યોતીન્ પટેલ / 3

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ) • નારાયણ દેસાઇ, જયન્ત પાઠક, કંચનલાલ કાંટાવાળા, વાસુદેવ વિ. પાઠક/ 3

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) મત જાઇએ, બાબુજી, વડો પ્રધાન છું છતાંય • અમૃત મોદી / 5

॥ નવાં કાવ્યો ॥ • જિગર જોષી 'પ્રેમ', હરીશ પંડ્યા, કિશોર મોદી, નરેશ સોલંકી / 6

॥ વ્યાખ્યાન ॥ સરદાર પટેલ વિશે પ્રચલિત વાયકાઓ અને હકીકતો • હરિ દેસાઇ / 7

॥ અભ્યાસ ॥ સરદાર વલ્લભભાઇ પટેલનું જેલજીવન • દિવ્યેશ આર. પટેલ / 16

॥ અભ્યાસ ॥ બાળલગ્નના વિરોધી સરદાર • કલ્પેશ આર. ચૌધરી / 21

॥ અભ્યાસ ॥ સરદાર પટેલ અને સ્વચ્છતા • અલ્કેશ વી. ચૌધરી / 25

॥ અભ્યાસ ॥ ભારતના બે જ્યોતિર્ધરઃ સરદાર અને ડૉ.આંબેડકર • જસ્મીના બી.સોલંકી / 29

॥ ચિંતન ॥ ઇતિહાસબોધ • પ્રવીણ ગઢવી / 39

॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્મૃતિકાલીન બહુવિવાહપ્રથા • પારુલટીના દોશી /40

॥ આરોગ્ય ॥ નવજાત શિશુના રીતરિવાજો પાછળનું વિજ્ઞાન • સાગર ભીડે /44

॥ વિદ્યાવૃત્ત ॥ / 47


વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઇટ**

www.ecvm.net

**પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી**

### આ માસની વિચારકણિકા

પારકી ભાષાના માધ્યમે આપણાં બાળકોને વહેવારની દૃષ્ટિથી ખુદ પોતાના મુલકમાં પરદેશી જેવાં બનાવી મૂક્યાં છે.

**- ગાંધીજી**

# શિક્ષણ સંસ્થાઓને માન્યતા અને સુવિધાઓની પૂર્તતા

**ડૉ.સી.એલ.પટેલ**

શિક્ષણ માટે માન્યતા આપતી સંસ્થાઓના માપદંડ ભારત સરકારનો માનવ સંસાધન વિભાગ મંજૂર કરે છે. એ પ્રમાણે એન્જિનિયરિંગ, મૅડિસીન વગેરે સંસ્થાઓની મંજૂરી અપાય છે. એની પૂરેપૂરી કાર્યવાહી કરી ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફૉર ટૅકનિકલ ઍજ્યુકેશન(એઆઈસીટીઈ) એન્જિનિયરિંગ, ફાર્મસી અને પ્લાનિંગ માટે મંજૂરી આપે છે. એ જ રીતે તેને પૂરક ફાર્મસી કાઉન્સિલ અને આર્કિટેક્ટ કાઉન્સિલ અનુક્રમે ફાર્મસિસ્ટ અને આર્કિટેક્ટનો અભ્યાસ પૂરો કર્યા પછી સ્નાતકોને પોતાની કારકિર્દી શરૂ કરવા પ્રમાણિત કરે છે. મૅડિકલ કાઉન્સિલ મૅડિકલ અને પેરા-મૅડિકલના કોર્સીસ તથા આયુષ આયુર્વેદિકના શિક્ષણ માટે તથા હોમિયોપેથી કાઉન્સિલ દ્વારા હોમિયોપેથીના અભ્યાસક્રમની માન્યતા અપાય છે. આ બધી જ કાઉન્સિલોની મંજૂરી માટે મકાન તથા માળખાકીય સુવિધાઓ ઉપરાંત શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની જરૂરિયાતનાં નિર્ધારિત ધોરણો પર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ બધી કાઉન્સિલમાં કાર્યરત એવા અધિકારીઓ પોતે જે તે અભ્યાસ માટે ઘણું જ્ઞાન ધરાવતા હોવા છતાં આપણા દેશની કમનસીબી છે કે મંજૂરી માટે ઘણી બધી રીતે જે કાર્યવાહી કરવાની હોય તેમાં તેઓ ઉદાસીનતા સેવે છે. નક્કી કરેલાં ધારાધોરણ પ્રમાણે અમુક સંસ્થા વ્યવસ્થા ધરાવતી ના હોય તો પણ તેને માન્યતા અપાય છે. જે સંસ્થાઓ સિદ્ધાંતને વરેલી છે તેવી સંસ્થાઓને આવી મંજૂરી આપતાં સત્તામંડળો દ્વારા તપાસણી માટે મોકલાતી સમિતિના સભ્યો હેરાનપરેશાન કરે છે. એ અંગેની ફરિયાદો કરવા છતાં ભારત સરકારમાં આરોગ્યની જવાબદારી સંભાળતા પ્રધાન પણ આ બાબત આંખ આડા કાન કરે છે.

ચારુતર વિદ્યામંડળમાં અમો છેલ્લા સાત વર્ષથી આયુર્વેદિક કૉલેજ ‘ગોવિંદભાઈ જોરાભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદિક સ્ટડિઝ ઍન્ડ રિસર્ચ’ અને સૂરજબેન ગોવિંદભાઈ પટેલ આયુર્વેદિક હોસ્પિટલ ચલાવીએ છીએ. શરૂઆતમાં ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશક્ષમતાની માગણી સાથે બધી વ્યવસ્થા કરવા છતાં કોઈક કારણસર અમને માત્ર ૫૦ બેઠકો જ મળી. એક બૅચ પૂરી થયા પછી અમોએ ગુજરાતની વડી અદાલતમાં ધા નાંખ્યા બાદ અમોને ૧૦ બેઠકોનો વધારો મળ્યો. દરેક વખતે સમિતિના જે સભ્યો આવે તે નાણાંકીય લાભ મેળવવા માટે અયોગ્ય માગણી મૂકે છે. આવું અમારા સિદ્ધાંતમાં ના આવતું હોવાથી સમિતિવાળા તથા માન્યતા આપતા સત્તાવાળાઓ તરફથી મુશ્કેલી ઊભી કરાય તેવું બનતું આવ્યું છે.

ચાલુ સાલે પણ ૬૦ બેઠકો માટે જરૂરી અધ્યાપકો અને બીજી માળખાકીય સુવિધાઓ હોવા ઉપરાંત અગાઉની જે કોઈ રિમાર્ક હતી તે સંદર્ભે પૂર્તતા કરવા માટે આયુર્વેદ કૉલેજના આચાર્યે આયુષમાં જઈને પૂર્તતા કર્યા વિષયક જાણ કર્યા છતાં પ્રવેશ

માટેની કાર્યવાહી શરૂ થઈ અને હવે પૂરી થશે ત્યાં સુધી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-'૧૬ના પ્રવેશ માટે મંજૂરી મળી નથી. દરેક વખતે ગુજરાતની વડી અદાલતમાં જવું મુશ્કેલ પરિસ્થિતિ ઊભી કરે છે, છતાં પણ કૉલેજ ચાલુ રહે અને આયુર્વેદનું શિક્ષણ મેળવવા માંગતા વિદ્યાર્થીઓના લાભાર્થે એવું પગલું ભરવું જરૂરી હોઈ આ માટે વિચારવું પડે છે.

સરકારો આવે અને જાય છે, પરંતુ રાષ્ટ્રીયસ્તરે માન્યતા આપતી સંસ્થાઓના વડાઓનો ભ્રષ્ટાચાર આજે પણ યથાવત ચાલુ છે. મૅડિકલ કાઉન્સિલમાં એક વગદાર અધ્યક્ષનાં ઘણાં બધાં ભ્રષ્ટાચાર પ્રકરણ પ્રકાશમાં આવ્યાં હતાં. તેમ જ એઆઈસીટીઈના અધ્યક્ષના ભ્રષ્ટાચાર પણ બહાર આવ્યા હતા. અમોએ વારંવાર આયુષમાં તપાસણી સમિતિના સભ્યોની ઈતર માગણીના અનુસંધાનમાં રજૂઆત કરી હોવા છતાં એ અનુસંધાને હજુ કોઈ કાર્યવાહી થઈ નથી. ઉલટાનું પ્રતિ વર્ષ અમોને અગવડતા ઊભી કરે છે. આથી હવે સરકારે પણ વિચારવું પડશે કે સારી સંસ્થાઓને આ બધાની ચુંગાલમાંથી બહાર કાઢીને સંસ્થાનો વિકાસ અને વિદ્યાર્થીઓના ઘડતર માટે વધુને વધુ સારી કાર્યવાહી કરી શકાય તે માટે સંસ્થાઓને હેરાનગતિ થાય નહીં એવું વાતાવરણ કઈ રીતે સર્જી શકાય.

શરૂઆતનાં વર્ષોથી અમો આયુર્વેદ કૉલેજમાં મેનેજમેન્ટની કોઈ બેઠક રાખતા નથી. બધી જ બેઠકો અમે સરકારશ્રીની પ્રવેશ સમિતિને સોંપી દઈએ છીએ. આયુર્વેદિક દવાખાનામાં શરૂઆતથી જ બધાં દર્દીઓને અમો નિઃશુલ્ક સેવા આપીએ છીએ. દવાખાનામાં દાખલ કરાયેલા(ઈન્ડોર) પેશન્ટ્સને નિઃશુલ્ક સેવા સાથે જમવાનું પણ નિઃશુલ્ક આપીએ છીએ. આવી સંસ્થા પગભર બને તે માટે ભારત સરકારે અમારા આ સમાજલક્ષી અભિગમમાં હેરાનગતિ ના થાય તે માટે કાર્યવાહી કરવી ઘટે. અમારી માગ છે કે જુદી જુદી કાઉન્સિલો આવી સંસ્થાઓને હેરાન ના કરે તે માટે સરકાર પૂરતી ચોક્સાઈ રાખે. ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટૅકનિકલ ઍજ્યુકેશન અને મૅડિકલ કાઉન્સિલની સમિતિના સભ્યો અમુક સંસ્થાઓએ જરૂરી શરતો મુજબની સગવડો ઊભી ના કરી હોય છતાં પણ એવી સંસ્થાઓને મંજૂરી આપે છે. આવી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું હિત જોખમાય છે. તેમણે અભ્યાસમાં જે પ્રાપ્ત કરવાનું હોય તે મળતું નથી. દેશના યુવાધને ખરેખર પોતાનો અને દેશનો વિકાસ કરવાનો હોય એવું જો આપણે ઈચ્છતા હોઈએ તો સારી સંસ્થાઓ પગભર બની શકે તેવું વલણ અપનાવવું અનિવાર્ય છે. જે સંસ્થાઓ જરૂરી સગવડો ધરાવતી ના હોય તેમની સામે હવે કડકાઈથી કાર્યવાહી કરવી જોઈએ તે આજની માગ છે. સરકારશ્રી પોતે પણ જે સંસ્થાઓ ચલાવતી હોય અને જેઓ થકી અનુદાનિત સંસ્થાઓ હોય તેવી સંસ્થાઓ પણ જરૂરી સગવડો ધરાવે તેવું અનિવાર્ય કરવામાં આવે, એ પણ આજની માગ છે. **(૨૫ ઑગસ્ટ ૨૦૧૫)**

॥ પ્રાથમ્ય ॥

# એકલવ્યનો અંગૂઠો અને દ્રોણાચાર્ય થકી અન્યાય

## હરિ દેસાઈ

મોરનાં ઈંડા ચીતરવાં ના પડે: આજકાલ વિવાદોમાં ગાજતું રહેલું એક નામ એટલે જસ્ટિસ માર્કન્ડેય કાટ્જૂ. દાદા ડૉ.કૈલાશનાથ કાટ્જૂ મૂળે કાશ્મીરી બ્રાહ્મણ, પણ મધ્ય પ્રદેશમાં આવીને વસ્યા. મશહૂર ધારાશાસ્ત્રી. પંડિત જવાહરલાલ નેહરુની સરકારમાં કાયદા પ્રધાન, ગૃહપ્રધાન અને સંરક્ષણ પ્રધાન હતા, પણ મૂળે તો આઝાદીની લડતમાં અગ્રેસર હતા. ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ રહ્યા. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પણ. જસ્ટિસ માર્કન્ડેય કાટ્જૂના પિતા પણ અલાહાબાદની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ રહ્યા. પરિવારમાં પણ ઘણા ધારાશાસ્ત્રી અને ન્યાયાધીશ રહ્યા. જસ્ટિસ માર્કન્ડેય પ્રેસ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના બહુચર્ચિત અધ્યક્ષ પણ રહ્યા. લાગ્યું એવું લખવા અને બોલવા માટે જાણીતા આ મહાનુભાવ મહાત્મા ગાંધીને બ્રિટિશ એજન્ટ કે સુભાષચંદ્ર બોઝને જાપાનના એજન્ટ કહે ત્યારે ઈતિહાસના ઘટનાક્રમને આગળ કરીને પોતાની વાતની માંડણી કરે છે. એટલે સંસદ એમની વિરુદ્ધ એકીઅવાજે વખોડતો ઠરાવ કરે તો પણ ક્ષમાપ્રાર્થના કરવાને બદલે એને સુપ્રીમમાં પડકારવાનું પસંદ કરે છે.

જસ્ટિસ કાટ્જૂનાં વિવાદસર્જક સત્યો, તથ્યો કે તારણો એમના બ્લૉગ 'સત્યમ્ બ્રુયાત્'માં પ્રગટે ત્યારે ઘણા છળી ઊઠે છે તો બીજા ઘણા એમના પર વારી જાય છે. સ્વાતંત્ર્યવીર સાવરકરને ભારતરત્ન આપવાની શિવસેના તરફથી ઝુંબેશ આદરવામાં આવે ત્યારે જસ્ટિસ કાટ્જૂ બ્રિટિશ સત્તાવાળાઓ સમક્ષ ક્ષમાપ્રાર્થના કરી આંદામાનના જેલવાસમાંથી વિ.દા. સાવરકરે મુક્તિ મેળવી હોવાનાં નેશનલ આર્કાઈવ્ઝમાં હયાત દસ્તાવેજી તથ્યોને આગળ કરવાની હિંમત દાખવી ઘણાનો ખોફ વહોરવા છતાં 'સત્યમ્ બ્રુયાત્'નો આલાપ અખંડ રાખે છે.

સામે પૂર તરવાનાં જોખમોથી વાકેફ હોવા છતાં સુપ્રીમ કોર્ટના આ નિવૃત્ત ન્યાયાધીશ કાયમ કડવાં સત્યોને સમાજ સમક્ષ મૂકવાની હિંમત દાખવતાં બુદ્ધિજીવીઓની પોચટ-પ્રકૃતિને મહેણાં મારવાનું કામ કરતાં સ્વતંત્ર ભારતના નાગરિકોનો સાચો ધર્મ નિભાવવા દર્શાવવાનું પસંદ કરે છે. વિવાદને ખાતર વિવાદ સર્જવાનું એમને પસંદ નથી, પણ સચ્ચાઈનો રણકો વ્યક્ત કરવામાં વિવાદ થાય તો એની પરવા પણ નથી. ઈતિહાસના આ મહાજ્ઞાની ન્યાયાધીશે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે મહારાષ્ટ્રની એક આદિવાસી ભીલ મહિલાને નિર્વસ્ત્ર કરીને ગામમાં ફેરવવાનો અત્યાચાર કરાયાની ઘટના સંદર્ભે મહારાષ્ટ્ર સરકાર અને સમાજનો ઉધડો લેતાં ૫ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ સાથી ન્યાયાધીશ જ્ઞાનસુધા મિશ્રા સાથે આપેલો ચુકાદો એ ખટલાના સંદર્ભમાં જ નહીં, સમગ્ર દેશના ઈતિહાસના સંદર્ભમાં પણ અમર થઈ ગયો છે.

ભારત દેશના મૂળ નિવાસીઓ કોણ? એ સંદર્ભે વાદવિવાદ ઘણા વખતથી ચાલતો રહ્યો છે. ઈતિહાસકારોમાં પણ આર્યો-અનાર્યો કે આર્ય-દ્રવિડોની થિયરીની ચર્ચા રહી છે. આર્યો બહારથી આવ્યા અને દ્રવિડો જ આ દેશના મૂળ નિવાસી એવી થિયરી પર તો તમિળનાડુનાં રાજકારણ ખેલાતાં રહ્યાં. સંઘ પરિવાર આર્યો બહારથી આવ્યાનો પ્રતિવાદ કરતો રહ્યો, પણ જસ્ટિસ માર્કન્ડેય કાટજૂએ ઉપરોક્ત ચુકાદાથી દેશ- વિદેશના ઈતિહાસકારો જ નહીં, વિચારકોના પણ વિચારની દિશા જ બદલી નાંખી. એમણે ચુકાદામાં નોંધ્યું કે આ દેશની ૯૨ ટકા પ્રજા વાયવ્ય ભારત કે ઈશાન ભારતની બહારથી આવેલી છે. માત્ર ૮ ટકા આદિવાસી જ આ દેશના મૂળ નિવાસી છે. અમેરિકા અને કેનેડાની જેમ જ ભારત પણ વિદેશથી આવેલાઓનો દેશ(કન્ટ્રી ઑફ ઈમિગ્રન્ટ્સ) છે. જસ્ટિસ કાટ્જૂએ નોંધ્યું છે: "અત્યંત અમાનુષી અત્યાચારોના ભોગ બન્યા છતાં ભારતના આદિવાસીઓ મહદ્અંશે દેશની બિન-આદિવાસી પ્રજા કરતાં ઊંચાં નીતિમત્તાનાં ધોરણો જાળવતા રહ્યા છે.તેઓ સામાન્ય રીતે છેતરપિંડી કરતા નથી, જુઠ્ઠાણાં ઓકતા નથી અને બીજા ઘણા બિન-આદિવાસીઓની જેમ દુષ્કૃત્યોમાં સંડોવાતા નથી. ચારિત્ર્યમાં તેઓ મહદ્અંશે બિન-આદિવાસીઓ કરતાં ઉચ્ચકોટિના હોય છે. તેમને કરાયેલા ઐતિહાસિક અન્યાયના નિવારણનો સમય આવી પહોંચ્યો છે."

દેશના ઈતિહાસમાં આદિવાસી પ્રજાને અન્યાય કરાયાનાં શરમજનક પ્રકરણો સમાયેલાં હોવાનો ઉલ્લેખ કરતાં જસ્ટિસ કાટ્જૂ નોંધે છે: "આદિવાસીઓને રાક્ષસ કે અસુર જેવા શબ્દોથી સંબોધવામાં આવ્યા છે. તેમની મોટી સંખ્યામાં કત્લેઆમ કરાઈ છે. તેમના બચવા પામેલાઓના વંશજોને હલકા પાડવા કે અપમાનિત કરવા કે તેમના પર સદીઓથી ત્રાસ ગુજારવામાં કોઈ કસર

રખાઇ નથી. તેમની જમીનો છીનવી લેવાઇ અને જંગલો કે ડુંગરો ભણી તેમને ખદેડી મૂકવામાં આવ્યા. તેમને ગરીબી, નીરક્ષરતા, રોગચાળા વગેરેની સ્થિતિમાં સબડવા દેવાયા. હજુ પણ કેટલાક લોકો જંગલ અને ડુંગરાળ ક્ષેત્રની જમીનોનાં ઉત્પાદન પર જીવનનિર્વાહ કરી રહેલા આદિવાસીઓને એનાથી પણ વંચિત કરવાના પ્રયત્નમાં છે.''

જસ્ટિસ કાટ્જૂ મહાભારતના આદિપર્વના એકલવ્યની કથા ટાંકે છે. એકલવ્ય દ્રોણાચાર્ય કને ધનુર્વિદ્યા મેળવવા ઇચ્છુક હોવા છતાં એ વિદ્યા આપવાને બદલે દ્રોણાચાર્યે તો પોતાના લાડકા શિષ્ય અર્જુનના હિતની રક્ષા કાજે એકલવ્યનો જમણો અંગૂઠો ગુરુદક્ષિણામાં લઇ લીધો હતો. જસ્ટિસ કાટ્જૂ દ્રોણના આ કરતૂતને શરમજનક લેખાવે છે. એમનો પ્રશ્ન છે કે એકલવ્યને વિદ્યા આપ્યા વિના ગુરુદક્ષિણા લેવાનો કયો અધિકાર હતો અને એ પણ જમણા હાથનો અંગૂઠો?

''સમગ્ર દેશની ફરજ છે કે આદિવાસીઓનાં હિતની રક્ષા કરવામાં આવે. તેમને આર્થિક અને સામાજિક દરજ્જો અપાય. તેમનું શોષણ થાય નહીં. તેમના પર અત્યાચાર ગુજારવામાં ના આવે. તેઓ આ દેશના મૂળનિવાસી હોવાથી એમને એનો મોભો પ્રાપ્ત થવો ઘટે.'' એવું નોંધવાની સાથે જ જસ્ટિસ કાટ્જૂએ ભીલ પ્રજાની બાહોશી અને મહાન ભારતીય લડવૈયા તરીકેની છાપ તથા ભારતીય લશ્કરમાં ભીલોએ મેળવેલી ઊંચી કીર્તિનો પણ ઉલ્લેખ કર્યો છે.

ભારતને બહારથી આવેલાઓનો દેશ (કન્ટ્રી ઑફ ઇમિગ્રન્ટ્સ) ગણાવતી વેળા ન્યાયાધીશ કાટ્જૂ હજુ આ સંદર્ભમાં વધુ સંશોધન કાર્ય હાથ ધરવાની આવશ્યકતા પણ પ્રતિપાદિત કરે છે. ભારતની અનેકતામાં એકતાની વાત પણ એ છેડે છે. નોર્થ અમેરિકા (યુએસએ અને કૅનેડા) જેમ મહદ્અંશે છેલ્લી ચાર-પાંચ સદીઓથી યુરોપ ભણીથી આવેલા લોકોથી બનેલો પ્રદેશ છે, એમ હજારો વર્ષ સુધી ભારતનો ફળદ્રુપ અને સેંકડો નદીઓવાળી જમીનનો પ્રદેશ વાયવ્ય અને ઇશાન બાજુથી લોકોને પોતાના ભણી આકર્ષતો રહ્યો છે. જસ્ટિસ કાટ્જૂનો અંદાજ છે કે ભારતની ૯૨ ટકા વસ્તી આવા બહારથી આવેલા લોકોની વંશજ છે. એટલે જ તેઓ ભારતને 'કન્ટ્રી ઑફ ઇમિગ્રન્ટ્સ' ગણાવતાં માંડ ૮ ટકા આદિવાસીઓને જ મૂળનિવાસી લેખવાનું પસંદ કરે છે. અમેરિકાની યુનિવર્સિટીઓ અને ભારતીય યુનિવર્સિટીઓ અને સંસ્થાઓના ઉપક્રમે જસ્ટિસ કાટ્જૂએ ''વૉટ ઇઝ ઇંડિયા?'' પર વ્યાખ્યાનો પણ આપ્યાં છે. ચુકાદામાં જસ્ટિસ કાટ્જૂ જે આધારો ટાંકે છે એ પણ ખૂબ પ્રમાણભૂત જણાય છે. 'વર્લ્ડ ડિરેક્ટરી ઑફ માયનોરિટીઝ એન્ડ ઇન્ડિજિનિયસ પીપલ્સ-ઇંડિયા'ને આધારે ૧૭મી સદીમાં મહારાષ્ટ્રના ભીલોને નિર્દયપણે કઇ રીતે કચડવામાં આવતા હતા એની વાત પણ તેમણે નોંધી છે. ''કોઇ ગુનેગાર પકડાય અને એ જો ભીલ હોય તો એ પુરુષ કે સ્ત્રીને તત્કાળ એ જ સ્થળે મોતને ઘાટ ઉતારાતો હતો. ઐતિહાસિક પ્રમાણો કહે છે કે સમગ્ર ભીલ સમાજને મોતને ઘાટ ઉતારીને સાફ કરવાની પેરવી કરાઇ હતી. એટલે તો ભીલો ડુંગરાળ પ્રદેશ અને જંગલના અંતરિયાળ પ્રદેશ ભણી ધકેલાતા જતા હતા.''

જે જસ્ટિસ કાટ્જૂ ભારતના ઇતિહાસ અંગે પુનર્વિચાર કરવાની ફરજ પાડે એવો ઇતિહાસ પોતાના ચુકાદામાં રજૂ કરતા હોઇ એમની વાતોને માત્ર વિવાદસર્જક લેખીને હસી કાઢનારાઓ એમના વ્યક્તિત્વથી સુપેરે વાકેફ જણાતા નથી. લોકરંજક વાતો કરવાને બદલે કાટ્જૂ કટુસત્ય રજૂ કરીને સમાજને ઢંઢોળવાની કોશિશ કરતા હોય ત્યારે એમના પ્રત્યેક વિચાર કે મત અંગે વિશદ ચર્ચા થવી જરૂરી ખરી. શક્ય છે કે તેમના વિચાર કે તેમણે રજૂ કરેલાં તથ્ય આપણને પસંદ પડે તેવાં ના હોય તો પણ ભારતીય દાર્શનિક મહાત્મા ચાર્વાક કે ફ્રેંચ દાર્શનિક વૉલ્તેરના મતે ભિન્નમતનો આદર કરવાની પરંપરાને આપણે વિકસાવીએ તો જ સાચી લોકશાહી દૃઢ બને.

(નિયામક, સૅન્ટર ફોર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑન લાઇફ ઍન્ડ વર્ક્સ ઑફ સરદાર વલ્લભભાઇ પટેલ-સૅરલિપ, ભાઇકાકા લાઇબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મોઃ ૯૮૯૮૫૪૩૮૮૧)

**यक्ष प्रश्न**

**जो कल थे**
**वे आज नहीं है ।**
**जो आज हैं**
**वे कल नहीं होंगे ।**
**होने, न होने का क्रम,**
**इसी तरह चलता रहेगा,**
**हम हैं, हम रहेंगे**
**यह भ्रम भी सदा पलता रहेगा ।**
**– अटल बिहारी वाजपेयी**

॥ સંસ્કૃતિ ॥

## કમાલ-વાણી કબીરની

### ગુજરાતી અવતારઃ જ્યોતીન્ પટેલ

૧

मन ही मनोरथ छांड़ी दे, तेरा किया न होई;
पानी में धिव निकसे, तो रूखा खाए ना कोई।
મનના મનોરથ છોડી દે, ધાર્યું તારું ના થાય;
ઘી નીપજે પાણી મહીં તો લૂખું સૂકું કોણ ખાય.

૨

दुःख में सुमिरन सब करे सुख में करै न कोय;
जो सुख में सुमिरन करे दुःख काहे को होय।
દુઃખમાં ભજે ભગવંતને, સુખમાં ના ભજે કોઇ;
ભજ્યો જો સુખમાં હોય તો, દુઃખ ક્યાંથી કોઇ.

૩

साईं इतना दीजिये, जा मे कुटुम समाय;
मैं भी भूखा न रहूँ, साधु ना भूखा जाय।
પ્રભુ એટલું આપજે, જીવન જીવવા જોગ;
રહું ના હું ભૂખ્યો, સાધુ ન ભૂખ્યો જાય.

૪

काल करे सो आज कर, आज करेसो अब;
पल में प्रलय होएगी, बहुरि करेगा कब।
કર આજ કાજ કાલનું, કર અબઘડી આજનું;
અસ્ત પામશે તું ઘડીમાં, તો શું થશે તવ કાજનું!

૫

लूट सके तो लूट ले, राम नाम की लूट;
पाछे फिर पछताओगे, प्राण जाहि जब छूट।
લૂંટવી હોય તો લૂંટજે રામનામની લૂંટ;
પસ્તાવાનો અંતકાળ તું, જો ના કરી તેં લૂંટ.

૬

माँगन मरण समान है, मति माँगो कोई भीख;
माँगन ते मारना भला, यह सतगुरु की सीख।
માગવું મરવા બરાબર, કોઇની ના માગીશ ભીખ;
ભીખવાથી મરવું ભલું, ભલી એ સદગુરુ-શીખ.

૭

चाह मिटी, चिंता मिट, मनवा बेपरवाह;
जिसको कुछ नहीं चाहिए, वो शहेंशाह।
તૃષ્ણા છૂટી, ચિંતા ટળી, ને મસ્ત મસ્ત બેફિકરી;
ઇચ્છા મરી પડી જેની એ રાજવીઓનો રાજવી.

૮

माटी कहे कुम्हार से, तु क्या रौंदे मोय;
एक दिन ऐसा आएगा, मैं रौंदूगी तोय।
માટી કહે કુંભારને, તું શું મુજને રગડીશ;
એક દી એવો આવશે, હું જ તુજને રગડીશ.

૯

कबीरा ते नर अँध है, गुरु को कहते और;
हरि रूठे गुरु ठौर है, गुरु रूठे नहीं ठौर।
કબીર-મનજન આંધળો, ગણે ગુરુને પરાય;
હરિ રૂઠે તો શરણ ગુરુનું, ગુરુ રુઠે શરણ કોઇ ના હોય.

૧૦

गुरु गोविंद दोनों खडे, काके लागूं पांय;
बलिहारी गुरु आपनो, गोविंद दियो मिलाय।
ગુરુ-ગોવિંદ સાથ સાથ, કોને પરથમ વંદુ,
ગોવિંદ-મિલાપ કરાવીને, કમાલ કરી તેં ગુરુ.

૧૧

रात गंवाई सोय के, दिवस गंवाया खाय;
हीरा जन्म अमोल था, कोडी बदले जाय।
દિવસ મહીં ખાધા કર્યું, ઘોરવામાં વીતી રાત;
અણમોલ હીરા સમ જિંદગી કરી કોડી સમાન.

૧૨

बडा हुआ तो क्या हुआ जैसा पेड़ खजूर;
पंथी को छाया नहीं फल लागे अति दूर।
મોટા થયાથી શું થયું, ખજૂર-ઝાડની જેમ;
ના છાંયો મુસાફર કાજે, ફળ ના લાગે હાથ.

(અવિચળ બંગલો, શાસ્ત્રી માર્ગ, બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)

## ગાંધીની વિશિષ્ટતા

**નારાયણ દેસાઈ**

ગાંધીએ કસુંબા પીધા હતા, હોશ જરીકે ગુમાવ્યા વિના.
મૂઠી ઊંચેરા એ ઊભા હતા, કોઈને નીચે પછાડ્યા વિના.
નાગાંને વસ્ત્ર પહેરાવ્યાં હતાં, માંગી ભીખીને લાવ્યા વિના.
ભૂખ્યાંનાં ઉદર ભરાવ્યાં હતાં, ગરજુ કે દીન બનાવ્યા વિના.
એણે અબોલાં લીધાં હતાં, કોઈની ઉપર રિસાયા વિના.
પાઠ અનેક પઢાવ્યા હતા, મુખથી શબ્દ ઉચ્ચાર્યા વિના.
ઘાયલના જખ્મો રૂઝવ્યા હતા, કોઈ પર હાથ ઉગામ્યા વિના.
ચિરાયાં હૈયાંને સાંધ્યાં હતાં, ઓડનું ચોડ વેતર્યા વિના.
માનવને ઊંચા ઉઠાવ્યા હતા, કોઈને હેઠા પાડ્યા વિના.
ગાંધીએ જંગો જીત્યા હતા, સામેનાને હરાવ્યા વિના.

## નિત્ય વિકાસશીલતા

**નારાયણ દેસાઈ**

સુસંગતિ એનો ગુણ નહોતો.
રોજે રોજ નવું ઉચ્ચરતો.
સત્યની બસ એક કાઠી સ્હાયી
નિત્ય નવાં શિખરો એ ચડતો.
ભય શું તે એ જાણતો નહોતો.
વેરભાવથી જોજન છેટો.
રાગ-દ્વેષને ભોંઠા પાડી
હૃદય-સમરમાં વિજયી થાતો.
એને કોઈ દુશ્મન નહોતો.
સૌમાં એ પરમેશ્વર જોતો.
એક તત્ત્વ સૌમાં એ ભાળી
સૌનો થઈ હૈયામાં વસતો.
ગાંધીને ભગવાન ન માનો.
બસ એને ઈન્સાન જ જાણો.
સત્યને નિશદિન શોધી ખોળી
માનવતાનો મેરુ રચાણો.

**('ગાંધીકથાનાં ગીતો')**

## ધીંગો ધોરી

**જયન્ત પાઠક**

ધીંગો ધોરી ગયો, ગયો ભારતના રથનો;
સાચો કસબી ગયો, ક્ષેત્રનો પુરુષારથના,
પથિક ગયો, અકલાન્ત રાષ્ટ્રના સમુદયપથનો;
સમર પડ્યું ભેંકાર વિના ગરજન સમરથના.
હતો સિંહ તું વજ્રદંષ્ટ્ર ને દિલનો ઉમદા,
હતો ભીમ, અન્યાય શિરે રહેતો તોળી ગદા,
હતો સૂર્ય, તું પ્રખર તેજ ને દાહ ભરેલો;
હતો ચંદ્ર, તું દીપ્ત સુધાનો કુંભ રસેલો.
પોચટ દિલ ગુજરાત તણો તું વજ્ર-વિચારી,
સુખસેવી ગુજરાત તણો તું સેવાવ્રતધારી;
વ્હેવારુ ગુજરાત તણો આદર્શ વિહારી;
ને ગાંડી ગુજરાત તણો ડહાપણ ભંડારી.
ગયો, ગયો સરદાર સો ટકા દિલનો સાચો;
કરુણાનો ભંડાર, ગાંધીનો ચેલો પાકો.

## કરમસદનો કર્મયોગી

**કંચનલાલ કાંટાવાળા**

કરમસદેથી કર્મયોગી જન સમરાંગણમાં આવ્યો,
ગુર્જરભોમે ભવ્ય સપૂતે માનવજન્મ દીપાવ્યો.
સ્વદેશ ચરણે પ્રાણ સમર્પી વિજયધ્વજ ફરકાવ્યો,
વીર વલ્લભ સરદાર બન્યો માનવવૃંદે અપનાવ્યો.
ભવ્ય ત્યાગ ને ભવ્ય ભાવના હતી જુદી જ ખુમારી,
ગાંધી કેરો પરમ ભક્ત એ સ્વાતંત્ર્ય- સેનાની.
સત્તાધીશનો દોર તજાવી અખંડ ભારત સરજ્યું,
ભારત ગુંબજે ગીત ઐક્યનું અપૂર્વ એવું ગરજ્યું.
હે સરદાર, પુનઃ પધારો, નવી જાગૃતિ લાવો;
ખુરશીલોભી સ્વાર્થ સાધુ ખૂણેખૂણેથી હઠાવો.
ત્યાગ પ્રેમને ભૂલી ગયા સૌ, પુનઃ એ જ્યોત જગાવો,
મનોમનનાં અજ્ઞાન વિદારી, નૂતન જ્ઞાન પ્રગટાવો,
ભવ્ય વિભૂતિ એ છે જેણે જીવન ધન્ય બનાવ્યું,
અંતરની મૂંગી આશિષથી ભારતનામ દીપાવ્યું.

## સ્વપ્ન સરદારનું !

**વાસુદેવ વિ. પાઠક (વાગર્થ)**

સ્વપ્ન સદા સેવ્યું સરદારે, એક અખંડ અમારો દેશ.
એક જ આસેતુ હિમાલય, ભલે ભિન્ન ભાષા કે વેશ.
ગંગા, યમુના,કાવેરી, નર્મદા, સમી સૌ માતા;
ભારતીય જનનાં તન-મનને પોષે જેમ વિધાતા.
હળીમળી, અમૃત સૌ પીશું;
ભેદ કદી કરવો ના લેશ,
એક અખંડ અમારો દેશ.
ગુજરાતી, પંજાબી, સિંધી, મદ્રાસી, બંગાળી,
આસામી કોંકણી, કાશ્મીરી, કેરાલી, તામિલી.
ભારતીય સૌ હળીમળીને,
કરશું મંગલકાર્ય વિશેષ;
એક અખંડ અમારો દેશ.
સ્વપ્ન એ જ સેવ્યું સરદારે, ધન્યધન્ય અમ ઉજ્જવળ દેશ.
સ્વપ્ન સદા સેવ્યું સરદારે, એક અખંડ અમારો દેશ.

**('સરદારશ્રીની પ્રતિભા કાવ્યોમાં')**

**(૨ ઑક્ટોબર એટલે દેશના સામાન્ય માણસના દિલ પર છવાયેલા પોતીકા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મદિવસ. એ નિમિત્તે એમના નોખા વ્યક્તિત્વની ઝલક રજૂ કરતા પ્રસંગ અહીં પ્રસ્તુત છે.)**

## મત જાઈએ, બાબુજી



લાલ બહાદુર શાસ્ત્રી જેલમાં હતા ત્યારે સમાચાર મળ્યા કે એમની એક દીકરી ગંભીર માંદગીમાં પટકાઇ છે. જેલના અધિકારીએ કહ્યું કે, જો તમે લેખિત બાંહેધરી આપો કે તે સમય દરમિયાન કૉંગ્રેસની ચળવળમાં ભાગ નહીં લો, તો તમને પેરોલ પર છોડીએ. લાલ બહાદુરજીએ ના પાડી.

એમને સારી રીતે પિછાણનાર જેલરે પાછળથી એમને બિનશરતે પેરોલ પર છોડ્યા. પરંતુ લાલ બહાદુર ઘેર પહોંચ્યા તે દિવસે જ દીકરીનું અવસાન થયું હતું. તેની અંત્યેષ્ટિ ક્રિયા કરી અને પેરોલના પંદર દિવસ પૂરા થયા તે પહેલાં જ એ જેલમાં પાછા પહોંચી ગયા.

પછીને વરસે એ ફરી જેલમાં હતા ત્યારે એમના પુત્રને ટાઇફોઇડ થયેલો. તાવ ૧૦૪ ડિગ્રીએ પહોંચ્યો ત્યારે એમને અઠવાડિયાની પેરોલ પર છોડવામાં આવેલા. એ મુદત પૂરી થઇ ત્યારે પુત્રનો તાવ હજી ઉતર્યો નહોતો, ઉલટાની હાલત બગડતી જતી હતી. જેલના અધિકારીએ કહ્યું કે, પેરોલની મુદત હજી વધારવી હોય તો ચળવળમાં ભાગ નહીં લેવાની બાંહેધરી આપો. લાલ બહાદુરે ના પાડી અને પાછા જેલમાં જવા એ તૈયાર થાય. તે સમયે પુત્રને ૧૦૪-૧૦૬ ડિગ્રી જેટલો તાવ હતો. તેની પથારી પાસે કલાકો સુધી સૂનમૂન ઊભા રહ્યા. તાવથી ધગધગતા બાળકના હોઠ જરા ફફડ્યા; શબ્દ નીકળ્યાઃ ''મત જાઇએ, બાબુજી''

પિતાની આંખોમાંથી આંસુની ધારા ચાલી. પરંતુ તુરત જ માથાને એક ઝટકો મારી, જાણે કે સ્વપ્નમાંથી એકાએક જાગી ગયા હોય તેમ, લાલ બહાદુરે દાંત ભીંસ્યા, સૌને નમસ્કાર કર્યા અને મક્કમ પગલે જેલની દિશામાં ચાલવા માંડ્યું- પાછું વળીને પુત્રની દિશામાં એક વાર જોયું પણ નહીં.

**('સમર્પણ' પખવાડિકઃ ૧૯૬૬માંથી સાભાર)**

## વડો પ્રધાન છું છતાંય....

''વાહ! આ સાડીઓ તો બહુ સરસ છે. શી કિંમત છે?''

''જી, આ આઠસોની છે, અને આ હજાર રૂપિયાની.''

''ઓહો! એ તો બહુ કિંમતી કહેવાય. એનાથી સસ્તી બતાવશો મને?''

''તો આ જુઓ પાંચસોની અને આ ચારસોની છે.''

''અરે ભાઇ, એ પણ કિંમતી ગણાય. કાંઇક ઓછી કિંમતની બતાવો, તો મારા જેવા ગરીબને પોસાય!''.

''વાહ, સરકાર- એવું શું બોલો છો? આપ તો અમારા વડાપ્રધાન છો- ગરીબ શાના? અને આ સાડીઓ તો આપને અમારે ભેટ આપવાની છે.''

''ના, મારાભાઇ, એ ભેટ હું ન લઇ શકું.''

''કેમ વળી? અમારા વડા પ્રધાનને કાંઇક ભેટ ધરવાનો શું અમને અધિકાર નથી?''

'' હું ભલે વડો પ્રધાન હોઉં, પણ તેનો અર્થ એ નહીં કે જે ચીજ હું ખરીદી ન શકું તેમ હોઉં, તે ભેટરૂપે લઉં. વડો પ્રધાન છું તે છતાંય હું છું તો ગરીબ જ. મારી હેસિયત પ્રમાણેની સાડીઓ જ હું ખરીદવા માંગું છું. માટે ઓછી કિંમતવાળી સાડીઓ મને બતાવો.''

રેશમના કારખાનાવાળાની બધી વિનવણીઓ નકામી ગઇ. આખરે લાચર થઇને એણે સસ્તી સાડીઓ બતાવવી પડી; અને એમાંથી ગરીબ ભારતના વડા પ્રધાન લાલ બહાદુરજીએ પોતાના પરિવાર માટે જોઇતી સાડીઓની ખરીદી કરી.

**અમૃત મોદી**

**('ભૂમિપુત્ર' દસવારિક ૧૯૭૦)**

પંચ મહાભૂતનું આ શરીર બનેલું છે. એની ભીતરમાં જે શક્તિ રહેલી છે તેનો પરિચય કરવો જોઇએ. દુનિયા પેદા થઇ ત્યારથી કોઇ અમર નથી થયો. **- સરદાર પટેલ**

## બુદ્ધવત્

**જિગર જોષી 'પ્રેમ'**

ભીતરના ઓરડામાં વરસોથી બંધ છે આ અણદીઠાં કોઇ અજવાળાં
પણ કેમ કરી ખોલું એ તાળાં?

પીપળાના ઝાડ નીચે વાળું પલાંઠી ભૈ એવાં ક્યાં આપણાં છે ભાગ
જીવતરના વસ્તરમાં પેલેથી લાગ્યા છે માયાના મસમોટા દાગ
મારગડા લાંબા ને પગ આ ઉઘાડા ને જાવાનું પાછું પગપાળા
ભીતરના ઓરડામાં વરસોથી બંધ છે આ અણદીઠાં કોઇ અજવાળાં
પણ કેમ કરી ખોલું એ તાળાં?

દશ્યોમાં ઝાંખપનાં ટોળાં બાઝ્યાં ને કંપારી છૂટે હર અંગમાં
ઊભરાતી હર રંગમાં 'શંકા' નજરું આ જે તરફે તાંકે નિશાન એમા
ટેરવાને લાગ્યો છે શ્રદ્ધાનો થાક નથી ફેરવાતી સહેજે પણ માળા.

(૫૯, ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૫
મોઃ ૯૯૨૫૧૫૭૪૭૫ ઇમેઇલઃ jigarmsw@gmail.com)

## હાથ સંતનો

**હરીશ પંડ્યા**

સાત સાગર પાર તારો વાસ છે,
તોય મનને લાગતું તું પાસ છે.
જે સદેહે આંખની સામે નથી,
એ મળે નવ રૂપમાં એ આશ છે.
જૂગઠું રમતાં બધું હારી ગયા,
તોય ફરતાં લૈ ખિસ્સામાં તાશ છે.
હોય ઝાકળને સતત અફસોસ એ,
રોતરણમાં નામનું ના ઘાસ છે.
હાથ શિર પર સંતનો જેવો ફરે,
ભીતરે ઝળહળ થતો અજવાસ છે.

(ડી-૧, ત્રિલોચન, સોસાયટી, ઘોઘા જકાત નાકા પાસે, રીંગરોડ,
સુભાષ નગર, ભાવનગર-૩૬૪૦૦૧)

## સહી સાતત્ય છે અહીં

**કિશોર મોદી**

એક્ નામધારીનું સહી સાતત્ય છે અહીં,
આતમના શિલ્પીનું સહી સાતત્ય છે અહીં.

મન ખાલીપાના ઝૂલણે પળપળ હીંચી રહે,
તળની તલાશીનું સહી સાતત્ય છે અહીં.

ચોરાશીલખ ધજાના ફરફરતા સ્વરૂપમાં,
વિલસિત હયાતીનું સહી સાતત્ય છે અહીં.

દિનરાત જળસ્થળે ઋચા હોંશે ગવાય છે,
ચહુદિશ ખુદાઇનું સહી સાતત્ય છે અહીં.

કોઇ સકળ વિશે મનોમંથન સમર્પી દે,
અદબદ સમાધિનું સહી સાતત્ય છે અહીં.

કણકણમાં નેતિ નેતિનો કલરવ નિતાંત છે,
સૃષ્ટિની વિરક્તિનું સહી સાતત્ય છે અહીં.

અખિલાઇને કયી રીતે કિશોર ઓળખું?
કંઇ એની મરજીનું સહી સાતત્ય છે અહીં.

(1407/ New York, AVC Glen Allen VA 23060)

## ગઝલ

**નરેશ સોલંકી**

નભ વરસ્યું વાદળ લઇને
બેઠો છું હું કાગળ લઇને
શબ્દ વગરનું મૌન ઊભું છે.
આંખે લીલું દળદળ લઇને
લાવ અણિ શુદ્ધ ઘર કરી લઉં
બારીમાંથી ઝાકળ લઇને
શબ્દ તને સત્કારી લઉં હું
કંકુ, ચોખા, શ્રીફળ લઇને
પગલાંઓ શણગારી દઉં, લે
ઝરણાઓનું ખળખળ લઇને.

(મવડી પોલીસ હેડક્વાર્ટર્સ, રાજકોટ રુરલ, ક્વાટર્સ નં-૪૦,
બ્લોક નં.૪૦, કાલાવડ રોડ, રાજકોટ મોઃ ૯૭૨૫૭૫૮૫૫૪)

॥ વ્યાખ્યાન ॥

# સરદાર પટેલ વિશે પ્રચલિત વાયકાઓ અને હકીકતો

**હરિ દેસાઇ**

(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આયોજિત શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણીમાં ૨૯ જુલાઇ ૨૦૧૫ના રોજ 'નવી નજરે સરદાર વલ્લભભાઇ પટેલ' એ વિષય પર આપવામાં આવેલું વ્યાખ્યાન અહીં પ્રસ્તુત છે.)

**પ્રસ્તાવનાઃ**

અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલને નતમસ્તક કરીને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત 'નવી નજરે સરદાર વલ્લભભાઇ પટેલ' એ વિષય પર વ્યાખ્યાન આપવા મને નિમંત્રવા બદલ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ખાસ કરીને એના પ્રાણસમા સૂત્રધાર ડૉ.કુમારપાળભાઇ દેસાઇનો આભાર માનું છું. ઉપસ્થિત સૌ મહાનુભાવોને વંદન. પ્રારંભમાં જ થોડી ચોખવટ કરી લઉં કે સરદાર પટેલ વિષયક આજના વ્યાખ્યાનમાં મારે સામાન્ય રીતે પ્રચલિત કથાઓથી કાંઇક નોખી વાત કરવાની છે. શક્ય છે કે આપનામાંના ઘણાનો મત મારા મત કરતાં જુદો હોય, પણ તથ્યોને આધારે જ વાત કરવાનું હું પસંદ કરીશ. આપણી પરંપરાના ચાર્વાક અને ફ્રેંચ પરંપરાના વૉલ્તેરને યાદ કરીને કહું કે ભિન્ન મતનો આદર જ નહીં, એ વ્યક્ત કરનારના સ્વાતંત્ર્યની રક્ષા કરવાની પરંપરા આપણે ગુજરાતમાં પુનર્સ્થાપિત કરવાની જરૂર છે. અહોભાવ અને ભાવવેશમાં દોરવાઇ જઇને, ક્યારેક નક્કર સત્યો ભણી આંખ મિંચામણાં કરવાની આપણી આગવી ગુજરાતી પરંપરાથી જરા હટકે તર્ક અને તથ્યનો આદર કરીને અને સાથે જ ભિન્ન મતનોય આદર કરવાની વૃત્તિ-પ્રવૃત્તિને પોષક એવી સ્વસ્થ લોકશાહી પરંપરાનાં આપણે સૌ દ્યોતક અને પ્રણેતા બની રહીએ એ સરદાર પટેલના વિચાર અને કર્તૃત્વને વધુ અનુકૂળ લેખાશે.

સમજણો થયો ત્યારથી સરદારના નામ અને કામનું કાંઇક અનેરું ચુંબકીય આકર્ષણ રહ્યું. અમદાવાદની સૅન્ટ ઝેવિયર્સમાંથી સ્નાતક થયા પછી ૧૯૭૭માં મુંબઇ ભણવા જવાનું થયું અને સાથે જ પત્રકારત્વમાં પ્રવેશવાનું થયું, ત્યારથી આજ લગી સરદાર પટેલના વ્યક્તિત્વ ભણીનો મારો મુગ્ધભાવ લગીરે ઓછો થયો નથી. સમયાંતરે એને પરિપક્વ થવાની તક મળી છે. છેલ્લે ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ એવા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલના સાતેક વર્ષ પૂર્વેના એક ફોન પરના નિમંત્રણે તો સરદાર વલ્લભભાઇ પટેલના જીવન અને કાર્યો અંગેની સમગ્ર દેશમાં સર્વપ્રથમ અને આજ લગીની એકમાત્ર સંશોધન સંસ્થા(સૅરલિપ)ના સંસ્થાપક નિયામક તરીકે કામ કરવાની સોનેરી તક પૂરી પાડી. શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ. પટેલ ચરોતરમાં સરદાર પટેલે પ્રેરણા પૂરી પાડીને સર્જેલી ત્રિવિધ ક્રાંતિનો[1] ઉલ્લેખ ઘણીવાર કરે છેઃ રિવોલ્યુશન ઑફ લાઇટ એટલે કે શિક્ષણ ક્રાંતિ. ગ્રીન રિવોલ્યુશન એટલે કે હરિયાળી ક્રાંતિ અને વ્હાઇટ રિવોલ્યુશન એટલે કે શ્વેતક્રાંતિ.

સરદાર પટેલની પ્રેરણાથી ચારુતર વિદ્યામંડળની સ્થાપના છેક ૧૯૪૫માં થઇ. એમના ભણીના ઋણસ્વીકાર (ટ્રિબ્યૂટ) તરીકે સૅરલિપની સ્થાપના થઇ. એમ.ફિલ અને પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવતી આ સંશોધન સંસ્થામાં રહીને સરદાર પટેલનો વિશદ અભ્યાસ કરવાની તક મળી. એટલું જરૂર કહું કે સરદાર પટેલનું વ્યક્તિત્વ તો મહાસાગર છે અને એમાં હજુ છબછબિયાં કરવા જેટલું, ટોઇલીભર, કામ થયું છે. હજુ ઘણું કરવાનું છે અને આપ સૌની એમાં સાથ દેવા માટેની આજની તક મને સામેથી મળી છે.

આટલી પાર્શ્વભૂ પછી હું સીધો જ વિષય પર આવીને સરદારના જીવનના કેટલાક તબક્કાઓની મારી દૃષ્ટિએ, તથ્યોની દૃષ્ટિએ વાતની માંડણી કરીશ.

૧

સરદારની વાત આવે ત્યારે મહાત્મા ગાંધીએ વલ્લભભાઇને વડા પ્રધાન નહીં બનાવ્યાનો દોષ તેમને દેવાની વૃત્તિ સામાન્યપણે સરદાર પ્રેમીઓમાં જોવા મળે છે. પંડિત જવાહરલાલ નેહરુ ભણીની ભાંડણલીલા પણ ખૂબ પ્રચલિત છે. સરદાર વડાપ્રધાન હોત તો? જેવા પ્રશ્નો સરદારને અન્યાય થયાની વાત રજૂ કરવા જે લોકો આગળ ધરતા રહે છે એ સરદારપુત્રી મણિબહેન પટેલે નોંધેલી વાતને જાણી જોઇને અવગણે છેઃ ''સરદારને ક્યારેય વડાપ્રધાન થવાની મહત્ત્વાકાંક્ષા નહોતી કે બીજા કોઇ ઊંચા હોદ્દાની પણ અપેક્ષા નહોતી.''[2] મણિબહેને પોતાનાં સંસ્મરણોમાં ક્યાંય સરદારને અન્યાય થયાની વાત નોંધી નથી. સ્વયં સરદારે પણ અન્યાયની લાગણી અનુભવી હોય એવું જોવા મળતું નથી. મણિબહેન તો નેહરુ- સરદાર બેઉને એકમેકના પૂરક લેખે છે.[3] વળી માઉન્ટબેટનની સલાહથી નેહરુ યોર્ક રોડથી તીન મૂર્તિ રહેવા ગયા ના હોત તો એ બેઉ વચ્ચેની ૧,ઔરંગઝેબ રોડ ખાતેની રોજિંદી મુલાકાતો સંભવિત ગેરસમજો દૂર કરત[4], એવું પણ મણિબહેન નોંધે ત્યારે એમાં શતપ્રતિશત સચ્ચાઇનો રણકો

છે. વક્રદષ્ટાઓ માઉન્ટબેટનની ભૂમિકા વિશે પણ હેતુઆરોપણ કરતા રહે છે. જોકે સરદાર જ્યારે નેહરુની સરકારમાંથી છૂટા થવા ઇચ્છતા હતા અને ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ ૪ થી ૫ દરમિયાન એ મહાત્મા સાથે મુલાકાત કરીને આ બાબતની ચર્ચા કરવા ગયા ત્યારે ગાંધીજી તો સરદારને પ્રધાનમંડળમાંથી છૂટા કરવાના મત પર આવ્યા હતા,[૫] પણ માઉન્ટબેટને સરદારની મહાનતા[૬] અને અનિવાર્યતા પીછાણી હતી એટલે એમણે સરદારને છૂટા થવા દેવાનો સખત વિરોધ કર્યો હતો. એ મુલાકાત વખતે ઉપસ્થિત મણિબહેનની આ વાત સાચી માનવી પડે.

સરદાર ગાંધીજીના શિષ્ય ખરા, પણ આંધળા અનુયાયી નહોતા. વિભાજનના વરવા દિવસોમાં નિહાળેલી કત્લેઆમ અને ૧૬ ઑગસ્ટ ૧૯૪૬ના 'ડાયરેક્ટર ઍકશન ડે'થી લઈને કાશ્મીર કબજે કરવાના કુટિલ ઈરાદે મોહમ્મદ અલી ઝીણાએ અપનાવેલા વ્યવહાર પછી ભારતે પાકિસ્તાનને આપવાના થતા રૂપિયા ૫૫ કરોડની ચુકવણીને વિલંબમાં મૂકવાના નેહરુ પ્રધાનમંડળના નિર્ણયના વિરોધમાં રાષ્ટ્રપિતા દિલ્હીમાં ઉપવાસ આદરે છે. સરદાર પટેલે વહીવટી જવાબદારીઓ નિભાવવા સૌરાષ્ટ્ર જવું પડે છે ત્યારે એમણે ગાંધીજીને કહેલા શબ્દોમાં રોષ અને ચિંતાના ભાવ કરતાં વેદના વધુ ઝળકતી હતી. વડાપ્રધાન પંડિત નેહરુ આંસુ સારી શકતા હતા, પણ સરદાર વેદનાને મનમાં જ ધરબીને પુત્રવત્ નેહરુ જેવાને સાંત્વના આપનાર વડીલની ભૂમિકામાં રહેતા. ગાંધીજી બેઉના નિર્ણાયક અથવા ન્યાયમૂર્તિ હતા. મતભેદો અને તર્કબદ્ધ દલીલો બાપુ સમક્ષ રજૂ કર્યા પછી એમની વાત કે ચુકાદો બેઉએ માન્ય રાખવો પડતો હતો.

સરદાર પટેલના ૧૯૪૫થી '૫૦ના પત્રવ્યવહારના બેનમૂન દસ ગ્રંથનું સંપાદન કરનાર દુર્ગાદાસ મૂળે તો પત્રકાર હતા. 'હિંદુસ્તાન ટાઇમ્સ'ના મુખ્ય તંત્રી હતા છતાં સરદારના અત્યંત વિશ્વાસુ અને નિકટની વ્યક્તિ તરીકે એમના માટે ભાવ ધરાવનાર હતા. દુર્ગાદાસસંપાદિત પ્રથમ ગ્રંથ 'ન્યૂ લાઇટ ઑન કશ્મીર'નું અધ્યયન કરનાર એ ભ્રમણામાંથી તો કમસે કમ બહાર નીકળી શકશે કે રિયાસત ખાતાના સરદારના અખત્યારમાંથી કાશ્મીર મામલાને નેહરુએ બહાર કાઢી લઈને વલ્લભભાઈને કાશ્મીરના ઘટનાક્રમથી સાવ જ વિરક્ત બનાવી દીધા હતા. ગાંધીજીને દૂરનું દેખાતું હતું કે આદર્શ સ્વપ્નોની દુનિયામાં રાચનારા જવાહરલાલને ડગલે ને પગલે વલ્લભભાઈની પરિપક્વ અને વાસ્તવવાદી સલાહનો ખપ પડવાનો છે.

'વર્ષો પૂર્વે ગાંધીજી પછી સરદાર સાહેબ મારા સર્વોચ્ચ નેતા હતા'[૭] એવા શબ્દો ઉચ્ચારનાર તેમજ ગાંધીજી, પંડિતજી અને સરદારની ત્રિપુટીનો વિશ્વાસ એકી સાથે સંપાદિત કરનાર સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી અને કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રહેલા ઉ.ન. ઢેબરે યથાર્થ નોંધ કરી છે: 'પંડિત જવાહરલાલ નેહરુ સાથેના તેમના(સરદારના) કહેવાતા મતભેદો અંગે બિનપાયાદાર વાતો થતી હતી. પરંતુ પંડિતજી રાષ્ટ્રનેતા તરીકે દેશને આ નાજુક સમયે જેની ખૂબ આવશ્યકતા હતી તેવું ભાવનાત્મક ઐક્ય પૂરું પાડી રહ્યા હતા, જ્યારે સરદાર સાહેબ તેમના ક્રિયાશીલ વ્યક્તિત્વ દ્વારા ફિલ્ડમાર્શલ-સેનાનાયક તરીકેની ભૂમિકા સફળતાથી અદા કરી રહ્યા હતા.'[૮]

સ્વાતંત્ર્ય સંગ્રામની એ ત્રિપુટી વિના ભારતનું છિન્ન ભિન્ન ચિત્ર આપણને વારસામાં મળ્યું હોત, એટલી સાદી સીધી વાત આજની નવી પેઢીએ સમજવાની જરૂર છે. નવી પેઢી પોતાના મનસ્વી ચુકાદાઓ ગાંધીજી, પંડિતજી કે સરદાર વિશે આપીને ભરડવાનું કામ કરે છે, ત્યારે સ્વતંત્રતાની લડતમાં ભારતના નવનિર્માણના આ રાષ્ટ્રનેતાઓના ધ્યેયને સાવ જ અવગણવા જેવું થાય છે. ગાંધીજીને ભાગલા માટે દોષિત ઠરાવવાનો કટ્ટર હિંદુવાદીઓ પ્રયાસ કરે છે ત્યારે ઘોડાના ડાબલા પહેરીને નિહાળવામાં આવતા ઇતિહાસમાં જ તેઓ છબછબિયાં કરતા હોય એવું વધુ લાગે છે.

સરદાર, નેહરુ અને કાશ્મીરના ભારત સાથેના જોડાણ કે વિલયના ઘટનાક્રમને ઇતિહાસનાં તથ્યો સાથે નવી નજરે નિહાળવાની જરૂર વધારે છે. જમ્મૂ-કાશ્મીરના મહારાજા હરિસિંહની ભારત સંઘ કે પાકિસ્તાન સંઘ સાથે જોડાવાની દ્વિધાની સાથે જ સ્વિટ્ઝર્લૅન્ડની જેમ સ્વતંત્ર રહેવાની મહેચ્છા થકી જ પાકિસ્તાની કબાઈલીઓ ચઢી આવે ત્યાં લગીનો વિલંબ થયો. બારામુલ્લા સુધી ધસી આવેલા પાકિસ્તાનીઓથી રહ્યા સહ્યા કાશ્મીરને બચાવવા માટે ભારત સાથેના જોડાણખત પર હસ્તાક્ષર કરવા સિવાયનો બીજો કોઈ વિકલ્પ મહારાજા પાસે બચ્યો નહોતો. જમ્મૂ-કાશ્મીરના એ વેળાના ઘટનાક્રમને હિંદુ-મુસ્લિમ ચશ્માં ચડાવીને જોવાને બદલે તથ્યોનાં પરીક્ષણ થકી પીછાણીએ તો કેટલાંક સ્ફોટક રહસ્યો બહાર આવે છે. 'કશ્મીરીઓ માટે જ કશ્મીર'ની ચળવળ[૯] મુસ્લિમોએ શરૂ કર્યાની પ્રચલિત માન્યતાનો ભાંગીને ભુક્કો કરવા જેવાં તથ્ય પ્રેમનાથ બજાજે 'કશ્મીર ઇન ક્રુસિબલ'માં[૧૦] નોંધ્યાનું દુર્ગાદાસના પ્રથમ ગ્રંથમાં વિગતે નોંધાયું હોવા

છતાં કાશ્મીરી બાબતોના સંશોધકોનું એ ભણી ઝાઝું ધ્યાન ગયું નથી. શંકરલાલ કૌલ નામના કાશ્મીરી પંડિત નેતાના નેતૃત્વમાં ૧૯૨૦-'૨૫ના ગાળામાં 'કશ્મીર ફૉર કશ્મીરીઝ' ચળવળના પરિપાકરૂપે જ આજે જમ્મૂ-કાશ્મીરમાં પરપ્રાંતીયોને સંપત્તિ ખરીદવાના હકથી વંચિત રાખવાની જોગવાઈને નિહાળવી પડશે. કૌલની ચળવળની સ્થાનિકો (સન ઑફ ધ સૉઇલ)માટેની એ વેળાની જે મુખ્ય પાંચ માંગણીઓ હતી તે કાંઈક આવી હતી:
(૧) સરકારી નોકરીઓમાં સ્થાનિકોને જ લેવામાં આવે (૨) બહારની વ્યક્તિઓને જમીન વેચાણ પર બંધી મૂકાય (૩) અખબારી આઝાદી (૪) સંગઠન અને હળવામળવા તથા સભાઓ યોજવાની આઝાદી તથા (૫) ચૂંટાયેલી ધારાસભા અસ્તિત્વમાં લવાય.[૧૧]

છેક ૨૩ સપ્ટેમ્બર ૧૯૨૫ના રોજ 'જમ્મૂ-કશ્મીર નરેશ તથા તિબ્બટ આદિ દેશાધિપતિ'[૧૨] તરીકે સત્તાનાં સૂત્રો સાંભળનાર હરિસિંહ થકી જમ્મૂ-કાશ્મીરમાં સ્ટેટ સબ્જેક્ટ લૉ અસ્તિત્વમાં લાવવામાં આવ્યો, એ ઈતિહાસથી અજાણ આપણે આંધળેબહેરું કૂટીને શેખ અબ્દુલ્લાને શિરે આવી જોગવાઈઓ કરાવવાનું દોષારોપણ કરીએ છીએ. જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવાની ભાવાત્મક અપેક્ષા સ્વાભાવિક રીતે જ દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત નેહરુની હોય કારણ એ કાશ્મીરી પંડિત હતા. એમની આ ભાવનાને મૂર્તિમંત કરવાનું કામ સરદાર પટેલ અને શેખ અબ્દુલ્લાએ કર્યું, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. કોઈપણ ભોગે જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવાની અનિવાર્યતામાંથી જ બંધારણની કલમ ૩૭૦(અગાઉની ૩૦૬-એ) જન્મી છે. બંધારણસભાની કાર્યવાહીના અહેવાલોનો અભ્યાસ કરનારને સહેજે ખ્યાલ આવી જશે કે ૩૭૦ની સલાહ ભલે પંડિત નેહરુની હોય, પણ એને સ્વીકારાવવાનો યશ સરદાર પટેલને જ આપવો પડે. નેહરુ સરકારમાં ખાતા વિનાના પ્રધાન અને અગાઉ જમ્મૂ-કાશ્મીરના પ્રધાનમંત્રી (પ્રીમિયર) રહેલા એન. ગોપાલસ્વામી આયંગાર મારફત બંધારણની કલમ ૩૭૦ પ્રવેશી. અગાઉ બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ.બાબાસાહેબ આંબેડકરે આવી જોગવાઈ તૈયાર કરવાનું નકાર્યું એટલે સંમત થયેલી ભૂમિકા પર આયંગારે એ કામ કરવું પડ્યું. નેહરુ વિદેશ પ્રવાસે હતા. કૉંગ્રેસના આગેવાનો સમક્ષ આ કલમની અનિવાર્યતા પ્રતિપાદિત કરીને તેને સ્વીકૃતિ અપાવવામાં સરદાર પટેલનો મોટો ફાળો રહ્યો. હા, શેખ અબ્દુલ્લા અગાઉના સંમત મુસદ્દામાં ફેરફાર કરાવવા માંગતા હતા એ સામે સરદારે વિરોધ કર્યો હતો અને એમાં આયંગાર તેમજ નેહરુએ પણ સરદારની ભૂમિકાને કબૂલ રાખવાનું પસંદ કર્યાનું પત્રવ્યવહારમાં સ્પષ્ટ છે. જોકે દસ્તાવેજો વાંચ્યા-સમજ્યા વિના નેહરુ-અબ્દુલ્લાની ભાંડણલીલા ચાલે છે. બંધારણ ઘડનારી સમિતિના સભ્ય રહેલા સરદારસમર્થક લેખાતા ક.મા.મુનશીએ પણ નોંધ્યું છે: 'જવાહરલાલ નેહરુએ શેખ અબ્દુલ્લાના દબાણ હેઠળ આવી સરદારના રિયાસતી ખાતામાંથી કાશ્મીરનું દફતર ન લઈ લીધું હોત તો કદાચ કાશ્મીરનો આવડો જટિલ પ્રશ્ન ઊભો થયો જ ન હોત.'[૧૩] ઈતિહાસની ઘટનાઓમાં આમ થયું હોત તો આમ થાત, એને સ્થાન નથી. જે થયું એની આસપાસનાં તથ્યોને તપાસવાં પડે. જે ડૉ.આંબેડકર જમ્મૂ-કાશ્મીરને અલગ બંધારણીય જોગવાઈ કરી આપતી કલમ ૩૭૦ના પક્ષધર નહોતા, એ જ ડૉ.બાબાસાહેબ જમ્મૂ-કાશ્મીરનો મુસ્લિમ બહુલ પ્રદેશ, ત્યાંની બહુમતી મુસ્લિમ પ્રજાની આમસહમતિ લઈને, પાકિસ્તાનને સોંપી દેવાના આગ્રહી હતા. માત્ર હિંદુ બહુલ જમ્મૂ અને બૌદ્ધ બહુલ લદાખને જ ભારત સાથે જોડવાનો એમનો ખ્યાલ હતો. એ ભૂમિકા પણ પાછી આઝાદી પછી પણ તેમના પક્ષના ચૂંટણી ઢંઢેરામાં પ્રગટતી રહી છે.[૧૪]

એવું નથી કે ડૉ.આંબેડકર જ કાશ્મીર ખીણ પ્રદેશને પાકિસ્તાનને સોંપવાના પક્ષધર હતા. સી.રાજગોપાલાચારી (રાજાજી) પણ જમ્મૂ-કાશ્મીર પાકિસ્તાન સાથે જોડાવાના મતના હતા. ખુદ સરદાર પટેલે પણ મહારાજા હરિસિંહ ઈચ્છતા હોય તો પાકિસ્તાન સાથે જમ્મૂ-કાશ્મીરને જોડી શકે તેવું છેલ્લા બ્રિટિશ વાઈસરૉય અને ગવર્નર-જનરલ લોર્ડ માઉન્ટબેટન મારફત કહેવડાવ્યું હતું. જોકે સરદારે માઉન્ટબેટને તેમની વતી મહારાજાને જે કહેણ મોકલ્યું એ વિશે પ્રગટપણે કાંઈ બોલવાનું ટાળ્યું છે, પરંતુ દેશી રજવાડાંને ભારત સાથે જોડવામાં સરદાર પટેલના 'હનુમાન' વી.પી.મેનન 'ઇન્ટિગ્રેશન ઑફ ઇન્ડિયન સ્ટેટ્સ'માં લૉર્ડ માઉન્ટબેટને કાક અને ઝીણાની વચ્ચે મુલાકાત કરાવી હોવાનું નોંધ્યું છે. મેનન પણ સ્વીકારે છે કે માઉન્ટબેટનને સરદારે ખાતરી આપી હતી કે જમ્મૂ-કાશ્મીર જો પાકિસ્તાન સાથે જોડાવા ઈચ્છતું હોય તો વાંધો નથી.[૧૫]

આ જ સંદર્ભને આગળ વધારતાં 'સરદાર: સાચો માણસ, સાચી વાત'માં ઉર્વીશ કોઠારી નોંધે છે: 'કાશ્મીર અંગે શરૂઆતમાં સરદારની એવી ગણતરી હતી કે મુસ્લિમ બહુમતી ધરાવતું કાશ્મીર વેળાસર જાહેરાત કરીને પાકિસ્તાન સાથે ભળી જાય તો ભલે.'[૧૬] આ વાત

મહારાજાના પાટવીકુંવર ડૉ.કર્ણસિંહને હસ્તે વર્ષ ૨૦૧૧માં લોકાર્પણ પામેલા હરબંસ સિંહલિખિત 'મહારાજા હરિ સિંહ: ધ ટ્રબલ્ડ યર્સ'માં પણ નોંધાઈ છે. કાશ્મીરવટો ભોગવતા મહારાજા હરિસિંહે પુણેથી ઑગસ્ટ ૧૯૫૨માં રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદને લખેલા પત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે માઉન્ટબેટન મહારાજાને પાકિસ્તાન સાથે ભળવા સમજાવી રહ્યા હતા. 'લોર્ડ માઉન્ટબેટને વધુમાં કહ્યું હતું કે નવરચિત રિયાસત ખાતું એવી ખાતરી આપવા તૈયાર છે કે કાશ્મીર જો પાકિસ્તાન સાથે જોડાવા ઇચ્છતું હોય, તો ભારત સરકાર તરફથી એને અ-મૈત્રીભર્યું પગલું લેખવામાં નહીં આવે... લોર્ડ માઉન્ટબેટન સાથેની મારી ચર્ચા પરથી એવા તારણ પર આવ્યો હતો કે તેમણે આયોજન અને નકશા બતાવીને સ્થિતિનું જે રીતે વર્ણન કર્યું, એ મને પાકિસ્તાન સાથે જોડાણ કરવાની સલાહ આપવા સમાન હતું.'[૧૭] ધનરાજ ડાહાટે 'ડૉ.અમ્બેડકર ઔર કશ્મીર સમસ્યા'માં કાયદા પ્રધાનના હોદ્દેથી રાજીનામું આપ્યા પછી ડૉ.આંબેડકરે ૧૦ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ કહેલા શબ્દોને ટાંક્યા છે: 'કાશ્મીર સમસ્યાનું સાચું સમાધાન રાજ્યના વિભાજનમાં છે, જેવું હિંદુસ્તાનના સંદર્ભમાં કર્યું. હિંદુ અને બૌદ્ધ વસ્તીવાળા જમ્મૂ અને લડાખનો પ્રદેશ ભારતને અને મુસલમાન વસ્તી ધરાવતો પ્રદેશ પાકિસ્તાન સાથે જોડવામાં આવે.'[૧૮] જોકે મહારાજા હરિસિંહ ભણી કૂણી લાગણી ધરાવનાર હરબંસ સિંહે મહારાજાની ઇચ્છા વિશે કહ્યું છે: 'તેઓ એ બાબતે દઢ મત ધરાવતા હતા કે ભારત અને પાકિસ્તાને જમ્મૂ-કાશ્મીરને પૂર્વના સ્વિટ્ઝર્લેન્ડ તરીકે સ્વીકારી લેવું ઘટે.... જો નાજુક દેશ નેપાળ સ્વતંત્ર રહી શકતો હોય અને ચીન અને ભારત બંને એના સ્વતંત્ર અસ્તિત્વનો આદર કરતાં હોય તો એવું જ વલણ જમ્મૂ-કાશ્મીર વિશે ભારત અને પાકિસ્તાન અપનાવી શકે.'[૧૯]

૫ જુલાઇ ૧૯૪૭ના રોજ રિયાસત ખાતું અસ્તિત્વમાં આવ્યું. સરદાર પટેલને એનો અખત્યાર સોંપાયો ત્યારથી સરદારે 'સફરજનની ટોપલીનાં તમામ સફરજન' ભારતનાં કરી લેવાની કવાયત આદરી. ૩ જૂન ૧૯૪૭ની માઉન્ટબેટનની ઘોષણાથી સ્વતંત્ર થઇ ગયેલાં બ્રિટિશ ઇંડિયાનાં ૫૬૫માંથી ૫૬૨ રજવાડાંને ભારત સાથે જોડીને વલ્લભભાઇએ વર્તમાન ભારતનો નકશો બનાવ્યો. એકલા સૌરાષ્ટ્રમાં જ નાનાં મોટાં ૨૨૨ રજવાડાં હતાં. રિયાસત ખાતાની રચનાની સાથે જ જમ્મૂ-કાશ્મીર માટે વલ્લભભાઇએ વિશેષ પ્રયત્ન શરૂ કર્યા હતા. સરદાર પટેલે મહારાજા હરિસિંહના પાકિસ્તાન તરફ ઢળતા પ્રધાનમંત્રી પંડિત રામચંદ્ર કાકને ૩ જુલાઇ ૧૯૪૭નો પત્ર લખી જણાવ્યું: 'તમે જાણો છો કે ૧૫મી ઑગસ્ટે ભારત, ભલે વિભાજિત છતાં, સંપૂર્ણ સ્વતંત્ર થશે. તમને એની પણ ખબર છે કે અત્યાર સુધીમાં ઘણાં, મોટા ભાગનાં, દેશી રાજ્યો ભારતની બંધારણસભામાં જોડાયાં છે. કાશ્મીરની વિશિષ્ટ મુશ્કેલીઓ હું સમજું છું, પણ એનો ઇતિહાસ અને એની પરંપરા જોતાં મારે મતે એને માટે બીજો કોઇ વિકલ્પ નથી.'[૨૦] એટલે કે ભારત સાથે જોડાવા સિવાયનો વિકલ્પ જમ્મૂ-કાશ્મીર વિચારે નહીં એવું સરદાર સ્પષ્ટ કહે છે. લોર્ડ માઉન્ટબેટનની ૩ જૂન ૧૯૪૭ની જાહેરાત ભારત સંઘ અને પાકિસ્તાન સંઘની રચના સાથે જ દેશી રાજ્યોને ભારત સંઘ કે પાકિસ્તાન સંઘ સાથે જોડાવાની કે પછી સ્વતંત્ર રહેવાની મોકળાશ આપતી હતી. એક બાજુ સરદાર અને બીજી બાજુ મોહમ્મદ અલી ઝીણા દેશી રાજ્યોના રાજવીઓને પોતાના કરવા મેદાને પડ્યા હતા. સરદારે ભારતીય દેશી રજવાડાંમાં જે વિશ્વાસ પેદા કર્યો, એનાથી મહારાજા હરિસિંહ જ નહીં, તેમના 'તેજસ્વી વછેરા' કર્ણસિંહ સાથે પણ એમનો ઘરોબો બંધાયો.

મહારાજા હરિસિંહને માઉન્ટબેટન પોતાની ચાર દિવસની કાશ્મીર મુલાકાત દરમિયાન નિર્ણય કરી લેવાનો આગ્રહ કરવા સંકેત આપવા માંગતા હતા, પણ 'વાઇસરૉય તે નિર્ણાયક રવિવારે આપની સાથે પૂરેપૂરી અને નિખાલસ ચર્ચા કર્યા સિવાય પાછા ફર્યા ત્યારે હું(સરદાર) ખૂબ નિરાશ થઇ ગયો હતો. આપે એમને તે દિવસે મુલાકાતની તારીખ આપેલી પણ આપને પેટના દર્દનો અણધાર્યો હુમલો થઇ આવતાં એ મુલાકાત લઇ શકી નહીં'[૨૧] એવું મહારાજા હરિસિંહને ૩ જુલાઇ ૧૯૪૭ના જ પત્રમાં જણાવતાં સરદાર પટેલે 'સ્વતંત્ર ભારતના નેતાઓ સાથે આપે મૈત્રીભાવ રાખવો જોઇએ. તેઓ પણ આપના પ્રત્યે મૈત્રીભાવ રાખવા ઇચ્છે છે.'[૨૨] એવી વાત લખીને ઘણું બધું કહી દીધું હતું. સામે પક્ષે નેહરુ સાથે શેખ અબ્દુલ્લાની મૈત્રી પણ ભારત સાથે જમ્મૂ-કાશ્મીરને જોડવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી રહી હતી. મહારાજા અને શેખ અબ્દુલ્લા વચ્ચેના અણબનાવ, મે ૧૯૪૬ના 'ક્વિટ કશ્મીર' આંદોલનને કારણે શેખ અબ્દુલ્લાની મહારાજા દ્વારા ધરપકડ છતાં જમ્મૂ-કાશ્મીરની પ્રજામાં શેખ અબ્દુલ્લાની લોકપ્રિયતાને અવગણવાનું પાલવે તેમ નહોતું. ઝીણાના પાકિસ્તાનમાં પોતાનો ભાવ નહીં પૂછાય, એવું માનતા શેખ અબ્દુલ્લાને ભારત સાથે અથવા તો સ્વતંત્ર જમ્મૂ-કાશ્મીરમાં જ પોતાનું ભવિષ્ય ઉજજવળ દેખાતું હતું.

જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવાની કવાયત દરમિયાન વડા પ્રધાન નેહરુ પોતાના નાયબ વડાપ્રધાન સરદાર પટેલ પર કેટલા અવલંબિત હતા, એ નેહરુના ૨૭ સપ્ટેમ્બર ૧૯૪૭ના પત્રમાં સ્પષ્ટ થાય છે : 'મને માહિતી મળી છે કે પાકિસ્તાન કાશ્મીરમાં ઘૂસણખોરી કરવાની વેતરણમાં છે અને એ કોઇ મોટા પેંતરાનો વિચાર કરી રહ્યું છે. શિયાળામાં કાશ્મીર થોડું ઘણું અલગ પડી જાય કે આવો કોઇ દાવપેચ અજમાવવા માંગે છે.'[૨૩] શેખ અબ્દુલ્લાનો સહકાર લઇને શક્ય એટલું વેળાસર જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવાની કોશિશ કરવાની વાત નેહરુ જ્યારે સરદારને લખે, ત્યારે એમને સરદારના વ્યૂહમાં કેટલો ભરોસો છે એનો અણસાર મળે છે. નેહરુની માહિતી સાચી જ હતી. ૨૨ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ પાકિસ્તાની કબાઇલીઓએ જમ્મૂ-કાશ્મીર પર આક્રમણ કર્યું. રિયાસતી ખાતાના સચિવ (પાછળથી સલાહકાર) વી.પી. મેનનને ૨૬ ઑક્ટોબરના રોજ શ્રીનગર મોકલાયા. ભારત સાથે જોડાણખત કે વિલયપત્ર પર મહારાજા હરિસિંહ હસ્તાક્ષર કરે નહીં, ત્યાં લગી જમ્મૂ-કાશ્મીરમાં ભારતીય લશ્કરને મોકલવાનું અશક્ય બને કારણ એ બીજો સ્વતંત્ર દેશ હતો. ગાંધીજીએ પણ મહારાજાને મળીને માઉન્ટબેટનની ૧૯ જૂન ૧૯૪૭ની મુલાકાતની જેમ જ ભારત સાથે વિલયનો નિર્ણય કરવા સમજાવ્યા હતા, પણ દ્વિધામાં રહેલા હરિસિંહ માટે કબાઇલીઓના આક્રમણ પછી ભારતની મદદ મેળવવા ભારત સાથે ભાવિ જોડવા સિવાય આરો નહોતો. ૨૭ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ ભારત સાથેના મહારાજા જમ્મૂ-કાશ્મીરની સહીવાળા જોડાણખત પર માઉન્ટબેટને હસ્તાક્ષર કરતાં જ એમનું રાજ્ય હવે ભારત સાથે જોડાયું. સરદારે તૈયાર રાખેલી ભારતીય લશ્કરની વિમાની ટુકડીઓ શ્રીનગર માટે રવાના થઇ. ત્યાં લગી તો પાકિસ્તાની કબાઇલીઓ બારામુલ્લા સુધી આવી પહોંચ્યા હતા. આ સમયગાળામાં કાકને સ્થાને જસ્ટિસ મહેરચંદ મહાજન જમ્મૂ-કાશ્મીરના પ્રધાનમંત્રીપદે આરૂઢ હતા એટલે ભારત સાથેના જોડાણની અનુકૂળતા વધી હતી.

ભારત સાથે જમ્મૂ-કાશ્મીરના જોડાણનો યશ લેવાની ઘણા બધાની કોશિશ હોય એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના સાહિત્યમાં દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવલકર(ગુરુજી)એ ૧૭ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ વિમાન મારફત શ્રીનગર જઇને ૧૮ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ મહારાજા હરિસિંહને સમજાવી લીધા અને એ માની ગયા, એવી કથાઓ નોંધવામાં આવી છે. ગુરુજીને સરદાર પટેલે પોતાના દૂત તરીકે મોકલ્યા.[૨૪] મહારાજા અને મહારાણી ગુરુજી પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવતા હતાં. તેઓ બંને મહેલને દરવાજે જ સ્વાગત માટે ઊભાં હતાં. મહારાજાએ ગુરુજીના ચરણસ્પર્શ કરવા જેવા હાથ લંબાવ્યા, ગુરુજીએ તે પકડી લીધા. દિલ્હીમાં ૧૯ ઑક્ટોબરના રોજ ગુરુજી ગૃહમંત્રીને મળ્યા. તેમણે સરદાર પટેલને કહ્યું કે મહારાજા ભારતમાં ભળવા માટે તૈયાર છે.[૨૫] આવી કથાઓ સંદર્ભે અમે મણિબહેનની ડાયરીઓ અને અન્ય અધિકૃત સ્રોતમાં ચકાસી જોયું કે ક્યાંય ગુરુજીને સરદારે દૂત તરીકે પાઠવ્યાનો કે ગુરુજી દિલ્હીમાં સરદારને એ દિવસે મળ્યાનો ઉલ્લેખ છે કે કેમ? કમનસીબે આવી નોંધ ક્યાંય મળી નહીં. માત્ર સંઘના 'વરિષ્ઠ અધિકારીઓ' હો.વે. શેષાદ્રિલિખિત 'વિભાજનની કરુણાંતિકા' અને રંગા હરિલિખિત 'મા.સ.ગોળવલકર(શ્રીગુરુજી): જીવનચરિત્ર'માં જ એ સંદર્ભ મળે છે.

બીજો પ્રશ્ન એ પણ થાય છે કે જો મહારાજા ૧૮ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ ભારત સાથે ભળવા તૈયાર થઇ ગયા હોય, તો ૨૨ ઑક્ટોબર પહેલાં વિલયપત્ર કે જોડાણખતને અંતિમ સ્વરૂપ આપી દેવાય અને પાકિસ્તાની કબાઇલીઓનું આક્રમણ શક્ય ના બને. સંઘ સાહિત્યમાં પણ ઘટનાક્રમની એકવાક્યતા નથી, એટલે એને સ્વીકારવામાં મુશ્કેલી જણાવી સ્વાભાવિક છે.

જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવામાં સરદાર પટેલ, પંડિત નેહરુ, શેખ અબ્દુલ્લા, મહારાજા હરિસિંહ, લોર્ડ માઉન્ટબેટન,વી.પી. મેનન અને ભારતીય લશ્કરની જાંબાઝ ટુકડીઓ સવિશેષ યશની અધિકારી ગણાય. જમ્મૂ-કાશ્મીરના પ્રધાનમંત્રી બન્યા પછી છાકટા થયેલા શેખ અબ્દુલ્લાને સ્વતંત્ર જમ્મૂ-કાશ્મીરના અભરખા જાગ્યા. મહારાજાને રાજ્યનિકાલ કરાવવામાં તેમને સફળતા મળી અને આખરે એમના મિત્ર નેહરુએ શેખને ૧૯૫૩માં પદભ્રષ્ટ કરી બંદી બનાવવા પડ્યા. આ ઘટના કૉંગ્રેસી ધારાસભ્ય, હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ, નેહરુ સરકારમાં ઉદ્યોગપ્રધાન અને જનસંઘ (ભાજપના પૂર્વઅવતાર)ના સંસ્થાપક અધ્યક્ષ રહેલા ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીના શેખ અબ્દુલ્લાની કેદમાં મૃત્યુ પછી બની હતી.

## ૨

'હિંદુ રાષ્ટ્ર'ના ખ્યાલને 'પાગલોં કા ખ્યાલ' ગણાવનાર સરદાર વલ્લભભાઇ પટેલે ભારતને હિંદુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, જૈન વગેરે સૌનો દેશ ગણવાનું અને હિંદુ-મુસ્લિમ એકતા પર ભાર મૂકવાનું પસંદ કર્યું

છે. સરદારને હિંદુવાદી નેતા ગણાવવા ઇચ્છુકો આ મહામાનવને કેટલો અન્યાય કરી રહ્યા છે એ સમજી શકાય છે. સરદાર કાયમ પોતાને હિંદુસ્તાનની સેવા કરનાર અદના સૈનિક તરીકે જ નિહાળતા હતા અને જીવનના અંત સુધી એ જ ઓળખ ટકાવવા ઇચ્છુક હતા.[૨૬] તેમના શબ્દો હતાઃ 'જ્યાં લગી ભારતના તંત્ર પર મારું ચલણ છે ત્યાં લગી ભારતને હિંદુરાષ્ટ્ર બનવા નહીં દઉં.'[૨૭]

દેશની લઘુમતી કોમો માટેના વિશેષાધિકારો સરદાર પટેલને આભારી છે એવું કહીએ ત્યારે એમાં અતિશયોક્તિ નથી, કારણ સરદાર પટેલ બંધારણને ઘડતી વેળા લઘુમતીઓની સલાહકાર સમિતિના અધ્યક્ષ હતા. એ સમિતિના અહેવાલને વાંચનારને ખ્યાલ આવશે કે સરદાર તમામ નાતજાત માટે કેવો સમભાવ ધરાવતા હતા. જોકે એમનું માનવું હતું 'હું નાતજાતને ભૂલી ગયેલો માણસ છું.આખું હિંદુસ્તાન મારું ગામ છે. અઢારે વરણ(વર્ણ) મારાં ભાઇભાંડુ છે.'[૨૮]

પોતાના જ વતન કરમસદમાં માનપત્ર મેળવતાં સરદાર જ કહી શકે કે ગુલામોને વળી કુળ કેવાં? ''અમે મોટા ગામના છીએ એવું મિથ્યાભિમાન, અમે ઊંચા કુળના છીએ એવું મિથ્યાભિમાન, આપણે છોડવું જોઇએ. ગુલામોને વળી કુળ કેવાં? જેમણે સરકારની ખુશામત કરેલી, પોતાના સમાજનું નુકસાન કરીને સરકારને મદદ કરેલી, એમને દેસાઇગીરીઓ મળેલી. એનું અભિમાન શું?... જે સેવા કરે અને જે ચારિત્ર્યવાન હોય એ જ સાચા કુળવાન છે.''[૨૯]

લખનઊમાં ૬ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સરદારે મુસ્લિમોને બે નાવ કે બે ઘોડાની સવારી કરવાને બદલે એકની પસંદગી કરી લેવાની સલાહ આપી ત્યારે મૌલાના આઝાદ સહિતનાએ મહાત્મા ગાંધી સુધી એની ફરિયાદ કરી. બાપુએ સરદાર વતી બચાવ કરવો પડ્યો કે એ આખાબોલા છે, પણ મનમાં પાપ રાખતા નથી. સરદાર કહે કે બાપુ, મને આ બધી ઝંઝટમાંથી છૂટો કરો. ક્યાં લગી તમે મારી વતી ખુલાસા કરતા રહેશો? વાસ્તવમાં સરદારે મુસ્લિમોને ભારત કે પાકિસ્તાન બેમાંથી એકની પસંદગી કરી લેવાની સલાહ આપી હતી.લખનઊના એમના ભાષણમાં એમણે વારંવાર પોતાને મુસ્લિમોના સાચા મિત્ર-હમદર્દ ગણાવ્યા હતા. 'હું સ્પષ્ટ શબ્દોમાં કહેનાર છું. હું હિંદુ અને મુસલમાન બંનેને સમાન રીતે કડવી વાતો કરું છું. મેં કહ્યું છે તેમ હું મુસલમાનોનો મિત્ર છું.'[૩૦]

ઉદ્યોગપતિ બી.એમ.બિરલાએ સરદારને સવાલ કર્યો કે હવે મુસલમાનોને તો એમનું પાકિસ્તાન મળી ગયું તો આપણે હવે આપણા દેશનું નામ 'હિંદુસ્તાન' કરી ના દેવું જોઇએ? ખિન્ન સરદારે આ દેશ માત્ર હિંદુઓનો જ નહીં, તમામ ધર્મો અને વર્ગોના લોકોનો હોવાની શીખ બિરલાને ગૂંજે બંધાવી હતી. એમના મતે હિંદુ અને મુસ્લિમ ભેગા મળીને જ આ દેશને મહાન બનાવી શકે છે. એટલે જ સરદાર પટેલ રાજાજીના કે હિંદુવાદીઓના તમામ મુસ્લિમોને પાકિસ્તાન મોકલી દેવાના અને ત્યાંથી તમામ હિંદુઓને ભારતમાં સ્થળાંતરિત કરવાના વિચાર સાથે સંમત નહોતા.

અહિંસાને મારગ ચાલવા સંકલ્પબદ્ધ સરદાર પટેલ હિંસાના માર્ગે આઝાદીને સદાય અપવિત્ર લેખતા હતા. બ્રિટિશ શાસન સામે લડવા માટે યુવાક્રાંતિકારીઓને 'ત્રાસવાદના સંપ્રદાય'(કલ્ટ ઑફ ટૅરરિઝમ) માટે પ્રેરિત કરનાર કે હિંદુ જાગૃતિનું આક્રમક નવમોજું પ્રસરાવવા આતુર વિનાયક દામોદર સાવરકર[૩૧] ના સરદારને પસંદ હતા કે ના એમના સમર્થકોને. મહાત્મા ગાંધીની હત્યા પાછળ સાવરકરપ્રેરિત હિંદુ મહાસભાવાદીઓનો હાથ હોવાનો સરદારનો દૃઢ મત હતો. સાવરકરવાદીઓ ગાંધીજી અને કૉંગ્રેસને ભાગલાના પાપી ગણતા હતા.

ભારતના ભાગલાનો અપયશ લેવાનું સરદાર પટેલને કબૂલ-મંજૂર હતું કારણ હળાહળને પણ પી જાણનાર એમનું મહાન વ્યક્તિત્વ હતું. હિંદુવાદીઓ મહાત્મા ગાંધી અને કૉંગ્રેસને શિરે ભાગલાનો દોષ નાંખવાની હીન પ્રવૃત્તિમાં રમમાણ હતા ત્યારે સરદારે કહ્યું હતુંઃ ''લોકો કહે છે કે ભારતનું વિભાજન કૉંગ્રેસે કર્યું. આ સત્ય છે. અમે લોકોએ આ જવાબદારી સારી રીતે વિચાર્યા પછી લીધી છે, કોઇ ભય કે દબાણને કારણે નહીં. હું તો ભારતના વિભાજનનો પ્રબળ વિરોધી હતો, પરંતુ કેન્દ્ર સરકારમાં મુસ્લિમ લીગ સાથેના અનુભવ પછી વિભાજન માટે સહમત થવું પડ્યું.''[૩૨] વચગાળાની કેન્દ્ર સરકારમાં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ સાથે હતાં, પણ નાણાં ખાતું મુસ્લિમ લીગ પાસે હતું. એટલે સરકારના કૉંગ્રેસી પ્રધાનો પટાવાળાની નિમણૂક પણ નહીં કરી શકવા જેવી વિવશતા અનુભવતા હતા. એવા સંજોગોમાં 'મુસ્લિમ લીગની મનોવૃત્તિ અને મુસ્લિમ લીગ સમર્થક સરકારી અધિકારીઓના વલણથી ભારતનું વિભાજન અનિવાર્ય બની ગયું હતું.'[૩૩] સરદારનું કહેવું હતુંઃ ''વિભાજનનો પ્રબળ વિરોધ કર્યા છતાં હવે હું એ માટે સહમત થઇ ગયો, કારણ કે મેં અનુભવ્યું કે ભારતની એકતા જાળવી રાખવા માટે વિભાજન (એટલે કે ભારત અને પાકિસ્તાન) થઇ

જવું જોઈએ.''[૩૪] સરદાર ઝીણા અને પાકિસ્તાનના વિચારના વિરોધી હતા અને એટલા માત્રથી એમને મુસ્લિમવિરોધી ચીતરવા અનુચિત છે.

મૂળભૂત રીતે નાસ્તિક અને બૉમ્બ સંસ્કૃતિના ક્રાંતિકારી માર્ગે અંગ્રેજો સામે લડત ચલાવવાના સમર્થક એવા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને બ્રિટિશ સરકારે ગુપચૂપ ફાંસી આપી દીધી. એ જ અરસામાં માર્ચ ૧૯૩૧ દરમિયાન કરાંચી ખાતે કૉંગ્રેસના ૪૫મા અધિવેશનના અધ્યક્ષપદે સરદાર પટેલ હતા. ગાંધીજી સહિતનાનો વિરોધ દર્શાવતા યુવકોએ તેમને કાળાં ફૂલ આપ્યાં હતાં અને વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ગાંધીજીએ ભગતસિંહ સહિતના ક્રાંતિકારીઓના બચાવમાં કાર્યવાહી નહીં કર્યાના આક્ષેપ સાથે વાતાવરણ તંગ હતું. આવા તબક્કે સરદારે અધ્યક્ષપદેથી કરેલા પ્રવચનના અંશ ખૂબ સૂચક અને અહિંસાના તેમના પરના પ્રભાવના દ્યોતક છેઃ

''નવજવાન ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને થોડા જ દિવસ ઉપર ફાંસી મળી છે. તેથી દેશને પારાવાર ઉકળાટ થયો છે. એ યુવકોની કાર્યપદ્ધતિની સાથે મારે નિસબત નથી. બીજા કોઈ પણ હેતુને માટે ખૂન કરવું તેના કરતાં દેશને માટે કરવું એ ઓછું નિંદ્ય છે એમ હું માનતો નથી, છતાં ભગતસિંહ અને સાથીઓની દેશભક્તિ, હિંમત અને બલિદાન આગળ મારું શિર ઝૂકે છે. આ યુવાનોને થયેલી ફાંસીની સજા બદલીને દેશનિકાલ કરવામાં આવે એવી લગભગ આખા દેશની માંગણી છતાં સરકારે એમને ફાંસી દઈ દીધી છે, એ હાલનું રાજતંત્ર કેટલું હૃદયશૂન્ય છે તે પ્રગટ કરે છે.''[૩૫]

આજકાલની યુવાપેઢી ગાંધીજીની અહિંસાની વિભાવનાને સમજ્યા વિના એની ઠેકડી ઉડાવતી જોવા મળે છે. સત્તાધીશો પણ ગાંધીના નામને વટાવીને હિંસક માર્ગને અપનાવનારા ક્રાંતિકારીઓને લોકનાયક તરીકે આગળ ધરી રહ્યા હોય ત્યારે સમગ્ર દેશ સામે ખતરાની ઘંટડી વાગે છે. આજના આવા સંજોગોમાં ગાંધીના આદર્શોને આચરણમાં લાવનાર એટલે કે 'ગાંધીની થિયરીને ઍપ્લાઈડ સ્વરૂપ આપનાર' સરદાર પટેલે કહ્યું છેઃ ''એ વસ્તુ નિર્વિવાદ છે કે અહિંસાનો સામુદાયિક પ્રયોગ એ હવે સ્વપ્નદર્શીનું સ્વપ્ન કે માનવીનો મિથ્યા મનોરથ નથી રહ્યો, પણ સાચી સિદ્ધ વસ્તુ છે, એમ હિંદુસ્તાને જગતની આગળ પ્રગટ કરી દીધું છે. આજ સુધી માનવજાત હિંસાની દેવી બનાવીને બેઠી હતી. એથી અકળાતી હતી, પણ અહિંસાની સફળતા વિશે એને શ્રદ્ધા નહોતી.''[૩૬]

ગાંધીજી અને એમના ગાંધી વિચારના વૈશ્વિક પ્રભાવને જોતાં સરદારની ભવિષ્યવાણી સાચી પડતી જોવા મળે છે, પરંતુ ઘરઆંગણે જ અહિંસા અને હિંસા વચ્ચેની ભેદરેખાની વિભાવના આબાલવૃદ્ધોમાં વધુ સ્પષ્ટ કરવાની આજે તાતી જરૂર છે.

૩

પાકિસ્તાન સાથે જોડાણ કરનાર જૂનાગઢને આરઝી હકૂમતના માધ્યમથી ભારત સાથે જોડવાના અને 'ઑપરેશન પોલો' થકી ભારતના પેટની વચ્ચોવચ કેન્સર સમું અલ્સર બની રહેનારા હૈદરાબાદને ભારતમાં સમાવી લેવાના સરદાર પટેલના વ્યૂહને બિરદાવવા પડે. જો કે જૂનાગઢ અને હૈદરાબાદમાં શાસક મુસ્લિમ અને બહુમતી પ્રજા હિંદુ હતી. એથી વિપરીત જમ્મૂ-કાશ્મીરમાં શાસક હિંદુ અને બહુમતી પ્રજા મુસ્લિમ હતી. ધાર્મિક ઉન્માદ પર આધારિત પાકિસ્તાનના સર્જનના એ દિવસોમાં કૉંગ્રેસ હિંદુ પાર્ટી અને સૌથી પ્રભાવી ગણાતી હતી, છતાં એની સર્વધર્મસમભાવની નીતિ ભારતની બહુમતી પ્રજામાં સ્વીકૃત બની હતી. હિંદુ મહાસભા હિંદુ હિતની વાત કરીને બંગાળ, સિંધ કે પંજાબમાં કૉંગ્રેસના ૧૯૪૨ના 'હિંદ છોડો'ના દિવસો દરમિયાન મુસ્લિમ લીગ સાથે સરકારોમાં સામેલ થઈ શકી એ ઐતિહાસિક સત્ય કે તથ્યને અનુકૂળતાએ હિંદુવાદીઓ ભૂલાવી દે છે.

ઑગસ્ટ ૧૯૪૨માં 'હિંદ છોડો'ની કૉંગ્રેસની હાકલ અને સરકારમાં નહીં જોડાવાની નીતિએ સર્જેલા ખાલીપાને ભરવા માટે મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાનાં જોડાણ પ્રાંતિક સરકારોમાં જોવા મળ્યાં હતાં. હિંદુ મહાસભાના ડૉ.શ્યામા પ્રસાદ મુકરજી, પક્ષનેતા સ્વાતંત્ર્યવીર સાવરકરના આશીર્વાદ સાથે, બંગાળમાં ફઝલુલ હકની સરકારમાં નાણાંમંત્રી હતા. આ એ જ ફઝલુલ હક જેમણે માર્ચ ૧૯૪૦માં મુસ્લિમ લીગના લાહોર અધિવેશનમાં મોહમ્મદ અલી ઝીણાના ઈશારે પાકિસ્તાન ઠરાવ રજૂ કર્યો હતો! સિંધમાં મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાની મિશ્ર સરકાર વખતે ધારાસભામાં પાકિસ્તાનની રચનાના ઠરાવના ટેકામાં બહુમતી ધારાસભ્યો હતા અને હિંદુ મહાસભાના સભ્યોના મૂકપ્રેક્ષક વલણ વચ્ચે ઠરાવ મંજૂર થયો હતો.

આવા રાજકીય વિરોધાભાસો સમયાંતરે જોવા મળતા હોય છે. સરદાર પટેલ રિયાસત ખાતાના પ્રધાન તરીકે વધુને વધુ દેશી રાજ્યોને ભારત સાથે જોડવા મથી રહ્યા હતા, ત્યારે મુસ્લિમ નવાબો-શાસકો કરતાં હિંદુ રાજા-મહારાજાઓ થકી જે પ્રકારનું વર્તન કરવામાં આવ્યું એ ચોંકાવી દે તેવું હતું. અંગ્રેજો તો ૫૬૫ જેટલાં રજવાડાંને

સ્વતંત્રતા આપીને સમગ્ર બ્રિટિશ ભારતના બે હિસ્સા ભારત સંઘ અને પાકિસ્તાન સંઘનાં વિભાજનો પછી વિદાય થવાના હતા. ૧૪ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ઝીણાનું પાકિસ્તાન અસ્તિત્વમાં આવવાનું હતું. 'મારા મૃત શરીર પર ભાગલા થશે' એવું કહેનાર મહાત્મા ગાંધી ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ દિલ્હીમાં આઝાદીના જશ્નને બદલે નોઆખલીમાં કોમી એખલાસને પુનર્સ્થાપિત કરવાની મથામણ સાથે કલકત્તામાં વિષાદપર્વમાં હતા. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ની તારીખ પહેલાં સૌથી વધુ દેશી રાજ્યોને પોતાની સાથેની જોડવા માટે ઝીણા અને સરદાર પટેલ દિલ્હીમાં રહીને જ રાજા-મહારાજાઓ અને નવાબોને મળી રહ્યા હતા. ક્યારેક તો નવાનગર-જામનગરના જામ સાહેબને ઝીણાને ત્યાં જતાં રીતસર અપહરણ કરીને સરદાર પટેલને ત્યાં લઇ આવવા પડ્યા હતા. એકવાર સરદારને જે મળ્યા એ એમના થઈને રહ્યા. સામે પક્ષે ઝીણા કોરો કાગળ ધરીને 'તમારી શરતો લખો' એવી ઑફર સાથે પાકિસ્તાન સાથે જોડાવા માટે હિંદુ રાજાઓને પણ લલચાવી રહ્યા હતા. જોકે સરદારની વિશ્વસનીયતાની સામે ઝીણાની ખંધાઇ-લુચ્ચાઇ એમનો ભરોસો કરવામાં રાજવીઓને દ્વિધામાં મૂકતી હતી. ૧૧ જૂન ૧૯૪૭ના રોજ ત્રાવણકોરના મહારાજાએ પોતાના રાજયને સ્વતંત્ર જાહેર કરીને કરાંચીમાં પોતાના વ્યાપાર-દૂતને પણ પાઠવી દીધો હતો.[૩૭]

આવા તબક્કે નરેશ મંડળના વડા(ચાન્સેલર) ભોપાલના નવાબ હમીદુલ્લાખાન હિંદુ મહારાજાઓને આંતરીને ઝીણાના વાડામાં લાવવાની રમત રમી રહ્યા હતા. મહારાજાઓ પણ વધુમાં વધુ લાભ ખાટવાની પેરવીમાં 'ભોપાલ યોજના'નો હિસ્સો બની રહ્યા હતા.ઘણા રાજવીઓના સલાહકાર રહેલા ક.મા.મુનશીલિખિત 'પિલ્ગ્રીમેજ ટુ ફ્રીડમ(૧૯૦૨-૧૯૪૦)'[૩૮]માં રાજા-મહારાજાઓની આ કવાયતનાં હકીકતલક્ષી અને રસાળ વર્ણન છે. ભોપાલના નવાબની ચાલમાં ઈન્દોરના મહારાજા હોલકર, વડોદરાના મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડ ઉપરાંત જોધપુર અને બિકાનેરના મહારાજા તેમજ જેસલમેરના મહારાજકુમાર બરાબરના ફસાયા અને લલચાયા. જોકે મેવાડના સિસોદિયા વંશના રાજવી મહારાણા પ્રતાપના વંશજ મહારાણા ભુપાલસિંહે ભોપાલ યોજના હેઠળ ઝીણાના પાકિસ્તાન સાથે જોડાયા માટે થનગની રહેલા હિંદુ મહારાજાઓની ચાલને ઊંધી વાળી. બંને પગ બાળપણથી ટીબીને કારણે અવિકસિત રહેતાં ભુપાલસિંહને ઊંચકીને ઘોડે બેસાડી નીચેથી બેઉ પગ બાંધી દેવા પડતા હતા,પરંતુ એમનું મગજ ખૂબ તેજ હતું. વિચાર રાષ્ટ્રવાદી હતા. મુનશીએ એમના નોંધેલા શબ્દો કાંઈક આવા હતાઃ ''મારી પસંદગી તો મારા પૂર્વજોએ કરી જ રાખેલી છે. એમણે સોદાબાજી કરી હોત તો આજના હૈદરાબાદ(સૌથી મોટા રજવાડા) કરતાં પણ મોટું રજવાડું અમને વારસામાં આપતા ગયા હોત. એમણે એવું કર્યું નહીં, અને હું પણ એવું કરવાનો નથી. હું ભારત સાથે જ રહીશ.''[૩૯] નવાનગરના રાજવી જામસાહેબ સૌરાષ્ટ્રનાં રજવાડાંના નેતા તરીકે માઉન્ટ આબુ પર બેઠક કરીને બેડી બંદરના વિકાસની આડશે ઝીણા સાથે સોદાબાજી કરવાની વેતરણમાં હતા, પણ સરદાર પટેલ અને ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહે એમની બાજી પણ ઊંધી વાળી. પછી જામ સાહેબ તો સરદારના એવા વિશ્વાસુ બની ગયા કે દેશના બીજા રાજવીઓને ભારત સંઘમાં જોડાવા માટે પ્રેરિત કરવા ઉપરાંત રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીક સમા સોમનાથના જીર્ણોદ્ધારના સરદાર પટેલના સ્વપ્નને સાકાર કરવામાં તન, મન અને ધનથી ક.મા.મુનશી સાથે જોડાઇ ગયા.

**સમાપનઃ**

ગાંધીજીએ પણ કહેવું પડતું હતું કે મને સરદાર ના મળ્યા હોત તો હું જે કરી શક્યો એ કરવાનું મારા માટે શક્ય બનત નહીં. સરદાર વિરાટ અને બહુમુખી પ્રતિભા ધરાવતા હતા એટલું જ નહીં, આજીવન સાદગીભર્યું જીવન જીવવાની સાથે જ રાષ્ટ્રને જ સમર્પિત રહ્યા. આઝાદ કાશ્મીર રેડિયો પરથી વિરોધીઓ દ્વારા ક્યારેક એમને મુસ્લિમ વિરોધી અને ભારતના ડિક્ટેટર ગણાવવામાં આવતા હતા,[૪૦] પરંતુ સરદાર પટેલનું વ્યક્તિત્વ ભારતના હિતની સદૈવ ખેવના કરનારું સર્વસમાવેશક હતું. એમના વ્યક્તિત્વનાં અનેક પાસાંમાંથી થોડાંક જ અહીં ચર્ચી શકાયાં છે, પરંતુ એટલું જરૂર કહી શકાય કે વલ્લભભાઈએ જે ક્ષેત્રમાં જે કાંઇ કામ કર્યું એ નિષ્ઠાપૂર્વક અને સમાજના વિશાળહિતમાં કર્યું. અન્યથા કરોડપતિ ઉદ્યોગપતિઓના મિત્ર લેખાતા સરદારનું નિધન થયું ત્યારે તેમના બચત ખાતામાં માંડ ૨૬૨ રૂપિયા ના હોત!

સામાન્ય પ્રજાજન, દલિત-આદિવાસી કે મજૂર વર્ગને પણ પોતીકા લાગતા સરદાર પટેલ સમાજના પ્રત્યેક વર્ગને પોતીકા લાગતા હતા. મારી દૃષ્ટિએ એમના જીવનસંદેશને સંક્ષિપ્તમાં વર્ણવવો હોય તો આટલું જ કહી શકાયઃ સત્ય બોલવાની હિંમત દાખવો, ગાંધીજીને અભિપ્રેત અહિંસાને અનુસરો અને નીડર બનો.

**સંદર્ભઃ**

૧. વિ-વિદ્યાનગર, જાન્યુઆરી ૨૦૧૨, સળંગ અંકઃ ૪૮૩, ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર, પૃ. iii.

૨. Durga Das (Ed.), Sardar Patel's Correspondence 1945-50 Vol.I, New Light on Kashmir, Navjivan Publishing House, Ahmedabad, 1971, p.Iiv.

૩. Ibid, p. xIiii.

૪. Ibid, p. Iiv.

૫. Ibid p. Iiii.

૬. Ibid.

૭. ઉ.ન. ઢેબર, સરદાર પટેલ, સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ સોસાયટી, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૫, પૃ.૧૯.

૮. પૂર્વોક્ત, પૃ.૯.

૯. Das, p. Ixxiv.

૧૦. Ibid.

૧૧. Ibid.

૧૨. Harbans Singh, Maharaja Hari Singh: The Troubled Years, Brahaspati Publication, New Delhi, 2nd Ed. 2011, p.8.

૧૩. ક.મા. મુનશી, કુલપતિના પત્રો, ભારતીય વિદ્યાભવન-ગૂર્જર, મુંબઇ-અમદાવાદ, ૧૯૮૮, પૃ. ૪૨૧.

૧૪. धनराज डाहाट, डॉ. अम्बेडकर और कश्मीर समस्या, गौतम बुक सेन्टर, दिल्ली, प्र.आ.२००९, पृ. ५२-५३.

૧૫. V.P. Menon, Integration of the Indian States, Orient Longman, Hyderabad, 1995, p.394.

૧૬. ઉર્વીશ કોઠારી, સરદારઃ સાચો માણસ, સાચી વાત, સત્ય મીડિયા, અમદાવાદ, પ્ર.આ.-૨૦૦૫, પૃ. ૫૪.

૧૭. Singh, p. 298.

૧૮. डाहाट, पूर्वोक्त, पृ. ९.

૧૯. Singh, p. 88.

૨૦. વી.શંકર (સંપા.) સરદાર પટેલઃ પસંદ કરેલો પત્રવ્યવહાર ૧૯૪૫-૧૯૫૦, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૧, પૃ. ૨૧૫.

૨૧. સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ (સંપા.) સરદારની વિચાર સૃષ્ટિ, કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક બાબતો, ગાંધીનગર, ૨૦૦૧, પૃ. ૩૦૩.

૨૨. પૂર્વોક્ત.

૨૩. Das, p.45.

૨૪. રંગા હરિ, મા.સ. ગોળવલકર (શ્રી ગુરુજી)ઃ જીવન ચરિત્ર, ભારતીય વિચારમંચ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૧, પૃ. ૧૨૪.

૨૫. હો.વે. શેષાદ્રિ, વિભાજનની કરુણાંતિકા, સાધના પુસ્તક પ્રકાશન, કર્ણાવતી (અમદાવાદ), પ્ર.આ. ૧૯૯૭, પૃ. ૨૪૦.

૨૬. PN Chopra (Ed.), The Collected Works of Sardar Vallabhbhai Patel Vol.XIV, Konark Publishers, New Delhi, 1999, p. 75.

૨૭. Neerja Singh, Nehru-Patel, National Book Trust, New Delhi, F.E.: 2010, p. 35.

૨૮. વિ-વિદ્યાનગર, ડિસેમ્બર ૨૦૧૧, સળંગ અંક-૪૮૨, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર, પૃ.૧૨.

૨૯. નરહરિ દ્વા. પરીખ, ઉત્તમચંદ દી. શાહ (સંપા.) સરદાર વલ્લભભાઇનાં ભાષણો (૧૯૧૮ થી ૧૯૪૭) નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ફેબ્રુઆરી ૨૦૧૩, પૃ. ૪૪૬.

૩૦. प्रभा चोपडा (सं.), सरदार पटेलः भारत विभाजन, प्रभात प्रकाशन, दिल्ली, प्र.सं., २०१०, पृ. २८२.

૩૧. K.M. Munshi, Pilgrimage to Freedom (1902-1950), Vol.I, Bharatiya Vidya Bhavan, Bombay, F.E. 1966 p. 69.

૩૨. परीख शाह (संपा.), पूर्वोक्त, पृ. २०४.

૩૩. चोपडा (सं.), पूर्वोक्त, पृ. ५३.

૩૪. पूर्वोक्त.

૩૫. પરીખ, શાહ (સંપા.) પૂર્વોક્ત, પૃ. ૧૮૬.

૩૬. પૂર્વોક્ત, પૃ. ૧૮૭.

૩૭. Munshi, p. 165.

૩૮. Ibid.

૩૯. Ibid, p. 168.

૪૦. Das, pp. 260-261.

(નિયામક અને પ્રાધ્યાપકઃ ચારુતર વિદ્યામંડળ સંચાલિત સૅન્ટર ફૉર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑન લાઇફ ઍન્ડ વર્ક્સ ઑફ સરદાર વલ્લભભાઇ પટેલ-સૅરલિપ, સીવીએમ બંગલો-૧૮, ભાઇકાકા લાઇબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦ જિ. આણંદ ઇ-મેઇલઃharidesai@gmail.com મોઃ ૯૮૯૮૫૪૩૮૮૧)

**આપણાં શહેરો નથી શહેરોમાં કે નથી ગામડામાં. શહેરોમાં વસવા છતાં અડધા લોકો ગ્રામજીવન ગાળતા હોય છે.**

**- સરદાર પટેલ**

# સરદાર વલ્લભભાઈ પટેલનું જેલજીવન

દિવ્યેશ આર. પટેલ

**સારાંશ :**

આઝાદી માટે પોતાનું સર્વસ્વ દેશસેવામાં સમર્પિત કરનાર સરદાર પટેલ જેવા મહાપુરુષમાં નેતૃત્વના ગુણો જોવા મળે છે. જયારથી તેઓ ગાંધીજીને પોતાના ગુરુ માન્યા ત્યારથી તેમણે સર્વસ્વ ત્યજી દેશસેવાના કામમાં જોડાયા. અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ, ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ રેલસંકટ અને પ્લેગના રોગ નિવારણના કાર્યોમાં તેમનું સેવાભાવી અને સફળ વ્યકિતત્વ દીપી ઊઠે છે.

બહુમુખી પ્રતિભા ધરાવતા સરદાર પટેલના જીવનમાં વિવિધ પ્રસંગોએ જેલવાસ ભોગવવો પડ્યો. સમગ્ર જેલજીવન સ્વાતંત્ર્યપ્રાપ્તિના પ્રયાસોના ભાગરૂપ હતું. ગાંધીજીએ ઉપાડેલી સવિનય કાનૂનન ભંગની લડતના ભાગરૂપે સરદાર પટેલને રાસ ગામે ભાષણ ન કર્યું હોવા છતાં પણ ભાષણ કરવાના ગુન્હા હેઠળ ૭ માર્ચ ૧૯૩૦ ના રોજ ધરપકડ કરવામાં આવી. સાબરમતી જેલમાં પૂરવામાં આવ્યા. અહીંથી તેમની જેલયાત્રા શરૂ થાય છે. ત્યાર પછી તેઓ અનેકવાર લાંબો સમય યરવડા, નાસિક, અને અહમદનગર કિલ્લામાં જેલવાસ ભોગવતા રહ્યા. જેલવાસ દરમિયાન સરદારનું વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રગટ થતું રહ્યું છે.

**ચાવીરૂપ શબ્દો :**

સરદાર પટેલ, ગાંધીજી, મહાદેવ દેસાઈ, સાબરમતી જેલ, યરવડા જેલ, અહમદ નગર જેલ, જેલ ડાયરી.

**પ્રસ્તાવના :**

સરદાર પટેલનું સાચું સ્વરૂપ સત્યાગ્રહીનું હોવાથી તેમણે વારંવાર જેલવાસ ભોગવવો પડેલો. ૧૯૧૭માં ખેડા સત્યાગ્રહથી શરૂ કરીને ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ સુધીના એક દશકા સુધી સરદાર ગુજરાતનાં કામોમાં રોકાયા. સરદાર પટેલ માત્ર ગુજરાતના હતા એવું તો ના કહી શકાય પરંતુ ગુજરાત પ્રત્યે તેમને વિશેષ રુચિ હતી. સરદાર પટેલ લોક કેળવણી, રચનાત્મક કાર્યો પ્રાંતિક સમિતિનું સંચાલન, સત્યાગ્રહોની નેતાગીરી, અન્ય સેવાભાવી કાર્યો અને ગાંધી વિચારોના પ્રચાર કાર્યોમાં વ્યસ્ત રહ્યા.

અનેક સફળ સત્યાગ્રહોના સંચાલક હોવા છતાં પણ બ્રિટિશ સરકાર તેમને ઘણીવાર પકડી શકી ન હતી. બ્રિટિશ સરકારને એ ભય હતો કે જો આપણે સરદારને પકડીશું તો સત્યાગ્રહની જવાળા ભભૂકી ઊઠશે. તેની ચિનગારી આખા ભારતને સળગાવી મૂકશે અને પરિસ્થિતિ કાબૂમાં નહીં આવે. એટલે આ ડરના લીધે તેમને પકડવાનું મહદઅંશે ટાળતા. સરદાર પટેલ મજાકમાં કહેતા કે મારા હાથમાં જેલની રેખા જ નથી.[૧] આ વાત સાચી જણાતી હોય તેમ બારડોલી સત્યાગ્રહ વખતે તેમની આગેવાની હેઠળ કામ કરતા સાથીઓ રવિશંકર મહારાજ, મોહનલાલ પંડયા, ઈમામ સાહેબ જેવા કાર્યકર્તાઓને પકડયા પણ સરદાર પટેલને પકડી શકયા નહીં.

૧૯૨૯માં જયારે લાહોરમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે તેના પ્રમુખપદે જવાહરલાલ નેહરુની પસંદગી થઈ. તે જ ક્ષણે જવાહરલાલ નેહરુએ પૂર્ણ સ્વતંત્રતાની જાહેરાત કરી. ઈન્કિલાબ ઝિન્દાબાદના નારાથી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠયું. લાહોરમાં જવાહરલાલે ઉચ્ચારેલું એક વાકય યાદગાર બની ગયું. સફળતા ઘણીવાર જેઓ હિંમત કરીને પગલું ભરે છે તેમને મળે છે. પરિણામોથી હંમેશ ડરતા રહેતા ભીરુ લોકોને ભાગ્યે જ મળે છે.[૨] જવાહરલાલના આ વિચારોને પગલે સરદાર પટેલે પણ મનોમન નકકી કરી લીધું હતું કે પૂર્ણ સ્વરાજયની લડત અગાઉની લડતો કરતાં ઘણી જુદી થવાની છે. સાબરમતી આશ્રમમાં ફેબ્રુઆરીની ૧૪મીએ મળેલી કોંગ્રેસની કારોબારી બેઠકમાં મહાત્મા ગાંધીએ મીઠાના અન્યાયી કાયદા સામે સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરવાનું નકકી કર્યું. ૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ સાબરમતી આશ્રમથી ૭૮ સાથીઓ સાથે પગપાળા યાત્રા શરૂ કરી. સુરત જિલ્લાના દરિયાકાંઠે આવેલા દાંડી ગામે જઈ મીઠાના કાયદાનો ભંગ કરી મીઠું ઉપાડશે એવી જાહેરાત થઈ. ત્યારે માર્ગમાં આવતાં ગામડાઓમાં પહેલાંથી તૈયારી માટે સરદાર પટેલ જ એ તરફ ઉપડયા. ૭મી માર્ચના રોજ સરદાર પટેલે ખેડા જિલ્લાના કાર્યકર્તાઓની વિનંતીથી મહી કાંઠે આવેલા કંકાપુર ગામે સભાનું આયોજન કર્યું હતું. સરદાર પટેલ બોરસદથી મોટરમાં કંકાપુર જવા નીકળ્યા ત્યારે રસ્તામાં રાસ ગામે મુકામ થયો. ત્યાંના લોકોના આગ્રહને વશ થઈ સરદાર પટેલે ભાષણ કરવાની તૈયારી બતાવી. એ પહેલાં ૧૯૩૦ની જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન સરકારે એક યા બીજી રીતે અનેકોની ધરપકડ કરવા માંડી હતી. અંગ્રેજ સરકારને ગાંધીજી કરતાં પણ વધુ ડર સરદારનો રહેતો હતો. સરકારને પોતાની ભૂલ સ્પષ્ટ પણે દેખાઈ આવતી હતી. સરદાર પટેલે આખા ગુજરાતમાં સત્યાગ્રહ

માટેની ભૂમિકા તો અનેક ભાષણો દ્વારા તૈયાર કરી હતી. રાસ ગામે હજારો માણસોની વચ્ચે સરદાર પટેલ ભાષણ કરવા ઊભા થયા તે પહેલાં જ મેજિસ્ટ્રેટે પોલીસ સાથે સભાસ્થાને પહોંચી સરદારને ભાષણ નહીં કરવાની નોટિસ આપી, છતાં પણ સરદાર પટેલે ભાષણ કરવાની તૈયારી દર્શાવતાં તેમની ધરપકડ કરવામાં આવી. બોરસદની કોર્ટમાં કેસ ચલાવ્યા બાદ તાબડતોબ સરદાર પટેલને સાબરમતી જેલમાં લઇ જવામાં આવ્યા. રસ્તામાં સાબરમતી આશ્રમમાં દશેક મિનિટ રોકાયા એ સમયે આચાર્ય કૃપાલાનીએ સરદારને કહ્યું કે આખરે આમ બાપુને દગો દઇને આગળ જાઓ છો ને ?[૩] ત્યારે સરદાર પટેલ હસતાં હસતાં આચાર્ય કૃપાલાનીને કહે છે કે દગો તો સરકારે દીધો. બોરસદમાં મને પકડવાના છે એમ જાણ્યું હોત તો હું જાત જ શા સારુ ?[૪] આમ ૧૯૩૦ના આંદોલન સમયે સરદાર પટેલનું જેલમુહૂર્ત થયું એમ કહી શકાય.

૧

સરદાર પટેલ સાબરમતી જેલમાં કેદી નં.૧૫૭૧૦ તરીકે ઓળખાતા હતા. તે સમયે સરદાર કોઇ રાજદ્વારી કેદી ન હોવાથી તેમને અલગ એવી અંધારી કોટડીમાં રાખવામાં આવ્યા હતા. આ ઓરડી એવી હતી કે બારણાં બંધ કરે ત્યારે નાનકડી જાળીમાંથી પ્રકાશ અંદર આવે. સરદાર પટેલને દાતણ, ન્હાવા અને શૌચ માટે બહાર કાઢતા. બાકીનો વખત પૂરી રાખતા હતા. જયારે તેમનું વજન માપવામાં આવ્યું ત્યારે ૧૪૬ રતલ થયું અને ઊંચાઇ ૫-૫.૫'' જેટલી થઇ. પાછા ફરતી વખતે સરદાર પટેલને બીજી બેરેકમાં લઇ જવામાં આવ્યા. બહાર તો જુવેનાઇલ હેબિચ્યુઅલ નંબર ૧૨ એવું નામ આપવામાં આવ્યું હતું. પરંતુ અંદર તો પાંચ બુઢ્ઢા કેદીઓ અને એક આધેડ વયનો ભંગી કેદી પણ હતો. પાંચ કેદીઓમાં ઉત્તર બોદાલનો ચમાર, બીજો કટોસણનો બારૈયો, ત્રીજો ઉત્તર હિન્દુસ્તાનનો રખડતો સાધુ ડાકોરથી પકડી આણેલો, ચોથો ઉત્તર હિન્દુસ્તાનનો ભૈયો, મુંબઇથી પકડાયેલો. પાંચમો ઉત્તર હિન્દુસ્તાનનો બુઢ્ઢો મુસલમાન.[૫] આ બધાની સાથે સરદાર પટેલને રાખવામાં આવ્યા. તેમનો આ પ્રથમ જેલ અનુભવ. તે પણ આવો જલદ હતો.

સરદાર પટેલ સાબરમતી જેલમાં સતત પ્રવૃત્તિશીલ રહેતા હતા. કાંતણ પ્રવૃત્તિ, વાંચન પ્રવૃત્તિ, નિત્યક્રમ મુજબ ભજનાવલિ અને જેલમાં પણ કેદીઓના ખોરાકની સુધારણાની પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેતા. સાથે સાથે સમયની અનુકૂળતાએ પોતાના જેલજીવનની ડાયરી પણ લખી. ગાંધીજીએ જેમ પોતાના જીવનકાળ દરમ્યાન પોતાની આત્મકથા લખી તેવી જ રીતે સરદાર પટેલે જેલવાસના સમયગાળા (૭-૩-૧૯૩૦ થી ૨૨-૪-૧૯૩૦) દરમ્યાન ૪૫ દિવસની ડાયરી લખી, જે એમનો લખવાનો પ્રથમ અનુભવ કહી શકાય. સાબરમતી જેલજીવન દરમ્યાન તેની દિનચર્ચાનો ખ્યાલ તેમણે લખેલ ડાયરી, સરદાર પટેલને મળીને આવ્યા પછી મહાદેવભાઇ દેસાઇએ લખેલા લેખો અને થોડા સમય પછી સરદાર પટેલ સાથે જેલમાં રહેવા આવેલ રવિશંકર મહારાજનાં સંભારણાં પરથી જાણવા મળે છે.

સરદાર પટેલ ૨૬ જૂન ૧૯૪૦ના રોજ પહેલો જેલવાસ પૂરો કરી બહાર આવ્યા ત્યારે દેશની પરિસ્થિતિથી તેઓ વાકેફ હતા. ગાંધીજી, નેહરુ જેવા નેતાઓ જેલમાં હતા. મોતીલાલ નેહરુ, કોંગ્રેસના કામચલાઉ પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળતા હતા. ગુજરાતમાં કોઇ આગેવાન કાર્યકર્તા છૂટો ન હતો. સરદાર પટેલ જેલમાંથી છૂટયા ત્યારે તેમનું સ્વાગત કરવા માટે અમદાવાદમાં એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું. સરદારે પ્રજાને તેમના ઉત્સાહ, ઉમંગ, અડગ હિંમત અને અપૂર્વ શાંતિ માટે મુબારકબાદી આપી. વધુમાં તેમણે પોતાના જેલના અનુભવ વિશે કહ્યું કે, જો કોઇ એમ કહે કે જેલમાં દુઃખ છે તો તમે માનતા જ નહીં. ત્યાં તો પરમ ચેન છે, ને તે વળી રોજના ચાર પૈસામાં જ. એ ચાર પૈસાના ખર્ચમાં જેલમાં જેટલું સુખ મળે છે તેટલું બહાર નથી.[૬]

ગાંધીજીએ સવિનય કાનૂનભંગની લડત માટે શરૂ કરેલી દાંડીયાત્રા પછી છઠ્ઠી એપ્રિલે સવારે દાંડી ગામના દરિયાકિનારે ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો ભંગ કર્યો. સવિનય કાનૂનભંગની આ લડત વખતે અનેક દેશસેવકો અને સત્યાગ્રહીઓને પકડી જેલમાં પૂરવામાં આવ્યા. જવાહરલાલની ગેરહાજરીમાં કોંગ્રેસનું સુકાન સંભાળનાર મોતીલાલ નેહરુ (જવાહરલાલના પિતા)ની પણ ૩૦ જૂનના રોજ ધરપકડ કરવામાં આવી. તેથી કોંગ્રેસનું સુકાન સરદાર પટેલના હાથમાં આવ્યું. સરકારે કોંગ્રેસ સંબંધી તમામ સમિતિઓને ગેરકાયદેસર ગણી તાળાં માર્યાં. પંડિત મદન મોહન માલવિયા આ બધું શાંત ચિત્તે જોતા હતા. તેમનું લોહી પણ ઉકળી ઊઠયું. તેમણે કારોબારી સમિતિના સભ્ય થવા માંગણી કરી, જે સરદાર પટેલે સ્વીકારી. કોંગ્રેસની સંસ્થાને ગેરકાયદેસર ગણવાના સરકારના પગલાથી સરદાર કોપ્રિત થયા. તેમણે જાહેરમાં કહ્યું કે, દેશનું એક એક ઘર કોંગ્રેસ કચેરી બની જાય અને દરેક નાગરિક પોતાને કોંગ્રેસ સમજતો થાય.[૭] કોંગ્રેસના

કાર્યક્રમને વેગથી આગળ ધપાવવા સરદાર પટેલે જોરશોરથી પ્રચારકાર્ય ચલાવ્યું. એમણે કેટલીય જાહેર સભાઓમાં ભાષણો કરી પ્રજાને જાગૃત રાખી. એક બાજુ લડત અને સરકારી દમનગીરી ચાલુ હતી અને બીજી બાજુ સમાધાનના પ્રયત્નો. એ જ વખતે સરદાર પટેલને ફરી પકડયા. વાત એ હતી કે ૩૧મી જુલાઇના રોજ ટિળક મહારાજની ૧૦મી પુણ્યતિથિ ઉજવવા મુંબઇ પ્રાંતિક કોંગ્રેસનાં ડિરેકટર શ્રીમતી હંસાબહેન મહેતાની આગેવાની નીચે સરઘસ નીકળ્યું. કોંગ્રેસ કારોબારીની બેઠક મુંબઇમાં ચાલતી હોવાથી સરદાર પટેલ અને તેના અન્ય કેટલાક સભ્યો સાથે હતા. સરકારે તેમના ઉપર લાઠીચાર્જ શરૂ કર્યો. અનેક લોકોની ધરપકડ કરવામાં આવી. તેમાં સરદાર પટેલને ત્રણ માસની જેલની સજા કરી યરવડા જેલમાં લઇ જવામાં આવ્યા. એ સમયે ગાંધીજી પણ યરવડા જેલમાં હતા. ત્રણ મહિનાની સજા પૂરી કરી સરદાર પટેલ બહાર આવ્યા, પરંતુ એ સમયે દેશની પરિસ્થિતિ ખૂબ વિકટ હતી. ઠેર-ઠેર નાકરની લડત ચાલુ હતી એવા સમયે સરકારે સરદારને ભાષણ કરવાની મનાઇ ફરમાવી. પરંતુ સરદાર પટેલ પીછેહઠ કરે એવા ન હતા. જેલમાંથી છૂટતાં જ મુંબઇમાં ખાદી ભંડારના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે ભાષણ કર્યું. તેથી તેમની ધરપકડ કરી નવ માસની નજરકેદની સજા કરવામાં આવી.

૨

ગાંધીજી અને સરદાર પટેલનું સુખદ મિલન યરવડા જેલમાં થયું હતું. આ સમયે સરદાર પટેલને ગાંધીજી સાથે સોળ માસ રહેવાનો અવસર મળ્યો. થોડા સમય પછી મહાદેવ દેસાઇ પણ તેમની સાથે જોડાયા હતા. સરદાર પટેલને ગાંધીજી સાથે લાંબો વખત રહેવાનો સમય પહેલાં ખેડા સત્યાગ્રહ વખતે મળ્યો હતો. અને ત્યાર પછી આ બીજો એવો સમય હતો કે આ બન્ને મહાનુભાવો એક સાથે આટલો લાંબો વખત રહ્યા. યરવડા જેલમાં સરદારે ગાંધીજીની ખૂબજ પ્રેમાળ હૃદયે સેવાચાકરી કરી. ગાંધીજી અને સરદાર વચ્ચે ગુરુ શિષ્યના સંબંધો સ્થાપિત થઇ ગયા. પછી એક શિષ્ય અને સૈનિક તરીકે તેમના આદર્શોને અનુસરવાનો નિયમ બની ગયો હતો. ગાંધીજી જયારે યરવડા જેલમાંથી છૂટયા ત્યારે જેલમાં કરેલી સેવા અંગે ગાંધીજીએ કહ્યું હતું કે જેલમાં સરદાર વલ્લભભાઇ સાથે રહેવાનું મળ્યું એ એક મોટો લહાવો હતો. તેમની અદ્વિતીય શૂરવીરતા અને જવલંત દેશપ્રીતિની તો મને ખબર હતી, પણ આ સોળ મહિના તેમની સાથે જે રીતે રહેવાનું સદ્‌ભાગ્ય મને સાંપડયું તેવી રીતે કદી હું તેમની સાથે રહ્યો નથી. તેમણે પ્રેમથી મને જે રીતે તરબોળ કર્યો છે. તેથી તો મારી વહાલી માતાનું સ્મરણ થઇ આવતું. તેમનામાં આવા માતાના ગુણો હશે તે તો હું જાણતો જ નહોતો.[૮] સોળ માસના જેલવાસથી ગાંધીજીને સરદારની સેવાનો સુઅવસર પ્રાપ્ત થયો હતો. સરદાર પોતે ગાંધીજી જેવા મહાન તપસ્વી મહાત્માના શિષ્ય થવાને લાયક નથી એમ ઘણીવાર કહેતા, પરંતુ યરવડા જેલના સહવાસે બંને વચ્ચેના પ્રેમ સંબંધને પ્રગાઢ બનાવ્યો. સરદાર પટેલ ગાંધીજીનાં કામ ખૂબ ઝીણવટ અને ભકિતભાવપૂર્વક કરતા હતા.

યરવડા જેલમાં સરદાર પટેલ, ગાંધીજી અને મહાદેવ દેસાઇ વચ્ચે કયારેક હળવી રમૂજ અને હાસ્યવિનોદ ચાલતો જ રહેતો હતો. તેના સંદર્ભે અહીં એક પ્રસંગનો ઉલ્લેખ કરવો જ રહ્યો. જયારે સરદાર પટેલ બાપુ માટે દાતણ કૂટી રહ્યા હતા ત્યારે તેમણે મહાદેવભાઇ દેસાઇને કહ્યું હતું કે ગણ્યા ગાંઠયા દાંત રહ્યા છે તો પણ બાપુ ઘસ-ઘસ કરે છે. પોલું હોય તો ઠીક પણ સાંબેલું વગાડ-વગાડ કરે છે.[૯] સામે છેડેથી મહાદેવભાઇ દેસાઇ પણ જવાબ આપતાં ઉમેરે છે કે ૧૯૩૦માં આપણું સાંબેલું તો સાબેલું, પણ વગાડ્યું સરસ.[૧૦] આમ જેલવાસના કઠિન સમયગાળામાં પણ સરદાર પટેલની ગમ્મતો ચાલુ જ રહેતી હતી. યરવડા જેલમાં સરદારની સાથે ગાંધીજી, મહાદેવભાઇ દેસાઇ, કાકાસાહેબ કાલેલકર, છગનલાલ જોષી, કસ્તુરબા વગેરેની વચ્ચે આત્મીયતા વધુ ગાઢ બની હતી.

૧૯૩૩ના ઓગસ્ટની પહેલી તારીખે સરદારને યરવડાથી નાસિક જેલમાં લઇ જવામાં આવ્યા. બીજી બાજુ અમદાવાદમાં ૩૧મી જુલાઇની રાત્રે આશ્રમમાંથી ગાંધીજી અને તેમના ત્રીસ જેટલા સાથીઓને પકડવામાં આવ્યા હતા. ઓગસ્ટની બીજીએ ગાંધીજી અને મહાદેવભાઇ દેસાઇને યરવડા જેલમાં લઇ જવામાં આવ્યા. ત્યારે ત્યાં નહોતા છગનલાલ જોષી કે નહોતા સરદાર પટેલ. જેલના ચોગાનમાં દાખલ થતાંની સાથે જ ગાંધીજીની આંખો સરદારને શોધવા લાગી. સરદાર પટેલને યરવડા જેલમાં જે બેરેકમાં રાખવામાં આવ્યા હતા તે બંધ હતી એટલે ગાંધીજી મહાદેવભાઇ દેસાઇ સામે જોઇને ભારે અવાજે બોલ્યા: 'માળો જેમનો તેમ છે. પણ પંખી ઊડી ગયાં છે'.[૧૧] સરદાર પટેલ અને છગનલાલ જોષી યરવડા જેલમાં ન દેખાયા તેથી તેમને ઉદ્દેશીને ગાંધીજી ઉપર મુજબનું વાકય ઉચ્ચારે છે. જેલના સત્તાવાળાએ ગાંધીજીને એમ કહ્યું કે સરદારને નાકના ઓપરેશન માટે મુંબઇ લઇ જવામાં આવ્યા છે. પણ થોડા દિવસ પછી ખબર પડી કે આ વાત ખોટી હતી અને તેમને નાસિકની જેલમાં લઇ જવામાં

આવ્યા હતા.

સરદાર પટેલ જેલમાં હતા ત્યારે તેમને બે મોટા આઘાત લાગ્યા. માતા લાડબા અને મોટાભાઈ વિઠ્ઠલભાઈના મૃત્યુના. વિઠ્ઠલભાઈનો મૃતદેહ સ્વિટ્ઝર્લેન્ડથી મુંબઈ લાવવામાં આવ્યો ત્યારે કેટલાક લોકોએ સરદાર પટેલને અંતિમક્રિયા કરવા માટે છોડવાની વિનંતી કરી. જવાબમાં સરકારે કેટલીક શરતોએ આ કામ પૂરતા સરદારને છોડવાની તૈયારી બતાવી. શરત એ હતી કે તેઓ બહાર હોય ત્યારે પોતે કોઈપણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહીં લે એવી બાંહેધરી સરદારે આપવાની અને અંતિમ ક્રિયા પતી ગયા પછી અમુક નિશ્ચિત જગ્યાએ જણાવેલ સમયે સરદાર પટેલે હાજર થઈ જવું. સરદાર વલ્લભભાઈ પટેલ એવી કોઈ બાંહેધરી આપવા તૈયાર ન હતા. સરદારે જણાવ્યું કે આવી કોઈ પણ શરતે હું બહાર જવા ઈચ્છતો નથી. તમારે મને છોડવો હોય તો બિનશરતે છોડો અને જયારે ફરી પકડવો હોય ત્યારે હું જયાં હોઉ ત્યાંથી મને પકડી શકો છો, પણ હું મારી મેળે પોલીસને હવાલે થવા માગતો નથી. આ પ્રસંગે બહાર મારી ઘણી જરૂર છે. એ હું જાણું છું પણ આબરૂ અથવા સ્વમાન ભોગે મારે બહાર જવું નથી.[૧૨] સરદાર પટેલે સ્વમાનના ભોગે પેરોલ સ્વીકારી નહીં અને તેમના પુત્ર ડાહ્યાભાઈના હાથે વિઠ્ઠલભાઈના મૃતદેહનો અગ્નિદાહ આપવામાં આવ્યો.

ઈ.સ.૧૯૩૨ની શરૂઆતમાં પકડાયેલા રાજકીય કેદીઓને સરકારે ધીમે-ધીમે છોડવાની શરૂઆત કરી. ૧૯૩૪માં સરદાર પટેલને જેલમાંથી છોડવામાં આવ્યા. નાકની અસહ્ય પીડાને પરિણામે ઓપરેશન કરાવી ફરી પાછા સેવા કાર્યમાં જોતરાયા. નાસિક જેલમાંથી છૂટયા બાદ જાણે કે સેવાકાર્ય એમની રાહ જોતાં હોય તેમ બોરસદમાં ફાટી નીકળેલ પ્લેગ નિવારણ કાર્યમાં અદમ્ય સાહસ દાખવી લોકોની સેવા કરી. ઈ.સ.૧૯૪૦ના ગાળામાં સ્વરાજ મેળવવા માટે લોકોમાં ચેતનવંતા પ્રાણ ફૂંકવા માટે ઠેર-ઠેર જાહેર સભાઓ અને વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં. ગાંધીજી અંગ્રેજ સરકારની સામે સ્વતંત્રતા માટેની ચોકકસ બાંહેધરી મેળવવા માટે વ્યકિતગત સત્યાગ્રહ શરૂ કરે છે, ત્યારે સરદાર પટેલની આગેવાની અને તેમનાં તેજાબી ભાષણોનો દોર ફરીથી શરૂ થાય છે. એટલે અંગ્રેજ સરકાર ફરીથી તેમની ધરપકડ કરી પહેલાં અમદાવાદની જેલમાં અને ત્યારબાદ પૂનાની યરવડા જેલમાં લઈ જાય છે. યરવડા જેલમાં સરદાર પટેલને આંતરડાની ગંભીર બીમારી લાગુ પડતાં ૨૦મી ઓગસ્ટ ૧૯૪૧ના રોજ તેમને જેલમાંથી મુકત કરવામાં આવ્યા. આ સમયે અમદાવાદમાં કોમી હુલ્લડોએ બરાબર જોર પકડયું હતું. જેલમાંથી છૂટતાંની સાથે જ સરદાર પટેલે જાહેર સભાઓ યોજી અમદાવાદના કોમી હુલ્લડને વખોડી કાઢ્યું. કોમી-એકતા માટે વાદ-વિવાદોને નાબૂદ કરવા તેઓ કામે લાગી ગયા. લોકોની એકતા સ્વરાજ માટે ખૂબજ જરૂરી છે, એવું સરદાર પટેલ ખૂબ સારી રીતે જાણતા હતા.

૩

ઈ.સ.૧૯૪૨માં મુંબઈમાં કોંગ્રેસની કારોબારીની બેઠકમાં 'ભારત છોડો' ઠરાવ પસાર કરવામાં આવ્યો. ઓગસ્ટ મહિનામાં હિન્દ છોડોનું આંદોલન વ્યાપક બન્યું. પૂરા દેશમાં 'અંગ્રેજો ભારત છોડો'ના નારા ગૂંજતા થયા અને લોકોમાં આઝાદીની આશા પ્રગટી. સરદાર પટેલને ૧૯૩૩માં લાગુ પડેલી આંતરડાની બીમારી દિવસે ને દિવસે વધતી હોવા છતાં પણ એની અવગણના કરી હિન્દ છોડોના આંદોલનમાં તેમણે ઝંપલાવ્યું. ગાંધીજીની આગેવાની હેઠળ આ કામ ખૂબ જ પૂરજોશમાં ચાલતું હતું. ઠેર-ઠેર જાહેર સભા અને આકરાં ભાષણો શરૂ થવા લાગ્યાં. આખા દેશમાં જાણે ઉત્સાહનો સાગર ઉમટયો હોય તેમ વાતાવરણ હિલોળા લેતું હતું. ૮મી ઓગસ્ટના રોજ મુંબઈમાં મળેલી કોંગ્રેસ કારોબારીની બેઠકમાં હિંદ છોડોનો ઠરાવ ભારે બહુમતીથી પસાર કરવામાં આવ્યો. બીજા જ દિવસે સરદાર અને કોંગ્રેસ કારોબારીના સભ્યોની હિંદ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરવામાં આવી. તેમના ઉપર કોઈપણ જાતનો કેસ ચલાવ્યા વગર તેમને અહમદનગરના કિલ્લામાં કેદ કરવામાં આવ્યા. આ એક અભૂતપૂર્વ ઘટના હતી. આ પહેલાં આખીયે કારોબારીની એકજ સ્થળે અટકાયત થઈ હોય એવું કદી બન્યું ન હતું. સરદાર પટેલની સાથે અહમદનગરના કિલ્લામાં જે સાથીઓ હતા, તેમાં મૌલાના અબુલ કલામ આઝાદ, જવાહરલાલ નેહરુ, આચાર્ય કૃપાલાની, ગોવિંદ વલ્લભ પંત, આચાર્ય નરેન્દ્ર દેવ, ડૉ. પટ્ટાભિ સીતારામૈયા, શંકરરાવ દેવ, ડૉ. સૈયદ મહમૂદ, પ્રફુલ્લચંદ ઘોષ, અસફઅલી અને હરેકૃષ્ણ મહેતાબ.[૧૩] આ બધા નેતાઓને અહમદનગરની જેલમાં રાખવાનો મુખ્ય આશય એ હતો કે બહારના લોકોને તેમના કારાવાસની જગ્યાની ખબર ન પડે. બીજી કોઈ જેલમાં રાખવામાં આવ્યા હોત તો તેઓનો લોકસંપર્ક થયા વિના રહી શકે એમ ન હતો. પણ તેમને લશ્કરી નજર સમક્ષ રાખવામાં આવે તો લોકસંપર્ક અટકાવી શકાય.

અહમદનગરના જેલ જીવન અંગે સરદારે કશી નોંધ કરી ન હતી અને ત્યાંથી છૂટયા બાદ પણ વધારે કશું કહ્યું નહીં, પરંતુ તેમના સાથીઓએ લખેલાં જેલનાં સંભારણાં પરથી સરદાર પટેલની દિનચર્યાનો ખ્યાલ આવે

છે. સરદાર પટેલ અહમદનગરની જેલમાં હતા, તે વખતે તેમને મહાદેવભાઇ દેસાઇના અવસાનના સમાચાર જાણવા મળે છે, ત્યારે સરદાર પટેલ ખૂબ આઘાતમાં સરી પડે છે. બીજા સાથીઓ પણ શોકમાં ડૂબી જાય છે. સરદાર પટેલનું દુઃખ તેમણે અહમદનગરના કિલ્લામાંથી તા.૧૨-૯-૧૯૪૨ ના રોજ ગાંધીજીને લખેલ પત્ર દ્વારા જાણવા મળે છે. આ બધા નેતાઓ જેલમાં હતા ત્યારે બહાર લોકોમાં આક્રોશ સ્પષ્ટ દેખાઇ આવતો હતો. સરકારના દમનનો તે બરાબર સામનો કરતા હતા. બીજી બાજુ વિશ્વયુદ્ધ આગળ વધતું જતું હતું. ઇ.સ.૧૯૪૫માં જર્મનીએ શરણાગતિ સ્વીકારી લેતાં પરિસ્થિતિમાં ધીમે ધીમે સુધારો થતો જોવા મળ્યો. આ સમયે બ્રિટનનો લોકમત ભારતની સ્વતંત્રતાની તરફેણમાં હતો. લોર્ડ વેવેલને પણ લાગતું હતું કે હવે વધુ સમય ભારતને બળજબરીપૂર્વક બ્રિટિશ શાસન હેઠળ રાખી શકાશે નહીં. એટલે એ પણ રાજકીયક્ષેત્રે પ્રગતિ થાય એમ ઇચ્છતા હતા. એમના આગ્રહને પરિણામે તેમને ૧૯૪૫ના માર્ચ મહિનામાં ચર્ચા કરવા લંડન બોલાવ્યા. નવી સરકાર સાથે મંત્રણા કરી વેવેલ પાંચમી જૂને ભારત પાછા આવ્યા અને ૧૪મી જૂને એમની એ બ્રિટનની સભામાં જાહેરાત કરવામાં આવી કે ભારતના નેતાઓને મુકત કરવામાં આવશે અને રાજકીય પ્રગતિ અંગે વાટાઘાટો કરવામાં આવશે અને બીજે દિવસે (૧૫મી જૂન) કારોબારીના બધા સભ્યોને જેલમાંથી મુકત કરવામાં આવ્યા. ૧૯૪૨ની ૯મી ઓગસ્ટે પકડાયેલા સરદાર પટેલ લગભગ ૩૪ મહિના જેટલો લાંબો અંતિમ જેલવાસ કાપી ૧૫ જૂન ૧૯૪૫ના રોજ જેલમુકત થાય છે. જેલવાસમાંથી બીજા જ વર્ષે વચગાળાની સરકારના પ્રધાનપદને કારણે મહેલવાસી થયા છતાં સરદારે કાયમ સાદગીભર્યું જીવન જાળવી રાખ્યું.

**સમાપન :**

જેલ એટલે મહાપુરુષોને ઘડનારું સર્જન સ્થળ. સરદાર પટેલના જીવનમાં જેલયાત્રા ખૂબ મોડી શરૂ થઇ. ૧૯૩૦નું દેશવ્યાપી આંદોલન જયારે ગાંધીજીએ શરૂ કર્યું તે વખતે રાસ ગામેથી સરદાર પટેલની ધરપકડ કરવામાં આવી અને જેલજીવનની શરૂઆત થઇ. સરદાર પટેલે પોતાના સમગ્ર જેલજીવન દરમ્યાન આવી પડેલી અનેક સમસ્યાનો હિંમતભેર અને સફળતાપૂર્વક સામનો કર્યો. ગાંધીજીના રંગમાં રંગાયા પછી નફા-તોટાનો પ્રશ્ન જ કયાં? એમ વિચાર કરી પોતાનું સર્વસ્વ દેશને સમર્પિત કર્યું. અંતે તો એટલું જ કહી શકાય કે સરદાર પટેલનો સમગ્ર જેલવાસ ઘણો કઠિન હોવા છતાં તેમણે હસતાં મોંએ દેશ માટે સહન કરવાની તૈયારી બતાવી. જેલ હોય કે મહેલ, સરદાર કાયમ મહાત્મા ગાંધીના અદના સૈનિક તરીકે જીવનની અંતિમ ક્ષણ સુધી ભગવદ્‌ગીતામાં પ્રબોધેલા સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોને અનુસરતાં રાષ્ટ્રને સમર્પિત રહ્યા. સંભવતઃ એટલે જ આજે પણ દેશવાસીઓના દિલોદિમાગમાં સરદાર હૃદયસ્થ છે.

**પાદનોંધ :**


૧. અંબેલાલ એન.જોષી, રાષ્ટ્ર વલ્લભ સરદાર વલ્લભભાઇ પટેલ, સહકારી પ્રકાશન લિમિટેડ, મુંબઇ, ૧૯૪૮, પૃ.૮૪.

૨. યશવંત દોશી, સફળ નેતૃત્વની કથાઃ સરદાર વલ્લભભાઇ પટેલનું જીવન ચરિત્ર ભાગ-૧, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૨, પૃ.૨૬૩.

૩. એજન, પૃ.૨૭૦.

૪. એજન, પૃ.૨૭૦.

૫. સરદારની જેલડાયરી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૭૫, પૃ.૯.

૬. નરહરિ દ્વારકાદાસ પરીખ, ઉત્તમચંદ દીપચંદ શાહ (સંપા.), સરદાર વલ્લભભાઇનાં ભાષણો (૧૯૧૮-૧૯૪૭), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૩, પૃ.,૧૭૦, ૧૭૧.

૭. રાજમોહન ગાંધી, સરદાર પટેલઃ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૦, પૃ.૧૯૨.

૮. દોશી, ભાગ-૧, પૂર્વોકત પૃ.૩૨૩.

૯. મહેશભાઇ એમ.ત્રિવેદી, સરદાર અને બાપુ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૦, પૃ.૭૮, ૭૯.

૧૦. એજન, પૃ.૭૯.

૧૧. એજન, પૃ.૮૧.

૧૨. મુકુલ કલાર્થી, બાળકોના સરદાર, સરદાર વલ્લભભાઇ મેમોરિયલ સોસાયટી, અમદાવાદ, ૨૦૦૬, પૃ.૫૭.

૧૩. દોશી, ભાગ-૨, પૂર્વોકત, પૃ.૨૦૩.



(પીએચ.ડી.ના શોધાર્થી, સૅન્ટર ફૉર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઇફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ-સૅરલિપ, ભાઇકાકા લાઇબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ જિ. આણંદ મો:૯૪૨૭૭૮૩૫૭૪ ઇ-મેઇલ:divyeshpatel5568@gmail.com)

# બાળલગ્નના વિરોધી સરદાર પટેલ

કલ્પેશ આર. ચૌધરી

**સારાંશ:**

૧૯મી અને ૨૦મી સદીમાં ભારતીય સમાજમાં અનેક પ્રકારના કુરિવાજો હતા. તેમાં બાળલગ્ન પ્રથા એ પણ ભારતીય સમાજને દૂષિત કરતો કુરિવાજ હતો. બાળલગ્ન પ્રથાને કારણે નાની ઉંમરમાં છોકરા-છોકરીના લગ્ન કરી દેવામાં આવતાં હતાં. આ પ્રથાએ ૧૯મા સૈકાથી ભારતીય સમાજમાં વધુ પ્રભાવ પાથરવાનું ચાલુ કર્યું હતું. અને છેક આજદિન સુધી આ પ્રથા ભારતના નાના મોટા અમુક સમાજોમાં યથાવત રીતે જોવા મળે છે. હાલ વર્તમાનપત્રોમાં પણ કન્યાને થતા અન્યાયોની ઘટનાઓ અવાર-નવાર છપાતી રહે છે ત્યારે તે બાળલગ્ન પ્રથા વિશેની કડવી વાસ્તવિકતા દર્શાવે છે. ઘણી સંસ્થાઓ આવા કુરિવાજોની નાબૂદી માટે કાર્ય કરે છે, છતાં સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે. ગાંધીજીથી પ્રભાવિત સરદાર પટેલ બાળલગ્નો સામે જનજાગૃતિ માટે સદા પ્રયત્નશીલ રહ્યા. ભારત સરકાર જનજાગૃતિ માટે સદા પ્રયત્નશીલ રહી કન્યાઓ સમાજમાં આગળ આવે તેવા પ્રયત્ન કરે છે. આઝાદીની લડતના દિવસોમાં સરદાર પટેલે બાળલગ્નપ્રથા જેવા કુરિવાજને નાબૂદ કરવા માટે દરેક કોમ-જાતિના લોકોને બાળક-બાળકીનાં લગ્ન નાની ઉંમરે ન કરવાની સલાહ આપી હતી. તેમણે ભાષણો અને જનસંપર્ક દ્વારા આ બાબતમાં લોકજાગૃતિનું કાર્ય કર્યું હતું.

**ચાવીરૂપ શબ્દો:**

સરદાર પટેલ, ગાંધીજી, રાજા રામમોહનરાય, બહેરામજી મલબારી, નર્મદ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દલપતરામ, કેશવચંદ્ર સેન, જ્યોતિબા ફૂલે, મહાદેવ ગોવિંદ રાનડે, સારડા એક્ટ, હિન્દુ મેરેજ એક્ટ, બાળલગ્ન પ્રતિબંધક ધારો.

**પ્રસ્તાવના:**

ભારતમાં ૧૯ મી અને ૨૦ મી સદીમાં અનેક પ્રકારની સામાજિક કુરૂઢિઓ પ્રચલિત હતી. તેમાંનાં અનેક દૂષણો ભારતીય સંસ્કૃતિમાં ઘર કરી ગયાં હતાં. સતીપ્રથા, બાળહત્યા કરવાની પ્રથા, બહુપત્નીત્વ, વિધવા-વિવાહની મનાઇ, દહેજપ્રથા, ઘૂંઘટ પ્રથા, કડક જ્ઞાતિપ્રથા, ઊંચ-નીચના ભેદભાવ, અસ્પૃશ્યતા, ગુલામી, નિરક્ષરતા, કન્યા કેળવણીનો અભાવ; આ બધા કુરિવાજોની સાથે બાળલગ્ન પ્રથા એ ૧૯ અને ૨૦મી સદીના ભારતનાં સામાજિક દૂષણોમાં ખૂબ મોટું દૂષણ હતું. બાળલગ્ન પ્રથા એટલે પુખ્તવય પ્રાપ્ત થાય તે પહેલાં બાળક તથા બાળકીનાં લગ્ન કરાવી દેવાની પ્રથા હિન્દુ મેરેજ એક્ટ (હિન્દુ લગ્ન ધારો) ૧૯૭૮ મુજબ પુખ્ત વય માટે છોકરાની ઉંમર ૨૧ અને છોકરીની ઉંમર ૧૮ વર્ષની નક્કી કરાયેલી છે. આનાથી નાની ઉંમર એટલે તે બાળક ગણાય. આ ઉંમરથી ઓછી ઉંમરના લગ્નને બાળલગ્ન ગણવામાં આવે છે. જોકે કાયદાકીય જોગવાઈમાં સમયાંતરે આ ઉંમર બદલાતી રહે છે.

આ સમય દરમ્યાન કન્યાઓની સ્થિતિ ખૂબ દયાજનક હતી. સમાજમાં મોટાભાગે બાલ્યાવસ્થામાં જ છોકરા-છોકરીને પરણાવી દેવામાં આવતાં હતાં. આવાં નાનાં બાળકોને ખબર પણ હોતી નથી કે અમારી સાથે શું કરવામાં આવી રહ્યું છે તેમની અણસમજમાં જ તેમનાં લગ્ન કરી દેવામાં આવતાં હતાં.

૧

જ્યારે ભારત પર વિદેશી શાસકોનાં આક્રમણ દરમ્યાન એટલે કે આઠમી સદીમાં ભારત પર મુસલમાનોના આક્રમણને લીધે સંપત્તિ છીનવાઈ ગઇ, ધર્મગ્રંથો બાળી મૂકી શિક્ષણનો નાશ થયો, સમાજમાં ધીરે-ધીરે કુરિવાજોનો પ્રવેશ થયો. આના લીધે ભારતીય સમાજમાં ધીરે-ધીરે અજ્ઞાન અને દરિદ્રતાએ બાળલગ્નની સમસ્યાનું સર્જન કર્યું. બીજું કારણ જોઈએ તો ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી ખેતીવાડી સંભાળતાં કુટુંબો કન્યાની સંભાળ રાખવાથી બચવા માટે કન્યાનાં લગ્ન જલદી કરી દેવામાં આવતાં હતાં. કેટલાંક કુટુંબો દહેજથી બચવા આવું વલણ અપનાવતાં હતાં, તો બીજું કારણ એ છે કે પિતા અવસાન પામે ત્યારે માતા સતી થાય તેવા સંજોગોમાં નાનીવયની પુત્રી નિરાધાર ના બને તે હેતુથી તેને વહેલી પરણાવી દેવાનું વલણ હતું.[૧] આમ સમય જતાં એવું બન્યું કે કેટલાક સમાજોમાં બાળલગ્નની પ્રથા સ્થાપિત થઈ.

આવી બાળલગ્ન પ્રથાએ ધીરે-ધીરે ભારતીય સમાજમાં એવું ખરાબ સ્વરૂપ ધારણ કર્યું કે પાછલાં વર્ષોમાં એટલે કે ૧૯મી અને ૨૦મી સદીમાં ભારતીય સમાજમાં એક રિવાજ બની ગયો હતો કે બાળક-બાળકીનાં લગ્ન તો નાની ઉંમરમાં જ કરવાં. આમ આ સમય દરમ્યાન બાળલગ્નપ્રથાએ અન્ય સામાજિક કુરિવાજોની માફક સામાજિક માળખાને દૂષિત કરવા મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આ સમય દરમ્યાન બાળલગ્નનો કુરિવાજ એટલો બધો પ્રચલિત હતો કે તે સમયના લગભગ બધા સમાજોમાં

નાની ઉંમરમાં લગ્ન કરી દેવામાં આવતાં હતાં. તે સમયના અગ્રણીઓ અને સમાજસુધારકો પણ તેનાથી દૂર રહી શક્યા નહતા. તેઓ પોતે જ ઘણી નાની ઉંમરે પરણ્યા હતા અને તેમની પત્નીઓ તો વળી એથીયે નાની ઉંમરની હતી. બ્રિટિશરોએ ભારતમાં જ્યારે સત્તા કબજે કરી ત્યારે તેઓએ વહીવટી સરળતા ખાતર દેશમાં અંગ્રેજી શિક્ષણનો પાયો નાખ્યો અને અંગ્રેજી કેળવણી આપવાની શરૂઆત કરી. આ નવી કેળવણીને લીધે સમાજમાં જે દૂષણો હતા તે સમાજસુધારા આંદોલનને કારણે અન્ય કુરિવાજોની સાથે બાળલગ્ન પ્રથા સામે ઝુંબેશ ચલાવવાની શરૂઆત આ સમય દરમ્યાન પ્રબળ બનતી ગઇ.[૨] આમ નવી કેળવણીને લીધે સમાજસુધારા આંદોલનને જન્મ આપ્યો. તેના દ્વારા ૧૯મી સદીમાં કેટલાક સામાજિક સુધારકોએ આવા કુરિવાજો નાબૂદ કરવાના પ્રયત્નો કર્યા હતા જેમાં રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દલપતરામ, નર્મદ, બહેરામજી મલબારી, કેશવચંદ્ર સેન, જ્યોતિબા ફુલે, મહાદેવ ગોવિંદ રાનડે, જેવા અગ્રણી સમાજ સુધારકોએ નવા વિચારો સમાજમાં દાખલ કર્યા; જેના થકી સમાજમાં પ્રવર્તતા  કુરિવાજો સામે વિરોધ દર્શાવ્યો હતો.[૩] આના પ્રતાપે બાળલગ્ન પ્રતિબંધ માટે નવા કાયદા ઘડવામાં આવ્યા, જેમાં ૧૮૭૧માં 'બાળલગ્ન પ્રતિબંધક મંડળ'ની રચના કરવામાં આવી હતી.

સમાજમાં બાળલગ્નની પ્રથા એટલી બધી પ્રચલિત હતી કે આ સમય દરમ્યાન સમાજસુધારાના આંદોલન ઉપર દુરગામી અસર પહોંચાડતો એક ઘણો જ મહત્ત્વનો બનાવ બન્યો. ૧૮૯૦માં બંગાળમાં ફૂલમણિદાસી નામની એક ૧૧ વર્ષની બાળાને તેના પતિએ લગ્નનો હક્ક ભોગવવા માટે ફરજ પાડી આના પરિણામે છોકરીનું મૃત્યુ થયું, તેથી તેનો વિરોધ થયો. અદાલત સુધી વાત ગઇ, પરંતુ તેની કોઇ અસર થઇ નહીં, કારણ કે પીનલ કોડ પ્રમાણે લગ્નની વયમર્યાદા ૧૦ની નક્કી થયેલી હોવાથી પતિ સામે કોઇ પગલાં લઇ શકાયાં નહિ. સમાજ સુધારકોએ છોકરીની લગ્ન વયમર્યાદા વધારવા માટે આંદોલન ચલાવ્યું, જેના પરિણામે એક નવો કાયદો ૧૮૯૧નો સંમતિ વય વધારવા અંગેનો કાયદો પસાર કરવામાં આવ્યો, જેમાં સંમતિસૂચક વય ૧૦ વર્ષથી વધારીને ૧૨ વર્ષની કરવામાં આવી હતી.[૪]

આ સમય દરમ્યાન સમાજસુધારકોની લોકજાગૃતિના પરિણામ રૂપે ૧૮૯૪માં મ્હૈસૂર રાજ્યમાં બાળલગ્ન પ્રતિબંધક ધારો ઘડાયો. ૧૯૦૪માં વડોદરામાં અને ૧૯૨૭માં ઇંદોર રાજ્યમાં બાળલગ્ન પ્રતિબંધક ધારો પસાર કરવામાં આવ્યો. ધીરે-ધીરે સમાજમાં બાળલગ્નની નાબૂદી સામે જાગૃતિ આવવા લાગી. ૧૯૩૦માં સારડા એક્ટ કાયદો ઘડવામાં આવ્યો. આ બાળલગ્ન પ્રતિબંધક ધારામાં વર માટે ૧૮ અને કન્યા માટે ૧૪ વર્ષની વયમર્યાદા કરવામાં આવી. આઝાદી પછી ૧૯૫૫માં હિન્દુ મેરેજ એક્ટમાં કન્યાની વય ૧૫ની કરવામાં આવી. અને છેલ્લે હિન્દુ મેરેજ એક્ટ ૧૯૭૮ મુજબ છોકરાની વય ૨૧ અને છોકરીની વય ૧૮ વર્ષની નક્કી કરવામાં આવી છે.[૫] પરંતુ આવી બાળલગ્ન કુપ્રથા સામે કેવળ ધારા ઘડવાથી સુધારો લાવી શકાતો નથી. પરંતુ સમાજમાં જનજાગૃતિ લાવવાથી આવા સુધારાનો પ્રચાર અને અમલ શક્ય બને છે.

## ૨

૨૦મી સદી દરમ્યાન આઝાદીની ચળવળો પૂરજોશમાં ચાલતી હતી. તેની સાથે સામાજિક કુરિવાજોની નાબૂદીના પ્રયત્નો પણ ચાલતા હતા. આ સમયને ગાંધીયુગ તરીકે ઓળખવામાં આવતો હતો. આ સમય દરમ્યાન ગાંધીજીનો પ્રભાવ ભારતીય સમાજમાં જોવા મળે છે. ગાંધીજીના માર્ગદર્શન હેઠળ અને તેમનાથી પ્રભાવિત થયેલ શિષ્ય એટલે સરદાર પટેલે પણ સ્ત્રીઓની સ્થિતિ સુધારવા તેમના પર કરવામાં આવતા અપરાધ સમાન બાળલગ્ન પ્રથાનો વિરોધ કર્યો હતો. ગાંધીજી બાળલગ્ન પ્રથાના પ્રખર વિરોધી હતા. તેઓનું એવું માનવું હતું કે બાળલગ્ન પ્રથા એ સામાજિક અનિષ્ટોનું મૂળ છે. કેળવણીના અભાવે કન્યાઓ આવા લગ્નની ભોગ બની છે. તેથી ગાંધીજી તેને નૈતિક અને શારીરિક પાપ ગણતા હતા. ભારતીય સમાજમાંથી આવી કુપ્રથાને નષ્ટ કરવા માટે ગાંધીજીએ ભાષણો, સામયિકો, વર્તમાનપત્રો તેમજ પત્રવ્યવહારનો આશરો લીધો હતો. સરદાર પટેલે આવાં લોકજાગૃતિનાં કાર્યો માટે ભાષણોનું એકમાત્ર સાધન વાપર્યું હતું.[૬] ગાંધીજીએ કન્યાઓને શિક્ષણ મળી રહે તે માટેના પ્રયત્નો કર્યા હતા.

પરંતુ ભારતમાં છેલ્લે ૧૯મી અને ૨૦મી સદીમાં આ કુરિવાજોનું જોર વધી ગયું હતું. હાલ ૨૧મી સદીમાં પણ બાળલગ્ન પ્રથા ભારત દેશમાં અમુક વર્ગોમાં વત્તાઓછા પ્રમાણમાં આજે પણ આ પ્રથા જોવા મળે છે. ગુજરાતમાં પણ અમુક નીચી મનાતી જ્ઞાતિ અને પોતાને ઊંચી જ્ઞાતિના ગણાવતા સવર્ણોમાં પણ બાળલગ્ન પ્રથાએ ઘર કરી દીધું હતું. સરદાર પટેલે પણ તેમના જીવનકાળ દરમ્યાન બાળલગ્ન પ્રથામાંથી પસાર થવું પડ્યું હતું. સરદાર પટેલ પાટીદાર સમાજમાં આવતા હોવાથી આવા ઉચ્ચ ગણાતા પાટીદાર સમાજમાં પણ અનેક પ્રકારના કુરિવાજો હતા. બાળલગ્ન પ્રથાનું દૂષણ આ સમાજમાં

જોવા મળે છે. પાટીદારોમાં ૯ થી ૧૧ના વર્ષ સુધીમાં લગ્ન કરાવી દેવામાં આવતાં હતાં. પરિણામે ૪૦ દિવસથી ઉપરનાં બાળકથી લઇને અમુક નિર્ધારિત વર્ષ સુધી પુત્ર-પુત્રીનાં લગ્ન કરાવી દેવામાં આવતાં હતાં.[૭] તેથી બાળલગ્ન અને અન્ય કુરિવાજોનું જોર પાટીદાર સમાજમાં પણ વિશેષ પ્રમાણમાં જોવા મળતું હતું.

સરદાર પટેલના મોટાભાઇ વિઠ્ઠલભાઇ નવ વરસના હતા ત્યારે, તેમનાં લગ્ન સોજિત્રાનાં દિવાળીબા સાથે થઇ ગયા હતાં. સરદાર પટેલનાં લગ્ન પણ ૧૭ વર્ષની ઉંમરે ગાના ગામનાં વતની ઝવેરબા સાથે થયાં. ઝવેરબાની ઉંમર એ વખતે ૧૨ કે ૧૩ વર્ષની હતી. સરદાર પટેલને બાળલગ્નનો અનુભવ નાની ઉંમરમાં જ થઇ ગયો હતો, તેથી જયારે તેમણે રાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવી ત્યારે તેઓ જાહેર સભાઓમાં તેમનાં ભાષણોમાં બાળલગ્નપ્રથાનો વિરોધ દર્શાવતાં ખચકાયા ન હતા. સરદાર પટેલે અનેક નવયુવાન પરણિત સ્ત્રીઓનાં નાની ઉંમરે નિધન થતાં જોયા હતાં. એમની પત્નીનું ૨૯ વર્ષની વયે અવસાન થયું હતું. અને સરદાર પટેલના ભાઇઓની પત્નીઓ પણ યુવાન વયે મૃત્યુ પામી હતી.[૮] એટલે સરદાર પટેલે કન્યાનું લગ્ન ૧૮ વર્ષની વય થાય ત્યારે જ કરવું જોઇએ એવી તેમણે હિમાયત કરી હતી.

બાળલગ્ન પ્રથાનો વિરોધ દર્શાવતાં સરદાર પટેલે કહ્યું હતું કે, કિસાનોની એક મોટામાં મોટી ખોટ એ છે કે તેઓ પરંપરાગત ચાલી આવતી પ્રથાને વળગી રહીને તેમની બાળાઓના વિવાહ બહુ જ નાની ઉંમરમાં કરી નાખે છે. નાનપણમાં છોકરાઓ પરણાવી કાચી ઉંમરે તેમના પર ઘરસંસારનો બોજો લાદવો એ પોતાનાં બાળકોની હત્યા કર્યા બરાબર છે. આવા કુરિવાજોથી કિસાનોનાં બાળકોનું જીવન દિવસે દિવસે ઉતરતું જાય છે. એના માટે સરકારે બાળલગ્ન પ્રતિબંધક કાયદો પણ ઘડવો પડયો, એ આપણા માટે ઘણી શરમની વાત છે. આપણા સમાજોમાં આવી ખામીના કારણે દુનિયાભરમાં આપણી સંસ્કૃતિનું અપમાન થાય છે. આવા રિવાજોના કારણે આખી દુનિયામાં આપણું નાક કપાય જાય છે. સરદાર પટેલે ઉમેર્યું હતું કે પ્રકૃતિના નિયમો તો પશુઓ પણ પાળે છે તો પશુઓની મર્યાદાને પણ આપણે વટાવી જઇએ તો આપણે માણસ કહેવડાવાને લાયક નથી.[૯] સરદાર પટેલે સમાજમાં કરવામાં આવતાં બાળલગ્ન વિશે વિરોધ દર્શાવતાં આવા સમાજમાં બાળલગ્ન ન કરાવવા માટે ઝુંબેશ ચલાવી હતી.

જૂન-૧૯૨૭માં ધોળકા તાલુકાના ચલોડા ગામે ખેડૂતોની સભા આગળ બાળલગ્ન વિશેના ભાષણમાં જણાવ્યું હતું કે, ખેડૂત મોટામાં મોટું પાપ તો એ કરે છે કે તે નાનાં નાનાં બાળકોને પરણાવે છે. જો મારી સત્તા હોય તો બાર-તેર વર્ષની બાળાઓને જે પરણાવે તેને બંદૂકથી મારવાનો કે ફાંસીએ લટકાવવાનો કાયદો કરાવું. સરદાર પટેલે પોતાની હૃદયની વેદના ઠાલવતાં કહ્યું હતું કે ૧૪-૧૫ વર્ષની બાળાઓ માતા થાય. જેથી સંખ્યાબંધ બાળવિધવાઓ થાય. બાળલગ્નના કારણે નાની ઉંમરે બાળાઓ પર ઘરની જવાબદારી લાદી દેવામાં આવે તો આ બાળાઓ પર અત્યાચાર જ કરો છો. તમારી દીકરીઓની તમે હત્યા કરી રહ્યા છો. આ મોટામાં મોટું પાપ જ ગણાય. આ માટે તમે ખોટા ખરચા ન કરો અને સમાજમાં થતી બાળહત્યા અટકાવો અને છોકરીઓને અઢાર વર્ષની અંદર ન પરણાવો. બાળાઓ કુમળું ફૂલ છે, ખીલતી કળી છે. તેને આવી રીતે મારશો નહીં.[૧૦] સમાજમાં ચાલી રહેલાં બાળલગ્ન જેવા સામાજિક દૂષણને દૂર કરવા સરદાર પટેલે આવા કુરિવાજોને સમાજમાંથી દૂર કરવાનું સાહસ કર્યું હતું.

સરદારે સમાજના આ દૂષણ માટે શિક્ષણ પણ એટલું જ જવાબદાર છે એવું કહ્યું હતું. ૧૪-૧૧-૧૯૨૮ના રોજ બારડોલીના વરાડ ગામે જણાવ્યું હતું કે કેળવણી બે પ્રકારની છે એક કેળવણી માણસને માણસાઇનું ભાન કરાવે છે, બીજી માણસની માણસાઇ લઇ લે છે. તમારે એવી કેળવણીની જરૂર છે જેમાં તમારાં બાળક-બાળકીઓને નાની ઉંમરે પરણાવવાની સાફ ના પાડતાં હોય તેવી જ કેળવણી હું આપવા માગું છું. તમારામાં જાગૃતિ આવે અને ભગવાન તમને સદ્‌બુદ્ધિ આપે. તમારાં બાળક-બાળકીને નાનપણમાં ગુલામ બનાવો છો તેનો ત્યાગ કરો અને તેમને યોગ્ય કેળવણી આપો.[૧૧] સરદાર પટેલ કેળવણી દ્વારા સમાજમાં ચાલતા કુરિવાજોને સમાજમાંથી દૂર કરી શકાય તેના હિમાયતી હતા.

સરદાર પટેલે બાળલગ્નને ગુનો ગણાવતાં જણાવ્યું હતું કે જો કોઇ મા-બાપ કે સગા-સંબંધી પોતાના વિચારો નાની ઉંમરના છોકરા-છોકરી ઉપર બળજબરીથી ઠસાવતા જાય તો તે ગુનેગાર જ ગણાય. જે બાળકો ભલે વિચાર લાયક હોય પરંતુ સમજણનો અભાવ હોય તેવી ઉંમરે બાળકોનાં લગ્ન મા-બાપ કે સગા-સંબંધીઓ પોતાની ઇચ્છા થાય તેની સાથે કરે એ ગુનેગાર જ કહેવાય.[૧૨] ફૂલ જેવાં કુમળાં નાની ઉંમરમાં બાળકોને પરણાવવાથી કોઇ દિવસ કોઇની કોમનું કલ્યાણ થવાનું નથી અને થશે પણ નહીં. તેઓ વધારે વેદના સાથે જણાવે છે કે પ્રજા છાતી પર ગોળી ઝીલવાને તૈયાર થવાનો દાવો કરતી હોય એટલેકે લડતોમાં

આગળ પડતો ભાગ ભજવતી હોય તેવી સભ્ય વ્યકિત પોતાનાં નાના-નાના બાળકોને કેવી રીતે પરણાવી શકે.[૧૩] આ માટે સરકારે પણ એટલી જ જવાબદારી રાખવી જોઇએ. જેથી અમુક વયની ઉંમર પહેલાં છોકરા-છોકરીનાં લગ્ન ન કરી શકે. તે માટે અમુક કાયદા કરવા પડે તો જ આપણે આ કુરિવાજોને આપણા સમાજમાંથી હંમેશને માટે દૂર કરીશું અને આપણે એક સુખી સંપન્ન સમાજની રચના કરી શકીશું.[૧૪] સરદારે નાની ઉંમરમાં થતાં બાળલગ્નનો વિરોધ દર્શાવતાં તેમણે આ પ્રમાણે સમાજમાં ચાલતા પ્રચલિત કુરિવાજો પ્રત્યે ધ્યાન દોર્યું હતું. સરદાર પટેલે માત્ર સમાજનાં નીચલા વર્ગનાં કુટુંબોનું જ નહીં, પરંતુ સમાજના ઉપલા વર્ગના સવર્ણ ગણાતા સમાજને પણ બાળલગ્ન એ સામાજિક દૂષણ છે તેના વિશે જણાવ્યું હતું. એવો જ એક પ્રસંગ છે. જયારે સરદાર પટેલ ૧૯૨૯ ના ડિસેમ્બરમાં બિહારના પ્રવાસે હતા ત્યારે એક જાહેર સભામાં કોઇક બ્રાહ્મણે ઊભા થઇને સરદાર પટેલને કહ્યું; ''તમે સ્વરાજ સ્વરાજની વાતો કરો છો, પણ આપણાં બાળક-બાળકીઓને આપણી ઇચ્છા મુજબ પરણવાનું સ્વરાજ આપણી પાસે હતું તે પણ ગુમાવી બેઠા છીએ!'' આવી વાત સાંભળીને સરદાર પટેલ ખૂબ ઊકળી ઊઠયા. તેમણે કહ્યુંઃ જે બ્રાહ્મણ ઢીંગલાઢીંગલીના વિવાહ કરવાને માટે સ્મૃતિને ટાંકે છે તે બ્રાહ્મણ નહિ, પણ રાક્ષસ છે. જે મા-બાપ એ બ્રાહ્મણનું માનીને છોકરાંને લગ્નની કાળી માતાને વધેરે છે તેઓ પોતે પશુ છે. મારા હાથમાં કાયદો હોય તો હું તો એવાંને ગોળીથી ઠાર કરવાની સજા ઠરાવું.[૧૫] સરદાર પટેલે બાળલગ્ન કરાવતા સમાજમાં ખેડૂત વર્ગને જ નહીં, પરંતુ બ્રાહ્મણ જેવા સમાજમાં મહત્ત્વની નામના મેળવતા વર્ગને પણ રાક્ષસ ગણાવી બાળલગ્નની ક્રૂરતા અને પ્રતિકૂળ સામાજિક અસરો દર્શાવી છે.

**સમાપનઃ**

સરદાર પટેલ ભારતીય સમાજમાં પ્રચલિત કુરિવાજોના પ્રખર વિરોધી હતા. વર્તમાન સમયમાં એક બાજુ ભારત વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી છે, તો બીજી બાજુ કેટલાક રૂઢિચુસ્ત સમાજમાં બાળલગ્નના અંશ હજુ પણ જોવા મળે છે ત્યારે સરદાર પટેલે બાળલગ્નના દૂષણને સમાજમાંથી ઉખેડી નાખવા ભગીરથ પ્રયત્નો કર્યા હતા. ગુજરાત તેમજ ભારતીય સમાજમાં પ્રચલિત આ દૂષણ સામે તેમણે આકરા પ્રહારો કર્યા હતા. તેમના પ્રયત્નોના પરિણામે સમાજમાં ઘર કરી ગયેલાં દૂષણોમાં સુધારો જોવા મળ્યો હતો. આમ છતાં દેશના વિવિધ સમાજોમાં હજુ પણ બાળલગ્નની પરંપરા કે અખાત્રીજ વખતે સમૂહમાં બાળલગ્નો યોજવાની માન્યતા પ્રચલિત હોય ત્યારે સરદારનું બાળલગ્ન નાબૂદીનું સ્વપ્ન હજુ સાવજ અધૂરું હોવાનું જોવા મળે છે.

**પાદનોંધઃ**


૧. ધીરુભાઇ ઠાકર, ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧૩, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૯, પૃ.૪૮૦.

૨. નીરા દેસાઇ, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૯૮, પૃ. ૨૯૪.

૩. રમણલાલ કે. ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, ૨૦૧૧, પૃ.૩૪૩.

૪. દેસાઇ, પૂર્વોક્ત, પૃ. ૩૧૭.

૫. ઠાકર, પૂર્વોક્ત, પૃ. ૪૮૧.

૬. હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રવીણચંદ્ર પરીખ (સં.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૮, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ,૨૦૧૧, પૃ.૨૧૩.

૭. આર.ટી. સાવલિયા, જ.મ. મલકાણ, ગુજરાતના પાટીદારોઃ પરંપરા અને પરિવર્તન, સરદાર પટેલ ભવન, ઘાટલોડિયા, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૧૧૫.

૮. રાજમોહન ગાંધી, સરદાર પટેલઃ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૦, પૃ.૮.

૯. સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ, સરદારની વિચારસૃષ્ટિ, સરદાર પટેલ ૧૨૫ મી જન્મજયંતી ઉજવણી સમિતિ, ગાંધીનગર, ૨૦૦૧, પૃ.૧૯૩.

૧૦. નરહરિ પરીખ, ઉત્તમચંદ શાહ (સં.), સરદાર વલ્લભભાઇનાં ભાષણો, (૧૯૧૮ થી ૧૯૪૭) નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૩, પૃ.૮૨.

૧૧. જીવણજી દેસાઇ, સરદારની શીખ (સરદારના પત્રોમાંથી ઉતારા), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૬, પૃ. ૩૬.

૧૨. ભટ્ટ, પૂર્વોક્ત, પૃ. ૩૬૪.

૧૩. પરીખ, પૂર્વોક્ત, પૃ.૧૨૨.

૧૪. દોશી યશવંત, સફળ નેતૃત્વની કથા, સરદાર વલ્લભભાઇ પટેલનું જીવનચરિત્ર, ભાગ-૧, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૨, પૃ.૨૬૧.

૧૫. પરીખ, પૂર્વોક્ત, પૃ.૧૨૫.



(પીએચ.ડી.ના શોધાર્થી, સૅન્ટર ફૉર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઇફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ-સૅરલિપ, ભાઇકાકા લાઇબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ જિ. આણંદ મો:૯૯૨૫૭૭૫૪૮૮ ઇ-મેઇલ:kchaudhari564@gmail.com)

# સરદાર પટેલ અને સ્વચ્છતા

અલ્કેશ વી. ચૌધરી

**સારાંશઃ**

આજના સંદર્ભે સ્વચ્છતાને અનુલક્ષીને ગાંધીજી અને સરદારના સ્વચ્છતાના વિચારો અને કાર્યો ખૂબ જ અગત્યના છે. ગાંધીજીના માર્ગે જનાર સરદાર તેમના વિચારોને કેટલા સાર્થક કરતા હતા અને તેના માટે કેવી ફરજો બજાવી હતી તે મહત્ત્વની છે. મનની સ્વચ્છતા પણ જીવનમાં સ્થાન ધરાવે છે તેમ ગાંધીજી માનતા હતા. સરદાર પણ તેમના વિચારોને વિશેષ પ્રાધાન્ય આપી કાર્યો કરતા હતા. સ્વચ્છતાને લઈને લોકોમાં સમજણ વધે અને લોકો સ્વચ્છતાને પોતાના જીવનમાં ઊતારે તેના માટે ગાંધીજી અને તેમના કાર્યકર્તાઓ પોતે સ્વચ્છતાલક્ષી કાર્યો કરતા હતા. સરદાર સ્વચ્છતાને લઈને જાગૃત હતા. તેઓ દરેક બાબતમાં સ્વચ્છતાનો આગ્રહ રાખતા હતા. ગાંધીજી અને સરદાર બંને કોઈપણ જગ્યાએ સ્વચ્છતાની સમજ પોતે કાર્ય કરીને આપતા હતા. જેથી લોકો તેમનાથી પ્રભાવિત થઈ કાર્ય કરવા માટે ઉત્સાહિત બનતા હતા. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગાંધી-સરદારના વિચારોને કાર્યાન્વિત કરવા માટે સ્વચ્છતા અભિયાન આદર્યું છે.

**ચાવીરૂપ શબ્દોઃ**

સ્વચ્છતા, ગાંધીજી, સરદાર પટેલ, સરકાર, લોકનેતા, નરેન્દ્ર મોદી, સ્વચ્છતા અભિયાન

**પ્રસ્તાવનાઃ**

સ્વચ્છતા એ આરોગ્યની બાબતમાં ખૂબ મોટી જરૂરિયાત છે. વર્તમાન સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. તેમાં ઘણા લોકનેતાઓ અને મોટી હસ્તીઓએ સ્વચ્છતા લાવવા માટે ભાગ લીધો છે. કેટલાય એવા નેતાઓ અને હસ્તીઓએ અભિનય જ કર્યો છે. દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને તેમના અનુયાયી લોખંડી પુરુષ સરદાર પટેલ સ્વચ્છતાને લઈને કેવા વિચારો ધરાવતા હતા અને તેમણે સ્વચ્છતાને લઈને કેવાં કાર્યો કર્યાં હતાં તે વર્તમાન નેતાઓ, મોટી હસ્તીઓ તથા આમ જનતાએ પણ જાણવું જરૂરી બને છે. આઝાદી પહેલાં સ્વચ્છતા માટે લોકનેતાઓ કેવો આગ્રહ રાખતા તે ખૂબ જ ઉપયોગી છે. ગાંધીજીના સ્વચ્છતાના વિચારને અનુસરનાર વલ્લભભાઈ આ બાબતમાં ખૂબ જ નિયમિત રીતે ભાગ ભજવતા રહ્યા હતા. આઝાદીની લડતો જ નહીં પરંતુ આરોગ્યની બાબતમાં અને રચનાત્મક કાર્યોમાં સ્વચ્છતાનું શું મહત્ત્વ છે તે ગાંધીજી અને તેમના અનુયાયી સરદારે લોકોને પોતે કરી બતાવ્યું હતું. આઝાદી પહેલાં સ્વચ્છતાનું મહત્ત્વ આપણા લોકનેતા સમજતા હતા, ત્યારે વિદેશોમાં સ્વચ્છતાને લઈને ઓછી સમજ હતી. ત્યારબાદ વર્તમાન સમયમાં વિકસિત દેશોમાં સ્વચ્છતાને લઈને કડક કાયદાઓ બન્યા છે. ત્યાંનું આયોજન તો ખૂબ જ વ્યવસ્થિત બની ગયું છે. જ્યારે ભારતમાં સ્વચ્છતાને લઈને લોકોમાં સમજની ઉણપ જોવા મળે છે. ગાંધીજી તનની સ્વચ્છતા ઉપરાંત મનની સ્વચ્છતાને પણ વિશેષ મહત્ત્વ આપતા હતા. જેથી કરીને તેમના અનુયાયીઓ પણ સ્વચ્છતાને લઈને સારી સમજ મેળવતા હતા. વર્તમાન સમયમાં સ્વચ્છતાને આમ જનતા સુધી પહોંચાડવા માટે નેતાઓ દ્વારા ગાંધીજી તથા તેમના અનુયાયી સરદારના સ્વચ્છતાના વિચારો અને કાર્યોને જાણવા એ ખૂબ જ જરૂરી છે.

વર્તમાન સમયમાં ૨ ઑક્ટોબર ૨૦૧૪થી સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું. તે 'સ્વચ્છતા અભિયાન''માં લોકનેતાઓ ફક્ત ફોટા પડાવી ચર્ચાઓમાં આવતા જોવા મળ્યા છે. ગંદકી સાફ કરવા માટે જે ઝાડૂનો ફોટો પડાવવા માટે ઉપયોગ કરે છે તે ઝાડૂ કયા પ્રકારનો કચરો સાફ કરવા માટે ઉપયોગ થાય છે તેની લોકનેતાઓમાં સમજ નથી. દિલ્હીમાં પણ જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છતા અભિયાનના પ્રચાર માટે જે ઝાડૂનો તેમણે ઉપયોગ કર્યો હતો, તે માત્ર ફોટા પાડવા પૂરતો હતો. સ્વચ્છતાની ચર્ચામાં આવવા નેતાઓ દેખાવો કરે છે ત્યારે સ્વચ્છતાનું મહત્ત્વ સમજતા લોકો તેમના આચરણને જાણી જ લે છે. તેમના માટે આઝાદી પહેલાંના લોકનેતાઓએ કેવાં કાર્યો કરતા હતા તે જાણવું અગત્યનું બને છે.

૧

**ભારતીય સંસ્કૃતિમાં સ્વચ્છતાની શરૂઆતઃ**

વર્તમાન સમયમાં સ્વચ્છતાને લઈને વિદેશોમાં વધારે જાગૃતિ જોવા મળે છે. પરંતુ તે પહેલાં ભારતીય સંસ્કૃતિમાં સ્વચ્છતાની કેવી સમજ હતી? ભારતીય લોકો સ્વચ્છતાના કેવા આગ્રહી હતા, તેના બોલતા પુરાવા હડપ્પા સંસ્કૃતિમાંથી મળી આવે છે. હડપ્પા સંસ્કૃતિનું નગર આયોજન એ ખૂબ જ સમજપૂર્વકનું હતું. આજે સરકાર દ્વારા ભૂગર્ભ ગટર યોજના બનાવવામાં આવી છે. તેનાં મૂળ હડપ્પા સંસ્કૃતિમાં જોવા મળે છે. વિદેશોમાં પણ

ભારતીય સંસ્કૃતિનું અનુકરણ જોવા મળે છે. હડપ્પા સંસ્કૃતિની ગટર યોજના એ કોઇ પણ વ્યક્તિને પ્રભાવિત કરે એવી હતી. તેનાથી તેમના સ્વાસ્થ્ય સંબંધી વિચારો પણ જાણવા મળે છે. ઘરના બાથરૂમનું પાણી ઈંટોનાં બનેલા નાના ખાડામાં રોડ તરફ જાય તેને મોરી કહેવામાં આવે છે. તે રોડની બંને તરફ બનાવાયેલ ગંદા પાણીના નિકાલની ગટરમાં વહે તેવી અદ્ભુત યોજના અહિ જોવા મળે છે. એટલું જ નહીં ગટરો ખુલ્લી ન રહે તે માટે તેના પર પથ્થર, ઈંટોના ઢાંકણાં પણ જોવા મળ્યાં છે. ક્રમશઃ આવી નાળીઓ મુખ્ય ગટર સાથે જોડાતી અને સમગ્ર શહેરનું ગંદુ પાણી શહેરની બહાર નીકળી જતું.[૧]

૨

**ગાંધીજીના વિચારોઃ**

સ્વચ્છતાને લઇને આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ તેમના વિચારો રજૂ કર્યા છે. તેમણે જણાવ્યું છે કે ગામડાના લોકોમાં સ્વચ્છતાને લઇને ઓછી જાગૃતતા છે. ગાંધીજીએ સંનિષ્ઠ લોકનેતાઓને જણાવ્યું છે કે ''સૂરજના પ્રખર તાપમાં કેડ વળીને કાળી મજૂરી કરતા ગ્રામવાસીઓ સાથે આપણે તાદાત્મ્ય અનુભવવું જોઇએ અને જે ખાબોચિયામાં તેઓ નહાય છે, તેમનાં કપડાં-વાસણ ધૂએ છે તથા જેમાં તેમનાં ઢોર પાણી પીએ છે અને આળોટે છે તે ખાબોચિયામાંથી પાણી પીવું આપણને કેવું લાગે તેનો પણ આપણે વિચાર કરવો જોઇએ. એમ કરીશું ત્યારે જ આપણે આમજનતાના સાચા પ્રતિનિધિ ગણાઇશું અને ત્યારે આપણી દરેક શકલનો તેઓ જરૂર જવાબ વાળશે.''[૨]

ગાંધીજીના મતે લોકનેતાઓ મોટેભાગે ગામડાના હોવા છતાં તેઓએ પોતાનાં ગામડાંને સ્વચ્છ રાખવાની તસ્દી લીધી નથી. લોકનેતાઓએ ગામડાના લોકો જોડે સહભાગી થઇ તેમને સ્વચ્છતા વિશે જ્ઞાન આપવું જોઇએ. ગાંધીજી લોકોને સ્વચ્છતાની સમજ આપવા પોતે પણ સ્વચ્છતાનાં કાર્યો કરતા હતા. વર્ધાની આસપાસના વિસ્તારોમાં જે લોકો સાર્વજનિક રસ્તાઓ પર હાજતે બેસતા હતા, તેમનું મેલું ગાંધીજી અને તેમના સાથીદારો ઊઠાવતા હતા. તેમને એ કરતા જોઇને લોકો સ્વચ્છતાની સમજ કેળવે.

ગાંધીજીએ સ્વચ્છતા માટેના કેટલાક ઉપાયો પણ સૂચવ્યા છે. જેથી સ્વચ્છતા લાવી શકાય. જે આ મુજબ છે. ૧. મળનો ખાતર તરીકે ઉપયોગ કરવો. ૨. ચીંથરાં અને નકામા કાગળનો ઉપયોગ ફરી કાગળ બનાવવા કરવો. ૩. કચરામાંથી વર્ગીકરણ કરીને તેને વિવિધ રીતે ઉપયોગમાં લેવો ૪. ગામ લોકોના સહકારથી સ્વહિતને ધ્યાનમાં લઇ સ્વચ્છતાનાં પગલા લેવાં. ૫. ગામડાનાં તળાવોને સ્વચ્છ રાખવાં ૬. ગ્રામ સેવકે સફાઇના સ્થાનિક પ્રશ્નનો નિકાલ કરવો તથા ગ્રામવાસીઓને સફાઇનું મહત્ત્વ સમજાવવું અને પોતે સ્વચ્છતાનું કાર્ય કરવું.

ગાંધીજીએ બહારની સ્વચ્છતા ઉપરાંત મનની સ્વચ્છતાને પણ અગ્રતા આપી છે. તેમણે જણાવ્યું છે કે પ્રામાણિક સદ્ગુણી માતાપિતા એ સારા વિચારોનાં પ્રણેતા છે. તેમણે તો સત્યાગ્રહીની પણ જરૂરી લાયકાત આ મુજબ જણાવી હતી કે ''તેને સત્ય અને અહિંસામાં ધર્મભાવે આસ્થા હોવી જોઇએ અને તેથી મનુષ્ય સમભાવના હાડમાં વસતી ભલાઇમાં તે માનતો હોવો જોઇએ. આ ભલાઇ ને સત્ય તેમજ પ્રેમને રસ્તે જાતે દુઃખ ખમીને જાગ્રત કરવાની તે હંમેશા આશા રાખે.''[૩] ગાંધીજીએ ખાઈપીને જીવવા કરતાં શરીરને ઈશ્વરનું મંદિર બનાવવાની પ્રેરણા આપી છે. ઊંચીનીચના ભેદભાવો લોકોએ દૂર કરવા જોઇએ. ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે કરેલ કાર્યો એ મનુષ્ય સમાનતાના તેમના વિચારોનું સમર્થન છે.

ધર્મની બાબતમાં ગાંધીજીના મતે નીતિ અથવા સદાચાર એ દરેક ધર્મમાં સમાન છે. અન્ય સંપ્રદાયનો વિરોધ ન કરવો એ દરેક સંપ્રદાયે લોકોને શીખવવું જોઇએ. ધર્મને સન્માન અને આદર આપવો જોઇએ. મનુષ્યનો ખરો શિક્ષક એ મનુષ્ય પોતે જ છે. સારા વિચારોનું જ્ઞાન પોતે જ લઇ શકે છે. સ્ત્રીઓની પવિત્રતા એ સ્વ પર નિર્ભર છે. પુરુષ દ્વારા સ્ત્રી પર બળજબરીથી કાયદાઓ બનાવી તેને પવિત્ર બનાવવી એ ખોટી માન્યતા છે. જાતીય બાબતોમાં સ્ત્રી અને પુરુષ બન્નેએ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. જો આમ મનુષ્ય કરી શકે તો વ્યક્તિ જાતીય આવેગોથી આવતા ખરાબ વિચારોથી મુક્ત થઇ શકે છે.

આમ, ટૂંકમાં ગાંધીજીના મતે મનની સ્વચ્છતા એટલે ધાર્મિક સહિષ્ણુતા, મનુષ્ય સમાનતા, સત્ય-અહિંસાના વિચારોનો વ્યક્તિમાં પ્રવેશ.

૩

**સરદાર અને સ્વચ્છતાઃ**

વર્તમાન સમયમાં સરકાર સ્વચ્છતા અભિયાન ચલાવાય છે તો આઝાદી પછી ભારતની એકતા સ્થાપનાર ભારતના બિસ્માર્ક સરદાર પટેલના સ્વચ્છતાના વિચારો અને કાર્યોને જાણવા એ ઉપયોગી થઇ જાય છે. સુરત ખાતે જયારે સરદાર એક વાર ગયા હતા ત્યારે સુરત મ્યુનિસિપાલિટીના માનપત્રના જવાબમાં તેમણે કહેલું કે ''સુરત શહેરને સારું ન બનાવીએ ત્યાં સુધી માનપત્ર લેવા આવવાનો આપણને કોઇ હક્ક નથી. જો શહેરને સારું

બનાવવું હોય તો સ્વચ્છ ને સારી ગટરની પહેલી જરૂર છે.''[૪] સરદારે ઇ.સ. ૧૯૧૭માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં રહીને અમદાવાદ શહેર સુધરાઇની સ્વચ્છતાની શરૂઆત કરી હતી. તેમણે ભાવવધારા નીચે દબાયેલ 'મેલું' ઊઠાવનાર કર્મચારીનો પગારવધારો કર્યો હતો. સુધરાઇ હસ્તકની શાળાઓના શિક્ષકોના પગારમાં પણ વધારો કરાવ્યો હતો. આમ તેઓ સ્વચ્છતા રાખનાર કર્મચારીની પણ મદદ કરતા હતા. અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. એ સમયે સરદારે સ્વચ્છતા વિશે જાગૃતિ માટે સમિતિ રચી હતી. આ સમિતિમાં દાદાસાહેબ માવળંકર અને મુસ્તફા હસન કાદરી જેવા નેતાઓએ પણ સરદારને સહકાર આપ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપાલિટીની બીજી વાત એ પણ હતી કે ગટરોમાંથી કચરો કાઢવાનું બંધ કરવામાં આવ્યું હતું ત્યારે સરદારે તેની વિરુદ્ધમાં ૨૧-૧-૧૯૧૮ના રોજ બોર્ડમાં દરખાસ્ત રજૂ કરી હતી. જેના કારણે મ્યુનિસિપાલિટીને ગટરોમાંથી કચરો કાઢવાનું કામ ફરી શરૂ કરવું પડ્યું હતું. ૧૯૧૩માં મ્યુનિસિપાલિટીની ચૂંટણી વખતે સરદારે સ્વચ્છતાને લઇને આ મુજબનો એક મુદ્દો લોકો સમક્ષ મૂક્યો હતો કે પાણી, ગટર, રસ્તા તથા ઘરોની વ્યવસ્થા, જનસુખાકાર અને ચેપી રોગ ફાટી નીકળવા વગેરેના ખાસ કામોમાં પૂર્ણ ખંતથી અમે મદદ કરીશું.''[૫]

આ મુજબના તેમના વચનનું પાલન તેમણે ચૂંટણી જીત્યા પછી પણ નિભાવ્યું. તેમણે સભ્યોને પોતે આપેલ વચનો પાળવા કડક સૂચનાઓ આપી હતી. જેના કારણે કર્મચારીઓ પણ હંમેશા કાર્યરત રહેતા હતા.

જમવાની બાબતમાં પણ સરદાર ખૂબ કાળજી રાખતા હતા. અહમદનગરના જિલ્લામાં જેલવાસ દરમ્યાન તેમણે રસોઇની જવાબદારી ઉપાડી લીધી હતી. આ સમયના તેમના સાથી પંડિત ગોવિંદ વલ્લભ પંતે જણાવ્યું છે કે ''અહમદનગરમાં અમારી તબિયત સારી રહી હતી. તે માટે અમે સરદારના કૃતજ્ઞ હતા. એ સ્વચ્છતાનો આગ્રહ રાખતા અને પ્રત્યેક ચીજ બરાબર બનાવવામાં આવી હોય તેનું ખાસ ધ્યાન રાખતા. ફળ સુધારવાનું કામ પણ સરદાર કરતા.''[૬]

સરદાર સ્વચ્છતાના એટલા આગ્રહી હતા કે જ્યાં ગંદકી હોય ત્યાંના લોકોને તેમજ મોટા અધિવેશનમાં લોકોને સ્વચ્છતાની યોગ્ય સમજ આપતા હતા. તેઓ પોતાનાં પાલતુ જાનવરોને પણ સ્વસ્થ રાખવા લોકોને જણાવતા હતા. આજના સમયમાં સરદારના સ્વચ્છતાના વિચારોનું પરિણામ જોઇએ તો બારડોલી તાલુકામાં આવેલું એના ગામ એ સરદારના સ્વચ્છતાના વિચારોના નમૂના રૂપ છે. સરદારે એના ગામ ખાતે આદર્શ ગામની રૂપરેખા વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા. આજે આ એના ગામની ગણના આદર્શ ગામ તરીકે થાય છે. અન્ય રાજયોના લોકો પણ પોતાના રાજયનાં ગામોને આદર્શગામ બનાવવા માટે એના ગામની મુલાકાત લે છે. એ રસપ્રદ વાત છે.

ગાંધીજીના વિચારોના અનુયાયી તરીકે સરદાર તનની સ્વચ્છતા ઉપરાંત મનની સ્વચ્છતા વિશે પણ પોતાના વિચારો લોકોને સમજાવતા હતા. સરદાર ભેદભાવ વગર સત્યાગ્રહમાં ભાગ લેવા માટે લોકોને જણાવતા હતા. તેમના મતે હિંદુ-મુસલમાન નહીં, પરંતુ હિંદુસ્તાનીઓનો દેશ એ ભારત દેશ છે. તેથી કોઇપણ જાતના ભેદભાવ વિના રાષ્ટ્રીયભાવ સાથે સુવિચાર કરવો એમ તેઓ જણાવતા. સરદારના મતે ઈર્ષ્યા એ મિથ્યા બાબત છે. તેના કારણે લોકો અન્ય પ્રત્યે દુર્વ્યવહાર કરવા પ્રેરાય છે. બીજાનું ખરાબ કરવાની તક તેઓ ચુકતા નથી. માટે ઈર્ષ્યા કરવી છોડી દેવી જોઇએ.

સન્ ૧૯૨૨ના નવેમ્બરમાં કાઠિયાવાડ રાજકીય પરિષદમાં સરદારની હાજરીમાં અસ્પૃશ્યતા નાબૂદીનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો. આ પરિષદમાં અસ્પૃશ્યો માટે અલગ વિભાગ હતો. જ્યાં તેમણે બેસવાનું હતું. આ બાબત તુરંત સરદારના ધ્યાનમાં આવતાં ઠરાવ કરતાં મહત્ત્વની બાબત એ બની કે સરદાર પોતે અસ્પૃશ્યોના વિભાગમાં જઇ બેસી ગયા. ત્યાંથી તેમણે પોતાનું ભાષણ આપ્યું તેમની પાછળ પાછળ દરબાર ગોપાળદાસ અને તેમનાં પત્ની ભક્તિલક્ષ્મી અસ્પૃશ્યોના વિભાગમાં આવીને બેઠાં. આમ મનની સ્વચ્છતાનો પાઠ તેઓ ભાષણ ઉપરાંત પ્રત્યક્ષ કાર્ય કરીને પણ લોકોને સમજાવતા હતા.

ભાગલા સમયે ભારતમાંથી પાકિસ્તાન હિજરત કરી રહેલા મુસ્લિમોને સલામત રીતે પાકિસ્તાન પહોંચાડવાનું કાર્ય સરદારે ખૂબ જ કુશળતાથી કર્યું હતું. કોમી પ્રશ્નોને લઇને સરદાર પર અનેક સવાલો ઊઠ્યા છે, પરંતુ સરદાર દરેક કોમ, ધર્મ પ્રત્યે આદરભાવ રાખતા હતા અને વ્યક્તિ સમાનતામાં માનતા હતા. ગાંધીજીની જેમ સરદાર પણ તેમના માર્ગે સ્વચ્છ મનના વિચારો ધરાવતા હતા. વ્યક્તિ માત્રને વિશેષ મહત્ત્વ આપતા હતા.

**સમાપનઃ**

આજના સમયમાં ''ગાંધીજી સ્વચ્છતા ભારત અભિયાન'' ચલાવવામાં આવી રહ્યું છે તો ગાંધીજીના નામ માત્રથી સ્વચ્છતા અભિયાન સફળ થવાનું નથી. તેના

માટે લોકો ગાંધીજીના વિચારો અને કાર્યોને સમજે તે જરૂરી છે. તે ઉપરાંત તેમના અનુયાયી સરદાર પણ સ્વચ્છતાના કેટલા આગ્રહી હતા, તેના વિશે પણ જાણે એ અગત્યનું છે. સ્વચ્છતાને લઈને વર્તમાનમાં ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ તેમની સફળતા માટે લોકનેતાઓએ પણ સરદાર અને ગાંધીજીની જેમ લોકસંપર્કમાં આવવું પડશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના કાર્યકર નેતાઓને ગાંધીજી અને સરદારની જેમ જનતા વચ્ચે આવી તેમનો સહકાર મેળવી કાર્ય કરે તેવી સમજણ આપવી પડશે. પોતે પણ લોકો સાથે હાથ મિલાવી સ્વચ્છતાનાં કાર્યો કરવાં પડશે. ત્યારે જ ગાંધીજીના સ્વપ્નનું ભારત બનશે.

**પાદટીપ:**


૧. જનક ગઢવી, યુ.જી.સી. નેટ-જીસેટ ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૧૦, પૃ.૭૧.

૨. ગાંધીજી, મારા સ્વપ્નનું ભારત, અગિયારમું પુનર્મુદ્રણ, નવજીવન પ્રકાશન મંદિર, ૨૦૧૩, પૃ. ૮૭.

૩. એજન, પૃ. ૧૪૨.

૪. ઈશ્વરભાઈ ઈ. દેસાઈ, હરિપુરા મહાસભા, પુસ્તક-૫, સ્વાતંત્ર્ય ઈતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત, ૧૯૭૨, પૃ. ૧૫૨.

૫. રિઝવાન કાદરી, સરદાર પટેલઃ એક સિંહ પુરુષ, તૃતીય સંવર્ધિત આવૃત્તિ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૯, પૃ.૫૯.

૬. યશવંત દોશી, સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન ચરિત્ર, ભાગ-૨, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ, ૨૦૦૨, પૃ.૨૦૬.



(પીએચ.ડી.ના શોધાર્થી, સૅન્ટર ફૉર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ-સૅરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ જિ. આણંદ મો:૯૮૨૭૮૮૦૮૮૦ ઈ-મેઈલ alkesh1686@gmail.com)


આદિવાસીઓ આ દેશના મૂળ વતનીઓ છે, તેમની આર્થિક સ્થિતિ કદાચ હરિજનો કરતાં જરાયે સારી નહીં હોય, અને ઊંચા ગણાતા વર્ણોએ તેમના પ્રત્યે લાંબા વખતથી દુર્લક્ષ કરેલું છે.

**- ગાંધીજી**

॥ વિદ્યાવૃત્ત ॥

## સૅમકોમ કૉલેજ ફરી 'એ' ગ્રેડ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગુજરાતની સૅમકોમ કોલેજને ભારત સરકારના યુજીસી માન્ય નેક રી-એક્રેડિટેશનના પરિણામોમાં કરીને 'એ' ગ્રેડની કૉલેજ જાહેર કરવામાં આવી છે. નેક કમિટિ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવેલાં પરિણામોમાંથી સમગ્ર ભારતની ૭૬ કોલેજોમાંથી ૮ કોલેજોને 'એ' ગ્રેડ પ્રાપ્ત થયેલ છે, જેમાં ગુજરાતની ૧૩ કૉલેજોમાંથી માત્ર સેમકોમ કોલેજને 'એ' ગ્રેડ પ્રાપ્ત થયો છે. સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ તરીકે સ્થાપિત સંસ્થાએ ૧૯ વર્ષના ટૂંકાગાળામાં નવીનતમ અભિગમ અને ઉચ્ચ માપદંડો સ્થાપીને ભારતભરમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કૉલેજમાં કૉમર્સ, મૅનેજમેન્ટ, કૉમ્પ્યુટર સાયન્સ અને ઈ-બિઝનેસના વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. નેક દ્વારા સૂચવેલ વિવિધ અભિનવ અભ્યાસક્રમો ભવિષ્યની માંગને ધ્યાનમાં રાખી કૉલેજ દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

અનુભવસિદ્ધ શિક્ષણ માટેના વિવિધ પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને શીખવાની ધગશમાં મળતું પ્રોત્સાહન, સોશિયલ આઉટરીચ સેલની ધમધમતી સેવાકીય પ્રવૃત્તિ વિદ્યાર્થીને સમાજ સાથે જોડવામાં સિંહફાળો આપે છે. કૉલેજ દ્વારા કરેલ નવતર પ્રયોગ લૅપટોપ બૅન્ક ગરીબ અને મધ્યમવર્ગીય વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે થતા વર્કશોપ, સેમિનાર અને વાલીઓ માટે થતા કાર્યક્રમો પણ હવે સંસ્થાના પાયારૂપ પ્રવૃત્તિ બની ગયા છે જે વિદ્યાર્થીના વિકાસને મદદરૂપ થાય છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં આવેલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોમાં સર્વોત્તમ માર્કસ મેળવનારી કૉલેજ તરીકેનું બહુમાન પ્રાપ્ત કરવાનું ગૌરવ સેમકોમ કૉલેજને ફાળે જાય છે. ડાયરેક્ટર ડૉ. નિખિલ ઝવેરીએ જણાવ્યું છે કે કૉલેજનો 'એ' ગ્રેડ કોલેજના સર્વ અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ઓફિસ સ્ટાફના અત્યંત કર્મનિષ્ઠ અભિગમ અને સમર્પિત ધ્યેયને તથા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની પ્રેરણાને આભારી છે.

॥ અભ્યાસ ॥

# ભારતના બે જ્યોતિર્ધરઃ સરદાર અને ડૉ.આંબેડકર

જસ્મીના બી. સોલંકી

**સારાંશઃ**

ગરીબ કુટુંબમાં જન્મેલા સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ.ભીમરાવ રામજી આંબેડકરને માતાપિતા પાસેથી ઉમદા સંસ્કારો મળ્યા હતા. આ સંસ્કારોને કારણે તેઓમાં પ્રચંડ માનસિક શક્તિ, જુસ્સો અને સમાજના કલ્યાણ માટે તીવ્ર રસ જેવા ગુણો વિકસ્યા હતા. બંનેએ પ્રાથમિક શિક્ષણ પોતાના વતનમાં જ લીધું. ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા. ત્યાં અનેક મુશ્કેલીઓનો સામનો તેમણે સહજતાથી કર્યો. મુશ્કેલીઓ વચ્ચે પણ અભ્યાસમાં રસ દાખવી ઉચ્ચ પદવીઓ મેળવી. બેરિસ્ટર થઈને ઉમદા વકીલાત કરી. વકીલાત કરતાં કરતાં પણ તેઓએ સમાજના કલ્યાણ માટે પોતાનું જીવન અર્પિત કર્યુ. સરદારે અને આંબેડકરે શિક્ષણ, દારૂબંધી, બાળલગ્ન, અસ્પૃશ્યતા, સ્ત્રીઓનું સશક્તિકરણ, સ્વચ્છતા વગેરે બાબતે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી દેશના લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. લોકોએ પોતાનું કલ્યાણ જાતે જ કરવું જોઈએ. જ્યાં સુધી તમે જાગૃત ન થાવ ત્યાં સુધી તમારી સમસ્યાઓ હલ થઈ શકશે નહીં તેવો સંદેશો પોતાનાં ભાષણો અને કામોમાં આપી લોકોને જાગૃત કર્યા. અનેક પ્રકારનાં આંદોલનો કરી જનસમસ્યાઓનું નિવારણ કર્યુ. સ્વાસ્થ્યની પરવા કર્યા વિના રાત-દિવસ એક કરીને લોકોની સમસ્યાઓ ઉકેલવા ખડેપગે રહ્યા. ભારત—પાકિસ્તાન ભાગલા વખતે પણ પોતાની બુધ્ધિશક્તિનો ઉપયોગ કરી યોગ્ય નિર્ણય લીધો. ભારતના બંધારણ ઘડતરમાં પણ સમાજને કેન્દ્રમાં રાખી યોગ્ય ભૂમિકા ભજવી માનવઅધિકારોનું નિર્માણ કર્યુ. વલ્લભભાઈની જેમ જ ડૉ. આંબેડકરનો નિર્વાણદિન પણ ડિસેમ્બર મહિનામાં આવે છે. બંનેનું મરણ બીમારીના કારણે થયું હતું. પોતાના જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ સેવાકાર્ય કરતા રહ્યા. આ બેઉ મહામાનવોનાં વ્યક્તિત્વ એમનાં કાર્ય અને આદર્શોને કારણે અનુસરણીય હોવા છતાં રાજકીય હૂંસાતૂંસીમાં જ અટવાયા કરે છે.

**ચાવીરૂપ શબ્દોઃ**

સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ.બાબાસાહેબ આંબેડકર, બંધારણ, શિક્ષણ, રજવાડાં, અસ્પૃશ્યતા, નીડરતા, પરિશ્રમ, કોલમ્બિયા યુનિવર્સિટી, બહુર્મુખી પ્રતિભા, કાયદાપ્રધાન, ખોતપ્રથા, જમ્મુ-કાશ્મીર

**પ્રસ્તાવના :**

ભારતના છેલ્લા ૧૦૦ વર્ષના ઈતિહાસમાં અનેક મહામાનવો નોંધાયા છે. અગ્રણી નામોની એક નાની યાદીમાં રામકૃષ્ણ, વિવેકાનંદ, રમણ મહર્ષિ જેવાં ધાર્મિક નેતાઓ અને સામાજિક સુધારકો; લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ અને વિ.દા.સાવરકર જેવા રાજકારણીઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા કવિઓનો સમાવેશ થાય. આ યાદી અમર્યાદ રીતે લાંબી થઈ શકે છે. સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર આવા મહામાનવોની યાદીમાં નિઃસંશયપણે અજોડ સ્થાન મેળવી શકે છે.[૧]

માનવી જેવો પુરૂષાર્થ કરે તેવું જીવન ઘડી શકે છે.[૨] એ સૂત્ર અનુસાર સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાનું સમગ્ર જીવન સમાજ અને દેશ માટે અર્પિત કર્યુ હતું.

સરદાર વલ્લભભાઈનું જીવન એ વ્યક્તિગત સફળતાની કથા નથી, પણ એ રાષ્ટ્ર ઘડતરની અનોખી કથા છે. સરદાર સાહેબે એમનું સમગ્ર જીવન તેમની પળેપળ દેશ માટે, રાષ્ટ્રનિર્માણ માટે ન્યોછાવર કર્યું હતું. તે પણ કોઈ ઉપદેશક તરીકે, જ્ઞાન આપનાર પ્રચારક તરીકે નહિ, પણ એક મર્દ માનવીની રીતે, દૃઢ મનોબળવાળા લોખંડી પુરુષ તરીકે, કર્મઠ કર્મવીર તરીકે તેજસ્વી જીવન જીવી બતાવ્યું હતું.[૩] તેઓ ભારતન પ્રથમ ગૃહ પ્રધાન અને નાયબ વડાપ્રધાન જેવા ઉચ્ચ હોદ્દા પર રહી દેશમાં સેવાકાર્ય કર્યુ.[૪]

તે જ રીતે, ડૉ. બાબાસાહેબ આંબેડકર દલિતોના મસીહા, દેશના લોકલાડીલા નેતા, સામાજિક ન્યાયના સેનાની તરીકે સૌના માટે આદર્શ છે.[૫] જેમનું જીવન સમાજના નબળા વર્ગના લોકોના ઉત્થાન માટે હતું. જેમનું વ્યક્તિત્વ એક મહાકથાના અધ્યાય સમાન હતું. તેવા ડૉ. બાબાસાહેબ આંબેડકર માત્ર દલિતો કે પછાત વર્ગના જ નેતા ન હતા, પરંતુ તેઓની પ્રતિભા બહુમુખી હતી. અર્થશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, માનવનૃવંશશાસ્ત્ર, ઈતિહાસ અને ધર્મશાસ્ત્રના પ્રખર હિમાયતી હતા.[૬] તેઓ મહાન સ્વાતંત્ર્ય સેનાની, મુત્સદી, લેખક, વક્તા, બંધારણ નિષ્ણાત, શિક્ષણશાસ્ત્રી, વિદ્વાન અને હિંદુ કોડને એકીકૃત કરનારા હતા.[૭]

ભારતની આ બંને વિભૂતિઓની તુલના કરવા જતાં તેમના વ્યક્તિત્વનાં અલગ પડતાં પાસાં પ્રગટે છે પણ રાષ્ટ્રનિષ્ઠા બંનેમાં સમાન છે. આજના યુગમાં ખાસ કરીને યુવાપેઢીને આ બંને વ્યક્તિત્વો દિશાસૂચક અને પ્રેરણાદાયક બની રહે છે.

### ૧. કૌટુંબિક બાબત

સરદાર વલ્લભભાઇ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ ના રોજ નડિયાદમાં એક ખેતી કરતા પાટીદાર કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઇ અને માતુશ્રીનું નામ લાડબાઇ હતું. તેમનું કુટુંબ સ્વામિનારાયણ પંથનું આગ્રહી હતું. તેમના પિતા ખેડૂત હતા.[૮] ૧૮૯૩ માં ૧૮ વર્ષની વયે ગાના ગામનાં ઝવેરબા સાથે તેમનું લગ્ન થયું. સન ૧૯૦૪ માં સરદારને ત્યાં પુત્રી મણીબહેન અને ૧૯૦૫ માં પુત્ર ડાહ્યાભાઇ નો જન્મ થયો.[૯]

ડૉ. આંબેડકરનો જન્મ ૧૪ મી એપ્રિલ ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશના મહુ મુકામે લશ્કરી છાવણીના એક સામાન્ય અછૂત ગણાતા મહાર કુટુંબમાં થયો હતો. તેમના પિતાજીનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઇ હતું. તેમનું કુટુંબ કબીરપંથી હતું. તેમના પિતા મિલિટરીમાં સુબેદારના હોદ્દા પર હતા. ભીમરાવ જ્યારે છ વર્ષના હતા ત્યારે તેમનાં માતા ભીમાબાઇનું અવસાન થયું.[૧૦]

સરદાર વલ્લભભાઇ અને ડૉ. આંબેડકરનો જન્મ સામાન્ય રીતે ગરીબ કુટુંબમાં થયો હતો. આંબેડકર સરદાર કરતાં ૧૬ વર્ષ નાના હતા. સરદાર વલ્લભભાઇના પિતા ખેડૂત હતા. આંબેડકરના પિતા મિલિટરીમાં સૂબેદાર હતા.

### ૨. શિક્ષણ

સરદાર પટેલે પ્રાથમિક શિક્ષણ વતનના ગામ કરમસદમાં મેળવ્યું. સન ૧૮૯૧ માં ૧૬ વર્ષની વયે તેઓ કરમસદથી ૧૦ કિ.મી દૂર આવેલા પેટલાદ ગામમાં ભણવા ગયા.૧૮૯૭ માં ૨૨ વર્ષની વયે મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવાતી મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી. સન ૧૯૦૦ માં ૨૫ વર્ષની વયે જિલ્લા વકીલની પરીક્ષા પાસ કરી. સન ૧૯૦૦ ના જુલાઇ માસમાં સરદારે પ્રથમ ગોધરામાં વકીલાત શરૂ કરી. સન ૧૯૦૨ માં સરદારે વકીલાતનું સ્થળ ગોધરાથી વતન નજીક બોરસદમાં ફેરવ્યું. ફોજદારી કેસોમાં વલ્લભભાઇની નામના કાબેલ અને સફળ વકીલ તરીકે થઇ. સન ૧૯૦૨ થી ૧૯૦૫ વચ્ચેના ત્રણ વર્ષના ગાળામાં સરદારે આવકમાંથી શક્ય તેટલી વધારે બચત કરી લંડનમાં બાર-એટ-લૉનો અભ્યાસ કરવા જવાની તૈયારી કરી હતી. સન ૧૯૧૦ માં સરદાર ૩૫ વર્ષની વયે લંડનમાં કાયદાના ઉચ્ચ અભ્યાસ અર્થે ગયા. સન ૧૯૧૨ માં સરદારે બાર એટ લૉ ની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. સરદારે અમદાવાદમાં એક સફળ વકીલ તરીકે કાર્ય કર્યું.[૧૧]

ડૉ. આંબેડકરે પ્રાથમિક શિક્ષણ પોતાના વતનમાં લીધું. હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં લીધું. સને ૧૯૦૭માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. મેટ્રિક થયા પછી તેમનાં લગ્ન રમાબાઈ સાથે થયાં. કોલેજ શિક્ષણ માટે વડોદરાના મહારાજા સયાજીરાવની મદદથી મુંબઈની પ્રખ્યાત એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા. સન ૧૯૧૨માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીની બી.એ ની પરીક્ષા પાસ કરી. સ્નાતક થયા પછી આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડને ત્યાં લશ્કરમાં એક લશ્કરી અધિકારી તરીકે સેવા બજાવી. ૨ ફેબ્રુ.૧૯૧૩ના રોજ ભીમરાવના પિતા રામજી સકપાલનું અવસાન થયું. અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી ૧૯૧૫માં એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી. ૧૯૧૬માં 'ધી ઈવોલ્યુશન ઓફ પ્રોવિન્શિયલ ફાઈનેન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા' વિષય ઉપર પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૧૮માં તેઓ મુંબઈની સિડનહામ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. સન ૧૯૨૦માં આંબેડકરને ત્યાં પુત્રનો જન્મ થયો. જેનું નામ યશવંત રાખવામાં આવ્યું. બીજાં બે સંતાનો થયાં, પરંતુ તે જીવી શક્યાં નહિ. ૧૯૨૧માં તેઓ એમ.એસ.સી. થયા. ત્યારબાદ ૧૯૨૩માં લંડન યુનિવર્સિટીમાંથી 'ડૉકટર ઓફ સાયન્સ' ની ઉચ્ચ પદવી મેળવી. એ જ વર્ષમાં તેઓ બેરિસ્ટર થયા. જૂન ૧૯૨૮માં મુંબઈની ગર્વમેન્ટ લૉ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા.[૧૨]

સરદાર પટેલ અને આંબેડકરે કાયદાનો અભ્યાસ લંડનમાં જ કર્યો. વિદેશમાં જઈને ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી. અભ્યાસમાં પોતાની કુશળતાથી પ્રથમ ક્રમ મેળવી વકીલાતની પદવી પ્રાપ્ત કરી અને વકીલ તરીકે ખૂબ જ નામના મેળવી. અભ્યાસના સમયગાળા દરમ્યાન તેઓએ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં તેઓએ આ અભ્યાસ પૂર્ણ કર્યો. બેરિસ્ટર તરીકેની પદવી મેળવવી એ જમાનામાં કાંઈ નાનીસૂની વાત ન હતી. આંબેડકર તો અછૂત સમાજમાં આટલી બધી ડિગ્રીઓ મેળવનાર પ્રથમ વ્યક્તિ હતા.

### ૩. ગુણોનું સિંચન

વલ્લભભાઈએ આગ્રહ, દૃઢતા, સહન કરવાની શક્તિ એ બધા ગુણો માતાપિતા પાસેથી મેળવ્યા હતા.[૧૩] વિદ્યાર્થી વયથી જ તેમનામાં દૃઢ સંકલ્પબળ અને નીડરતાનાં બીજ પડેલાં હતાં. એકવાર જ્યારે તેમની બગલમાં ગાંઠ

નીકળી ત્યારે ગામના વૈદરાજે ઈલાજ માટે ધગધગતા લોખંડના સળિયા વડે 'ડામ' દેવાનું સૂચવ્યું. વલ્લભભાઈ તો તૈયાર હતા, પણ આવા કુમળા બાળકને ધગધગતો સળિયો ચાંપવા તૈયાર કોણ થાય ? બાળ વલ્લભે વૈદરાજના હાથમાંનો ગરમ સળિયો પોતાના હાથમાં લઈ જાતે જ ગાંઠ પર ડામ દઈ દીધો.[૧૪] કોઈપણ મૂંઝવણનો ઉકેલ શોધતી વખતે આંટા મારવાની ટેવ તેમણે પિતા પાસેથી વારસામાં મેળવી હતી.[૧૫] નેતાગીરી માટેની નીડરતા અને સર્વમાન્યતાનાં લક્ષણો સરદારમાં શરૂથી જ પડેલાં હતા.[૧૬]

૧૯ – ૨૦ વર્ષે વલ્લભભાઈ એક જવાબદાર સ્પષ્ટવક્તા, તોછડા, હિંમતબાજ અને મક્કમ મનના આગેવાન હતા. તેમનામાં દલીલબાજીની અને વિરોધીઓની નબળી કડી પારખી લેવાની આવડત હતી. વલ્લભભાઈ પાસે પ્રેરણાત્મક વાક્યો કે સૂત્રો ન હતાં. તેમનો અવાજ ગંભીર અને સાંભળવો ગમે તેવો હતો, પણ તેમાં મધુરતા કે સંગીતમયતા ન હતી. તેમણે કલાત્મક સર્જન કર્યાં નથી, પણ અંગ્રેજી પુસ્તકોમાંથી લાંબા પેરેગ્રાફ મોંઢે કરીને વલ્લભભાઈ પોતાનાં અંગ્રેજી ભાષણોમાં વાપરતા. ગામડાંની કહેવતો અને રૂઢિપ્રયોગો અવારનવાર વાપરનાર વલ્લભભાઈ નડિયાદમાં શાળાની વકતૃત્વ સ્પર્ધામાં સારા વક્તા ગણાતા હતા. આંજી નાખે તેવી છટા તેમની પાસે ન હતી. પણ દ્વિઅર્થી શબ્દો વાપરવાની તેમને સારી ફાવટ હતી. જુવાનીમાં વલ્લભભાઈમાં આવડત કરતાં મનસ્વીપણું વધારે દેખાય છે. ઈશ્વર તેમનું ઘડતર કરી રહ્યો હતો.[૧૭] નાનપણથી જ આ યુવાનના મનમાં અનેક મહત્વકાંક્ષાઓ રમતી હતી.[૧૮] સખત પરિશ્રમ અને બુધ્ધિચાતુર્યથી સફળ વકીલ તરીકે તેમણે ખુબ જ નામના મેળવી.[૧૯] તેમના મુખમાંથી હંમેશા વ્યંગ વાક્યો નીકળતાં અને તે હાસ્ય નહીં પણ ભયપ્રેરક હતાં. અસીલો બયાન રજૂ કરતા હોય ત્યારે તેમનો ચહેરો કરડો દેખાતો પણ આંગળીયો મૂછ પર ફરતી અથવા તો નાકના ટેરવા પર ફરતી. વિચાર કરવા માટે ઊભા થઈને આંટાફેરા લગાવતાં વલ્લભભાઈ ફેશનવાળાં કપડાંના શોખીન અને કંઈક અંશે વરણાગિયા પણ હતા.[૨૦] તેમનામાં સામા માણસને એક જ નજરમાં પગથી માથા સુધી માપી લેવાની અનોખી સૂઝ હતી. વ્યવહારકુશળતા અને વિચક્ષણબુધ્ધિ એ તેમની આગવી શક્તિ હતા.[૨૧] દરરોજ સાંજનો સમય વલ્લભભાઈ ગુજરાત ક્લબમાં વીતાવતા. સિગારેટોના ડબ્બા ખાલી કરતાં, પત્તા રમતા, નવાસવા વકીલોની ઠઠ્ઠામશ્કરી કરતા, નવાજૂનીની આપલે કરતાં અને ક્યારેક રાજકારણની અથવા મ્યુનિસિપાલિટીના કારભારની ચર્ચાઓ કરતા.[૨૨] આ બધી જ આવડતોએ વલ્લભભાઈને બાહોશ વકીલ બનાવ્યા. તેઓ પહેલ પાડ્યા વગરના હીરા સમાન હતા. અને તેથી જ વધારે મૂલ્યવાન હતા.[૨૩] સરદારને સાદગી પ્રિય હતી. તેમના સુપુત્ર ડાહ્યાભાઈનાં લગ્ન આશ્રમમાં ખૂબ જ સાદાઈથી કરવામાં આવ્યાં હતાં.[૨૪] ધૈર્ય અને અડગતા તો એમનાં જ. એકવાર કોઈ મહત્વના કેસની દલીલો ચાલુ હતી. પોતાની બુધ્ધિયુકત દલીલો દ્વારા કોર્ટ રૂમ ગજવી રહ્યા હતા, તેવામાં તેમના નામનો એક તાર-સંદેશો લઈને માણસ આવ્યો તારમાં તેમનાં પત્નીના દુઃખદ અવસાનના સમાચારની જાણ કરેલી હતી. વલ્લભભાઈએ નજર ફેરવી કશુંજ ન બન્યું હોય તેમ ચહેરા પર અડગતા રાખી. કોર્ટમાં કેસ પૂરો થવા સુધી પોતાની દલીલો ચાલુ રાખી. મિત્રોએ આ જાણ્યું. સૌને આ આત્મસંયમી અને સ્થિતપ્રજ્ઞ સંત જેવા સરદાર પર માન જાગ્યું.[૨૫] દઢતા અને સંકલ્પશક્તિ તો સરદારની જ. દાંડીકૂચના મીઠાના સત્યાગ્રહ દરમ્યાન તેમની ધરપકડ થઈ.સાબરમતી જેલમાં લઈ જવાયા. સિગારેટના શોખીન સરદારે જીવનભર ધૂમ્રપાનથી અળગા રહેવાનો અફર નિર્ણય લઈ સિગારેટનાં બધાં જ પાકીટ જેલના દરવાજે છોડી દીધાં.આજીવન ધૂમ્રપાનથી દૂર રહી આગવી વ્યસનમુક્તિ દ્વારા સંકલ્પશક્તિનાં દર્શન કરાવ્યાં.[૨૬] ગાંધીજીના પ્રભાવ અને આદર્શોથી આકર્ષાયેલ વલ્લભભાઈએ આજીવન સેવાકાર્ય કર્યુ.[૨૭] ઈ.સ ૧૯૧૬થી અમદાવાદ મ્યુનિસિપાલિટીથી એમના જાહેરકાર્યનો પ્રારંભ થાય છે.[૨૮]

ડૉ.આંબેડરને માતૃ-પિતૃ એમ બંને પક્ષે કબીરપંથના ધાર્મિક સંસ્કાર વારસામાં મળ્યા હતા. તેમના જીવનની કટોકટીની પળોમાં પણ તેમના આત્મવિશ્વાસ અને વિવેકબુધ્ધિને અચળ રાખનાર આ મહત્વનું પરિબળ હતું.[૨૯] આંબેડકરે એમના પિતા પાસેથી અદમ્ય જુસ્સો, પ્રચંડ માનસિક શક્તિ અને સમાજના કલ્યાણ માટેના તીવ્ર રસનો વારસો પ્રાપ્ત કર્યો હતો.[૩૦]

બાળક એ પુખ્તવય માણસનું લઘુરૂપ હોય છે. આથી ભીમના બાળપણના કેટલાક પ્રસંગો એમના વ્યક્તિત્વની પૂરતી ઝાંખી કરાવી આપે છે. બાળપણથી જ તેઓ સ્વભાવે લડકણા, ચબરાક અને નીડર હતા. જે કોઈ વ્યક્તિ કે સંજોગો એમના પર શિસ્ત કે વર્તનના નિયમો લાદવા જાય તેનો તે જુસ્સાથી પ્રતિકાર કરતા. જ્યાં સુધી વાત પડકાર કે પ્રત્યાઘાત સુધી ન પહોંચે ત્યાં સુધી એમને કોઈ કામ કરતા રોકવાનું શક્ય ન હતું.[૩૧] તેમને વાંચનનો ખૂબ જ શોખ હતો. એ શોખ જીવનમાં કોઈક નિશ્ચિત હેતુનું સ્વરૂપ ધારણ કરતો

હતો. શક્ય તેટલા તમામ શસ્ત્રોથી પોતાની જાતને સજ્જ કરીને જ્ઞાનનો ભંડાર બનાવવાનું અને જીવનમાં ઉચ્ચ ધ્યેયો સિધ્ધ કરવાનું તથા એક મહાન કારકિર્દીનું નિર્માણ કરવાનું એમનું ધ્યેય હતું.[૩૨] તેથી જ પોતાના ધ્યેય ઉપર અટલ શ્રધ્ધા રાખી તેઓ દલિતોમાં શ્રધ્ધા પેદા કરતા હતા.[૩૩]

આંબેડકરના મન ઉપર અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીના પ્રાધ્યાપકના વ્યક્તિત્વની ઘણી ઊંડી છાપ પડી હતી. તેમનું નામ એડવીન આર. એ સેલિગ્મન હતું. તેઓ સ્નેહી હતા. આ પ્રાધ્યાપક મહાશય એટલી આકર્ષક રીતે વિદ્યાર્થીઓને જ્ઞાન આપતા હતા કે એમના પ્રેમાળ સ્વભાવનો, ગાઢ વિચારોનો અને પ્રવાહી ભાષાનો પરિચય તેમના શિષ્યોના જીવન પર ચિરકાળ સુધી ટકી રહેતો. આંબેડકરના જ્ઞાનયજ્ઞની શરૂઆત અમેરિકામાં થઇ. દરરોજ અઢાર કલાક સુધી અભ્યાસ કરવો એ તેમનું જીવનધ્યેય હતું.[૩૪] અમેરિકા ખાતેના વસવાટ દરમ્યાન આંબેડકરના મન પર બે ઘટનાઓની વિશેષ અસર પડી હતી. પ્રથમ ઘટના એટલે અમેરિકન બંધારણમાં ગુલામીપ્રથા નષ્ટ કરનારો ૧૪ મો સુધારો અને બીજી ઘટના અમેરિકામાંના નિગ્રો લોકોનો ઉધ્ધાર કરતાં કરતાં બુકર. ટી. વોશિંગ્ટનનું થયેલું મૃત્યુ.[૩૫] આંબેડકરની ખાસિયત તેમનો સૂક્ષ્મ અભ્યાસ, સિધ્ધાંતોનું વિસ્તૃત વિવેચન કરવાની તેમની પધ્ધતિ અને વિચારપ્રવર્તક શૈલી.[૩૬] તેમનાં લખાણ અને ભાષણમાં દાહકતા અને પ્રકાશ એ બે ગુણો હંમેશાં જોવા મળતા. જ્યારે તેઓ ભારતીય પ્રશ્નોનો વિચાર આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં કરતા ત્યારે તેઓ પોતાના વિચારો ઉપર કડવાશનું આવરણ ચઢવા દેતા નહીં. રાજકીય અને સામાજિક પ્રશ્નોની ઝાટકણી કાઢતી વેળા તેઓ જોકે કઠોર અને ન્યાયનિષ્ઠુર બનતા. તેમના હૃદયમાંનું સ્વદેશાભિમાનનું સ્પંદન અને સ્ફુરણ કદી અટક્યું નહીં.[૩૭] સરદાર પટેલ અને આંબેડકરની મુખ્ય વિશેષતાઓ એ હતી કે તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. આગ્રહ, દૃઢતા, સહન કરવાની શક્તિ, નેતાગીરી માટેની નીડરતા, સ્પષ્ટવક્તાપણું, હિંમતબાજ, વ્યવહારકુશળતા, વિચક્ષણબુદ્ધિ, અદમ્ય જુસ્સો, સમાજના કલ્યાણ માટેનો તીવ્ર રસ વગેરે તેમનામાં ઉમદા ગુણો હતા.

**૪. કાર્યો**

**(૧) ૧૯૧૭થી ૧૯૨૭**

૧૯૧૭ના વર્ષમાં સરદાર ગાંધીજીને સૌપ્રથમ મળ્યા હતા. આ જ વર્ષમાં તેઓ મ્યુનિસિપાલિટીના સભાસદ અને સેનેટરી સમિતિના અધ્યક્ષ હતા.અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે આ મહામારીને રોકવા તેઓએ પોતાના આરોગ્યની પરવા કર્યા વિના કાર્ય કર્યું હતું. ગુજરાતનાં ગામોમાં દુષ્કાળ પડ્યો ત્યારે ગુજરાત સભાએ રાહતકાર્ય ઉપાડ્યું તેમાં સરદારે સક્રિય ભાગ ભજવ્યો.[૩૮] તેમણે ચંપારણ મેમોરેન્ડમ અને વેઠપ્રથા સામેની ઝુંબેશમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી.[૩૯] ગાંધીજીની અહિંસક-વિચારધારાનો પ્રયોગ સરદારે ખેડા જિલ્લામાં કર્યો.ગરીબ ખેડૂતો પાસેથી સરકાર મહેસૂલ ઉઘરાવવામાં ખૂબજ નિર્દય બની હતી.સરદારે ખેડૂતોનો પક્ષ લઈ અહિંસક આંદોલન દ્વારા અંગ્રેજ સરકારને નમાવી મહેસૂલ માફ કરાવ્યું.[૪૦] ૧૯૧૭ના વર્ષમાં તે સમયે ડો.આંબેડકર પી.એચ.ડી ની ડિગ્રી પ્રાપ્ત કરી ચૂક્યા હતા. ૧૯૧૮માં ગુજરાતમાં 'બેગર'નું દૂષણ હતું.તેમણે આ દૂષણ સામે લોકમત જાગ્રત કર્યો અને આખરે આ દૂષણનો અંત લાવ્યા.[૪૧] ૧૯૨૦માં અખિલ ભારતીય કોંગ્રેસના નવા બંધારણ પ્રમાણે ગુજરાત પ્રાંતીય કોંગ્રેસ સમિતિની રચના કરવામાં આવી.જેમાં વલ્લભભાઈની અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ. તેઓએ આ જવાબદારી સન ૧૯૪૫ સુધી ૨૫ વર્ષ માટે સંભાળી હતી. સરદારે ૧૯૨૦ માં અસહકાર અને ૧૯૨૩માં બોરસદ અને નાગપૂર ઝંડા સત્યાગ્રહમાં અગત્યની ભૂમિકા ભજવી. ૧૯૨૧માં કોંગ્રેસના ૩૬મા અધિવેશનનું આયોજન અમદાવાદમાં કરવામાં આવ્યું હતું. આ અધિવેશનની કાયમી સ્મૃતિ જાળવવાના હેતુથી સરદારે એક અદ્યતન અને સુંદર હોસ્પિટલની સ્થાપના કરી જે આજે વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ તરીકે વિખ્યાત છે. ૧૯૨૪ની ચૂંટણીમાં વલ્લભભાઈ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે ચૂંટાયા.૧૯૨૪ થી ૧૯૨૭નાં ત્રણ વર્ષના સમયગાળામાં સરદારે અમદાવાદમાં સ્વચ્છતા, ગટરવ્યવસ્થા, કચરાનો નિકાલ,શુદ્ધ પાણીની ઉપલબ્ધિ, તબીબી સારવાર, વાચનાલય જેવાં અનેક લોકોપયોગી કાર્યો કર્યાં. ૧૯૨૭માં ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં જે અભૂતપૂર્વ પૂર(રેલ)ના કારણે ગંભીર સ્થિતિ ઊભી થઈ ત્યારે રેલરાહતનું કાર્ય સરદારશ્રીએ ઉપાડી લીધું. સરદારે ગાંધીજીના રચનાત્મક કાર્યોનો સુદૃઢ પાયો નાંખ્યો. ખાદી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, સ્વદેશી રાષ્ટ્રીય શિક્ષણ વગેરે પ્રવૃત્તિઓ કરી. દેશસેવા માટે પ્રતિબદ્ધ તાલીમ પામેલા અને ભરોસાપાત્ર કાર્યકરોને તૈયાર કર્યા. લોકોમાં જાગૃતિ લાવી તેમને પોતાના હક્ક માટે નિર્ભયતાપૂર્વક લડી લેવા માટે અને નીડરતાથી અહિંસક રીતે અન્યાયનો પ્રતિકાર કરવા માટે તૈયાર કર્યા.[૪૨] આમ,

સરદારે ભારત અને ગુજરાતમાં લોકોમાં જાગૃતિ લાવી સેવાકાર્યો કર્યા. બાળલગ્ન અને ભ્રૂણહત્યાના સરદાર કટ્ટર વિરોધી હતા.

આ જ સમયમાં ડૉ. આંબેડકરે ૧૯૨૪માં 'બહિષ્કૃત હિતકારિણી સભા' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. જેનો હેતુ કહેવાતા અસ્પૃશ્યોમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવાનો અને તેમના આર્થિક ઉત્થાનનો હતો.[૪૩] અસ્પૃશ્યોમાં આર્થિક તેમજ રાજકીય અધિકારોની જાગૃતિ માટે ૧૯૨૦ થી ૧૯૩૦ માં 'મૂકનાયક' નામનું પાક્ષિક અખબાર શરૂ કર્યુ. ૧૯૨૭માં 'બહિષ્કૃત ભારત' નામે એક મરાઠી પાક્ષિક શરૂ કર્યું. જેનું નામ ૧૯૩૦માં 'જનતા' રાખવામાં આવ્યું. જેનો ઉદ્દેશ અસ્પૃશ્યોને શિક્ષણ આપવાનો અને સરકાર સમક્ષ અસ્પૃશ્યોની ફરિયાદો રજૂ કરવાનો હતો. ૧૯૨૫માં આંબેડકરે દક્ષિણ ભારતમાં દેવદાસી પ્રથા સામે લડત શરૂ કરી હતી. તેમણે ૧૪ વર્ષથી નીચેની વયનાં બાળકોની મજૂરી પર પ્રતિબંધ મૂક્યો હતો, જ્યારે તેઓ વાઇસરોયની કાઉન્સિલમાં મજૂર ખાતું સંભાળતા હતા. ૧૯૨૬માં સરકારે તેમની વિધાનસભાના સદસ્ય તરીકે નિયુક્તિ કરી. ૧૯૨૭માં આંબેડકરે મહાડમાં જાહેર તળાવનો ઉપયોગ પોતાનો સમુદાય કરી શકે તે માટે એક શાંત પ્રતિકારનું આંદોલન ચલાવ્યું. ડિસેમ્બર ૧૯૨૭માં એક જાહેરસભામાં હિંદુ કાયદા અને રિવાજોનો ભંગ કરીને અસ્પૃશ્યોને અન્યાય કરતી મનુસ્મૃતિને બાળી. નાશિકમાં કાલારામ મંદિર સત્યાગ્રહ મંદિરોમાં પૂજાના અધિકાર માટે કરવામાં આવ્યો.[૪૪] દારૂબંધી, શિક્ષણ બાબતે લોકોને જાગૃત કર્યા.

### (૨) ૧૯૨૮ થી ૧૯૪૬

૧૯૨૮નું વર્ષ શ્રી વલ્લભભાઇના જીવનનું સૌથી મહત્વનું વર્ષ ગણી શકાય. સુરત જિલ્લાના બારડોલીમાં ખેતઉત્પન્નની કિંમત ધ્યાને લીધા વિના સરકારી મહેસૂલમાં કરાયેલા જંગી વધારાથી ખેડૂતોમાં ઘેરા અસંતોષની લાગણી હતી. મહાત્મા ગાંધીએ વલ્લભભાઇને આ સત્યાગ્રહના સેનાપતિ તરીકે નિયુક્ત કર્યા. તેમણે ગામેગામ કસાયેલા કાર્યકરોને સાથે લઈને જનસમૂહમાં અભૂતપૂર્વ ચેતના ફેલાવી. સત્યાગ્રહની સફળતાના ઉત્સવ સમારંભમાં ગાંધીએ શ્રી વલ્લભભાઇને 'સરદાર'ને સંબોધન કર્યું. ૧૯૩૦ ના 'મીઠા સત્યાગ્રહ' ની આયોજનની જવાબદારી સરદારને આપવામાં આવી હતી. જેમણે મીઠાના કાયદાના ભંગ માટે નવસારી નજીકના દાંડીના સમુદ્રતટની પસંદગી અને અમદાવાદથી દાંડીના કૂચના માર્ગ પરની તમામ વ્યવસ્થા ગોઠવી. ૧૯૩૪માં સરદારની વરણી કૉંગ્રેસ સંસદીય સમિતિના અધ્યક્ષ તરીકે થઈ. સંસદીય સમિતિ મારફત સરદારે સમગ્ર કૉંગ્રેસનું સંચાલન સફળ રીતે સંભાળ્યું. ૧૯૩૫માં નાકનું ઓપરેશન કરાવ્યા બાદ બોરસદમાં ફેલાયેલા પ્લેગના નિવારણ માટે સરદારે અસરકારક વ્યવસ્થા ગોઠવી.[૪૫] આ જ વર્ષમાં કમળાની બિમારીનો ભોગ બનેલા સરદારે પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના મુંબઇ જઇને કવેટામાં આવેલ ભૂકંપપીડિતો માટે ભંડોળ એકત્ર કર્યુ. ૧૯૩૬માં નાદુરસ્ત તબિયત છતાં સરદારે દેશી રજવાડાં, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, રાષ્ટ્રીય શિક્ષણમાં પ્રદાન કરતાં વિદ્યાલયો અને રચનાત્મક પ્રવૃત્તિઓના વ્યાપ અને વિકાસ માટે સતત પરિશ્રમ કર્યો.[૪૬] ૧૯૪૨ ની 'ભારત છોડો' ચળવળમાં સક્રિય ભાગ લીધો. ત્રણ વર્ષ સુધી જેલવાસ ભોગવ્યો. ૧૯૪૫માં જેલમાંથી છૂટા થયા બાદ વચગાળાની સરકારમાં કૉંગ્રેસનું પ્રતિનિધિત્વ કર્યુ.[૪૭] ૪ એપ્રિલ ૧૯૪૬ના રોજ સરદારે તેમના મોટાભાઇ શ્રી વિઠ્ઠલભાઇ પટેલની સ્મૃતિમાં સ્થપાયેલ ચારુતર વિદ્યામંડળ સંચાલિત વિઠ્ઠલભાઇ પટેલ મહાવિદ્યાલયનું ઉદઘાટન કર્યુ. આ સંસ્થાનો વિકાસ થઇને આજે સરદાર પટેલ વિશ્વવિદ્યાલય અને વલ્લભવિદ્યાનગરનું વિશાળ શૈક્ષણિક સંકુલ અસ્તિત્વમાં આવ્યું છે.[૪૮]

બીજી તરફ આંબેડકરની વાત કરીએ તો જૂન ૧૯૨૮માં ડૉ. આંબેડકર મુંબઇની ગર્વમેન્ટ લૉ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. તે સમયે 'સાયમન કમિશન' ને મદદરૂપ થવા બ્રિટિશ ભારતમાં જુદી જુદી પ્રાંતિક સમિતિઓની રચના કરવામાં આવી. ૩ ઓગસ્ટ ૧૯૨૮ના રોજ સરકારે ડૉ. આંબેડકરને મુંબઇની કમિટીમાં નિમ્યા.જેમાં તેમણે મહાર વેતન ધારો-૧૮૭૪માં સુધારો કરવા માટેનો ખરડો રજૂ કર્યો. તેમણે એવી દરખાસ્ત કરી હતી કે મહારોમાં અસમાનતાપૂર્ણ વ્યવસ્થા દૂર થવી જોઈએ અને ૬૦,૦૦૦ વેતનદાર મતદારોને સરકારી નોકર ગણવા જોઇએ તથા તેમને તેમના કામ બદલ નિયમિત પગાર મળવો જોઈએ. ખરડો પસંદગી સમિતિને મોકલવામાં આવ્યો અને તેણે તેને ઓળખી જ ન શકાય તે હદે બદલી નાંખ્યો. આંબેડકરે તે ખરડો પાછો ખેંચી લીધો.પરંતુ સરકારે પોતે જ ૩૦ વર્ષ પછી મહાર વેતનની પ્રથા નાબૂદ કરી. ૨૩ ઓકટોબર ૧૯૨૮ના રોજ ડૉ. આંબેડકરે 'સાયમન કમિશન' સમક્ષ અછૂતોના પ્રાણપ્રશ્નો અને તેના નિરાકરણ ઉપર રજૂઆત કરી. ૧૯૩૦માં તેમને પદદલિત વર્ગોના પ્રવકતા તરીકે ગોળમેજી પરિષદમાં હાજરી આપવા વાઇસરોય તરફથી

આમંત્રણ અપાયું. આ પરિષદમાં તેમણે દલિત વર્ગ માટે શોષણમુક્તિ અને રાજકીય અધિકારોની માંગણી કરી. બીજી ગોળમેજી પરિષદ ૧૯૩૧માં પણ તેમણે અછૂતોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી. ૧૯૩૨માં બ્રિટિશ વડાપ્રધાને કોમ્યુનલ એવોર્ડ જાહેર કરી અછૂતોને અલગ મતાધિકારની જાહેરાત કરતાં ગાંધીજીએ યરવડા જેલમાં ઉપવાસ કર્યા. ગાંધીજીનું જીવન ભયમાં હતું. હિંદુ નેતાઓ અને ડૉ. આંબેડકર વચ્ચે ૨૪ સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ 'પૂના કરાર' થયા. અને સમાધાન થયું. દલિત વર્ગોને ૧૪૮ બેઠકો અનામત તરીકે આપવામાં આવી. ભારતની સંસદ અને રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામતની જોગવાઈ કરી. ૧લી જૂન ૧૯૩૫ના રોજ મુંબઇની સરકારે ડૉ. આંબેડકરની નિમણૂક સરકારી લૉ કોલેજ મુંબઇના પ્રિન્સિપાલ તરીકે કરી. ૧૯૩૬માં આંબેડકરે 'સ્વતંત્ર મજૂર પક્ષ' ની સ્થાપના કરી. ૧૯૩૭ની ચૂંટણીમાં આંબેડકર મુંબઈની ધારાસભામાં ચૂંટાઇ આવ્યા. ૧૭ સપ્ટેમ્બર,૧૯૩૭ ના દિવસે તેમણે મુંબઈની ધારાસભામાં મહારાષ્ટ્રના કોંકણમાં જે 'ખોતપ્રથા' ચાલુ રહી હતી તેને નાબૂદ કરવા માટેનું વિધેયક રજૂ કર્યું હતું. આ વિધેયકનો મુખ્ય હેતુ 'ખોતી' પ્રથાને નાબૂદ કરીને, ખેતી કરતા ખેડૂતોને ખેતજમીન પર અધિકાર પ્રાપ્ત કરાવી આપવાનો હતો. ઓકટોબર ૧૯૩૯માં નેહરુની આંબેડકર સાથે પ્રથમ મુલાકાત થઇ. ૧૯૪૦માં આંબેડકરનું પુસ્તક 'પાકિસ્તાન ઉપર વિચારો' પ્રકાશિત થયું. જુલાઇ ૧૯૪૧માં ડૉ. આંબેડકર ભારતના વાઇસરોયની એકઝિક્યુટિવ કાઉન્સિલમાં પ્રતિનિધિ નિમાયા. ૨૦ મી જુલાઇ ૧૯૪૨ના રોજ વાઇસરોયની કાઉન્સિલમાં આંબેડકરની મેમ્બર(પ્રધાન) તરીકે નિમણૂક થઇ. તેમણે લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળી લીધો. સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી' ના નેજા હેઠળ મુંબઇમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી. તેમણે શ્રમજીવીઓના હિતની અનેક પ્રવૃત્તિઓ કરી. વળી ડૉ.આંબેડકરે "શુદ્રો કોણ હતા?" નામનું પુસ્તક લખ્યું અને તે પ્રકાશિત કરાવ્યું. ૧૯૪૬માં વચગાળાની સરકાર રચવાનો તેમજ બંધારણસભા બોલાવી ભારતનું બંધારણ ઘડવાનો નિર્ણય લેવાયો. ડૉ.આંબેડકર ભારતની બંધારણસભામાં ચૂંટાયા. ૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ પ્રથમવાર બંધારણસભા દિલ્હીમાં મળી. ડૉ.આંબેડકરે ભારતના બંધારણના માળખા તેમજ લઘુમતી કોમના હક્કો વિશે સચોટ વિચારો વ્યક્ત કર્યા.[૪૯]

## (૩) ૧૯૪૭ થી ૧૯૫૦

૫ જુલાઇ ૧૯૪૭ના રોજ સરદાર પટેલના અખત્યાર હેઠળ દેશી રજવાડાં અંગેનું મંત્રાલય સ્થાપવામાં આવ્યું. ૫ જુલાઇ ૧૯૪૭થી ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના છ સપ્તાહના ટૂંકા સમયમાં ત્રણ સિવાયનાં દેશી રજવાડાંને ભારતમાં વિલિનીકરણ માટે સમજાવી લીધાં. તે અંગેના લેખિત કરારો ઉપર સહી કરાવી લીધી. સરદારની આ સિદ્ધિ વિશ્વમાં અજોડ છે.[૫૦] સ્વતંત્રતા બાદ બંધારણના ઘડતરમાં સરદારનું પ્રદાન નોંધપાત્ર રહ્યું. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહપ્રધાન અને નાયબ વડાપ્રધાન બન્યા.

ગૃહપ્રધાન તરીકે તેમનું કાર્ય કસોટી અને પડકારરૂપ હતું. મુસ્લિમ લીગે ઘણા પ્રાંતોમાં સીધી ચળવળ શરૂ કરી હતી. અરાજકતા અને કોમી નફરતનો માહોલ ચારેતરફ ઉગ્ર બનેલો હતો. પણ આ બધામાંથી દેશને તેમણે દૂરંદેશીપૂર્વક બહાર કાઢવાનો જશ મેળવ્યો. તે પછી દેશના ભાગલાના પ્રકરણે અનેકવિધ અડચણો અને અરાજકતાના પ્રશ્નો ઊભા કર્યા. આવા વિરાટ કાર્યને પણ કુશળતાપૂર્વક સંભાળી મુત્સદ્દી ગૃહપ્રધાન તરીકે પોતાની યોગ્યતા પુરવાર કરી.[૫૧] સરદારે ભારતીય સંવિધાન સભામાં વરિષ્ઠ નેતાની ભૂમિકા ભજવી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરને પ્રારૂપ સમિતિના પ્રમુખ તરીકે નિમવામાં તેમજ વિવિધ રાજકીય વિચાર ધરાવતા નેતાઓનો સંવિધાનની ઘડતર પ્રક્રિયામાં સમાવેશ કરવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી. ઇ.સ. ૧૯૪૮ ની ૧૩ મી નવેમ્બરે સરદારે સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથની મુલાકાત લીધી. અને મહાદેવના આ ભગ્ન મંદિરની ભવ્ય પુન : પ્રતિષ્ઠાનો સંકલ્પ કર્યો. ૧૧ મી મે ૧૯૫૧ના રોજ તેમની હયાતી બાદ આ નવનિર્મિત મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી. ૧૯૪૮ અને ૧૯૪૯ ના સમયગાળા દરમ્યાન વિવિધ રાજ્યોને નજીકના પ્રાંતો સાથે જોડવાની કામગીરી કશા અવરોધ વિના સંપન્ન કરી.[૫૨] ભારત દેશના એકત્રીકરણ માટે કરેલી જહેમત તેમને 'અખંડ ભારતના શિલ્પી' તરીકે સ્થાપે છે. ૧૯૪૮ના વર્ષમાં નાગપુર યુનિવર્સિટી, બનારસ હિન્દુ યુનિવર્સિટી અને અલ્હાબાદ યુનિવર્સિટીએ સરદારશ્રીને 'ડૉકટર ઓફ લૉઝ' ની માનદ પદવી એનાયત કરી. ઇ.સ. ૧૯૪૯માં તેમણે ઉસ્માનિયા યુનિવર્સિટીએ તેમને 'ડૉકટર ઓફ લૉઝ' ની પદવી એનાયત કરી.[૫૩]

વિવિધ કામોની જવાબદારી વચ્ચે સરદારની બીમારી દિવસે દિવસે વધતી હતી. વધારે પડતી બીમારીના

કારણે તેમને દિલ્હીમાંથી હવાફેર માટે મુંબઇ લાવવામાં આવે છે. છેલ્લા દિવસોમાં આંતરડાનો વ્યાધિ એટલો બધો લાગુ પડ્યો કે તેઓએ અસહ્ય પીડા સહન કરી. દેશની સેવામાં તેમણે બીમારી તરફ ક્યારેય ધ્યાન આપ્યું ન હતું. અમદાવાદની પ્રજાએ જ્યારે તેમને સન્માન કરવા માટે બોલાવ્યા ત્યારે તેમની તબિયત સારી ન હતી. પરંતુ પ્રજાના સ્નેહ અને આદરભાવને જોઇને તેઓ અમદાવાદ આવે છે. ૧૨-૧૨-૧૯૫૦ ના રોજ તેમને મુંબઇ લાવવામાં આવ્યા. ત્યાં તેમનું દર્દ હળવું થવાને બદલે વધ્યું. ૧૫-૧૨-૧૯૫૦ ના સવારે ૯:૩૭ કલાકે તેમને મોટો હૃદય હુમલો થયો. અને તેમનો આત્મા પરમાત્મામાં વિલીન થઇ ગયો.[૫૪]

૨૯ એપ્રિલ ૧૯૪૭ના રોજ ભારત-પાકિસ્તાન અલગ રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યાં. ૩ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડૉ. આંબેડકરને કાયદાપ્રધાન બનાવવામાં આવ્યા. ૨૯ ઓગસ્ટે ડૉ. આંબેડકરની ભારતના બંધારણીય ડ્રાફિટંગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઇ. અનેક મુશ્કેલીઓ અને નાદુરસ્ત તબિયત વચ્ચે પણ આંબેડકરે ફેબ્રુઆરી ૧૯૪૮ના છેલ્લા અઠવાડિયામાં ભારતના બંધારણની કાચી નકલ તૈયાર કરી. ભારતના બંધારણના કાચા મુસદ્દાને દેશના લોકોના પ્રત્યાઘાતો જાણવા માટે છ માસ સુધી જાહેરમાં મૂકવામાં આવ્યો. ૪ નવેમ્બર ૧૯૪૮ના રોજ ડૉ. આંબેડકરે ભારતના બંધારણને બંધારણ સભાની બહાલિ માટે રજૂ કર્યું. ડૉ. આંબેડકર રચિત બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતાં. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું. માર્ચ ૧૯૫૨માં ડૉ. આંબેડકર મુંબઇની ધારાસભાની બેઠક ઉપર રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા. રાજ્યસભાના સભ્ય બન્યા. ૧ જૂન ૧૯૫૨ના રોજ તેઓ ન્યૂયોર્ક ગયા. અને ૫ જુન ૧૯૫૨ના રોજ કોલમ્બિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી 'ડૉકટર એટ લૉ' ની પદવી આપી. ૧૨ જાન્યુઆરી ૧૯૫૩ના રોજ ભારતની ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડૉ. આંબેડકરને 'ડૉકટર ઓફ લિટરેચર' ની ઉચ્ચ પદવી આપી. જીવનભર સંઘર્ષ કરનારા આ મહામાનવે દલિતોના ઉધ્ધાર માટે ખૂબ જ શ્રમ કર્યો. ૬ ડિસેમ્બર ૧૯૫૬ના દિવસે એમના અંતિમ પુસ્તક 'ભગવાન બુધ્ધ અને તેમનો ધર્મ' ની પ્રસ્તાવના લખીને એ ચિરનિદ્રામાં પોઢી ગયા.[૫૫]

## ૫. સરદાર અને આંબેડકર

સરદાર અને આંબેડકર બંનેનાં વ્યક્તિત્વમાં સમાનતા વધારે અને વિરોધાભાસ ઓછો છે. બન્ને ભારતમાતાના સુપુત્રો હતા. બન્ને બેરિસ્ટર હતા. બન્નેને મરણોત્તર ભારતરત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આધુનિક ભારતને જોડવામાં બન્નેનું યોગદાન ઐતિહાસિક રૂપનું છે. સરદાર પટેલે ૫૬૨ રજવાડાંને સ્વાતંત્ર્યોતર ભારતમાં સંમિલિત કરવાનું ઐતિહાસિક કાર્ય કર્યુ. તો ડૉ. આંબેડકરે સ્વાતંત્ર્યોતર આધુનિક ભારતની સ્વતંત્રતાને કાયમ રાખવા માટે ભારતના સંવિધાનનું નિર્માણ કર્યુ. સરદારે ભારતની અખંડિતતાને ચાલુ રાખવા માટે રજવાડાંને સંમિલિત કર્યુ. તેનું માધ્યમ સંવિધાન હતું. આ સંવિધાનનું નિર્માણ ડૉ. આંબેડકરે કર્યું. બંનેએ ઘણી મુશ્કેલીઓનો સામનો કરી અથાગ પરિશ્રમ કરી દેશના એક મહાન વ્યક્તિ બન્યા. દારૂબંધી, બાળલગ્ન, અસ્પૃશ્યતા, સ્ત્રીઓનું સશક્તિકરણ, સ્વચ્છતા વગેરે બાબતે અનેક પ્રવૃત્તિઓ કરી દેશના લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યુ.

આંબેડકરનું કાર્ય સામાજિક ઉત્થાનનું હતું. સરદાર અને આંબેડકરે અલગ અલગ આંદોલનો ચલાવ્યાં. જેમાં હેતુ એક જ હતો. પરંતુ કાર્ય કરવાનો અભિગમ/પધ્ધતિ જુદી જુદી હતી. તેમાં બંનેનો આંતરવિરોધ જોવા મળે છે. આંબેડકરે મુંબઈની ધારાસભામાં મહારાષ્ટ્રના કોંકણમાં જે 'ખોતપ્રથા' ચાલુ રહી હતી તેને નાબૂદ કરવા માટેનું વિધેયક રજૂ કર્યું હતું. 'ખોત' એટલે કે જમીનમાલિકને તેની જમીનમાલિકીની નાબૂદીના બદલામાં વળતર તરીકે યોગ્ય રકમ આપીને જે ખેડૂતના તાબામાં એ જમીન હોય તેને રૈયતવારી પ્રથા અનુસાર એ જમીનનો માલિકી હક આપવો. આ વિધેયકનો મુખ્ય હેતુ 'ખોતી' પ્રથાને નાબૂદ કરીને, ખેતી કરતા ખેડૂતોને ખેતજમીન પર અધિકાર પ્રાપ્ત કરાવી આપવાનો હતો.[૫૬] આમ, ખોતપ્રથા એ વેઠપ્રથાનું જ અલગ રૂપ હતું. સરદારે વેઠપ્રથા વિરૂધ્ધ આંદોલન ચલાવ્યું. અલગ રૂપથી બંને સરખા હતા. તે જ રીતે આંબેડકરે મુંબઈ કમિટીમાં મહાર વેતન ધારો-૧૮૭૪૫૬ માં સુધારો કરવા માટેનો ખરડો રજૂ કર્યો હતો.આ ધારા અનુસાર મહારોએ જે ગામમાં રહેતા હોય તે ગામની તમામ રીતે સેવા કરવાની હતી અને તેના બદલામાં તેમને મહિને બે આનાથી માંડીને એક રૂપિયો અને આઠ આના મળતા હતા અને વધારામાં થોડુંક અનાજ ગ્રામજનો તરફથી મળતું હતું.જો કોઈ પણ કારણસર વેતનદાર મહાર પોતાની આ ફરજો નિભાવી ના શકે તો કુટુંબના કોઈ બીજા સભ્યે તેની

અવેજીમાં તે કામ કરવું પડતું હતું.આ વારસાગત ગુલામી અથવા 'બેગાર' પ્રથા જ હતી. તેને દૂર કરવા આંબેડકરે પ્રયત્નો કર્યા. તો સરદારે પણ ગુજરાતમાં 'બેગર'નું દૂષણ હતું.તેની સામે લોકમત જાગૃત કરી આ દૂષણનો અંત લાવ્યા.

સરદાર પટેલ અને ડૉ.આંબેડકરના વિચારોમાં કેટલીક બાબતમાં સમાનતા જોવા મળે છે.જેમ કે, આંબેડકરને લોકહિતવાદી સરદાર પટેલ તરફ આદરની ભાવના હતી.[૫૭] તો બીજી તરફ સરદારનું વ્યક્તિત્વ એકદમ ઓલિયા જેવું હતું, પણ રાષ્ટ્રના હિતમાં એમણે સૌને જોડવાનું કાર્ય કર્યું. એમના જ પ્રયાસોથી ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી જેવી કૉંગ્રેસ વિરોધી વ્યક્તિઓને પણ રાષ્ટ્રનિર્માણમાં જોડવા નેહરુ સરકારમાં સામેલ કરાવ્યા હતા.[૫૮]

૨૯ એપ્રિલ, ૧૯૪૭ના રોજ બંધારણ સમિતિએ ગર્જના કરી વિશ્વને જણાવ્યું કે અસ્પૃશ્યતાની રૂઢિ હવે નાબૂદ થઈ છે. એ રૂઢિનો હવે અંશમાત્ર પણ સિલક રહેશે નહિ. અસ્પૃશ્યતાને કારણે કોઈ પણ વ્યક્તિ પર અન્યાય થાય તો તે એક અપરાધ સમજવામાં આવશે. બંધારણ સમિતિ સમક્ષ આ નિવેદન કરવાનું સૌભાગ્ય સરદાર વલ્લભભાઈ પટેલને પ્રાપ્ત થયું.[૫૯]

હૈદરાબાદના નિઝામ દ્વારા પોતાના રાજ્યને અલગ રાખી હિંદની એક્તા માટે પડકાર ઊભો કર્યો હતો.નિઝામના રઝાકાર અને તેમના સૈનિકોના ઉપદ્રવને ડામવા માટે સરદારે પોલીસ એક્શન નામની ઝુંબેશ સાથે સપ્ટેમ્બર,૧૯૪૮માં હૈદરાબાદને પણ હિંદ સાથે જોડી વિશાળ ભારતનું સ્વપ્ન સાકાર કર્યું હતું. આખી યોજનાને 'ઓપરેશન પોલો' નામ આપવામાં આવ્યું હતું. નિઝામના હૈદરાબાદ રાજ્યમાં જ્યારે પોલીસે કાર્યવાહી કરી ત્યારે આંબેડકરે તે કાર્યવાહી કરનાર ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલને જોરદાર ટેકો આપ્યો.[૬૦]

'કાશ્મીર અંગે શરૂઆતમાં સરદારની એવી ગણતરી હતી કે મુસ્લિમ બહુમતી ધરાવતું કાશ્મીર વેળાસર જાહેરાત કરીને પાકિસ્તાન સાથે ભળી જાય તો ભલે.' જ્યારે ધનરાજ ડાહાટે 'ડૉ.અમ્બેડકર ઔર કશ્મીર સમસ્યા'માં કાયદાપ્રધાનના હોદ્દેથી રાજીનામું આપ્યા પછી ડૉ.આંબેડકરે ૧૦ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ કહેલા શબ્દોને ટાંક્યાં છે : 'કાશ્મીર સમસ્યાનું સાચું સમાધાન રાજ્યના વિભાજનમાં છે,જેવું હિંદુસ્તાનના સંદર્ભમાં કર્યુ. હિંદુ અને બૌદ્ધ વસ્તીવાળા જમ્મુ અને લડાખનો પ્રદેશ ભારતને અને મુસલમાન વસ્તી ધરાવતો પ્રદેશ પાકિસ્તાન સાથે જોડવામાં આવે.[૬૧]

બંધારણમાં ડૉ.આંબેડકરના અછૂતો માટેના અનામતના મુદ્દે સરદાર વલ્લભભાઈ સંમત હતા.[૬૨]

સરદાર પટેલ અને ડૉ.આંબેડકરના વિચારોમાં કેટલીક બાબતમાં વિરોધાભાસ જોવા મળે છે.જેમ કે, સરદાર પટેલ ગાંધીજીના અનુયાયી હતા. ગાંધીજીનો અભિગમ જાતીય આંદોલનમાં મતપરિવર્તનથી હતો. તેના માધ્યમથી પરિવર્તન લાવવું તે સરદારને અભિપ્રેત હતું, પરંતુ આંબેડકરને મતપરિવર્તનથી મતલબ ન હતો. તેઓ માનતા કે મતપરિવર્તન એ ધીમી પ્રક્રિયા છે. જો તે પરિવર્તન થાય તો પણ ઘણાં વર્ષો થાય એમ તેઓ માનતા હતા. તેઓ માનવાધિકારોને વધારે મહત્વ આપતા.

મુંબઈમાં શેડ્યૂલ્ડ કાસ્ટ્સ ફેડરેશન દ્વારા એક સભાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં આંબેડકરે કહ્યું કે,''પોતે હિંદુસ્તાનના નાગરિકો છે. એ સિદ્ધ કરવા માટે અસ્પૃશ્ય વર્ગોએ અથાગ પ્રયત્નો કરવા જોઇએ. અસ્પૃશ્ય વર્ગો મુસલમાનો પ્રમાણે દેશના ભાગલા કરી તેમને માટે એક સ્વતંત્ર ભાગની માંગણી કરતા નથી.તેમને સમાન અધિકારો જોઈએ છે,આશ્રય નહિ.કોંગ્રેસને જો એમ લાગતું હોય કે અમારી લાગણીઓ વાજબી નથી તો તે પ્રશ્ન તટસ્થ એવા વિશ્વના ન્યાયાસન સમક્ષ રજૂ કરો.અમે તેનો નિર્ણય સ્વીકારવા તૈયાર છીએ.'' આંબેડકરના ઉપર્યુક્ત ભાષણના કેટલાક દિવસ પહેલાં સરદાર વલ્લભભાઈ પટેલે ભાષણ આપ્યું હતું.તેમણે કહ્યું હતું કે,'' ''કોંગ્રેસનાં પ્રધાનમંડળો કાયદાની રૂએ અસ્પ્રુશ્યતાનું નિર્મૂલન કરશે. અસ્પૃશ્ય વર્ગોની ઉન્નતિ માટે આંબેડકર જે આશાઓ સેવે છે તે યોગ્ય છે,પરંતુ તેમનો માર્ગ ભૂલભરેલો છે,તો પણ આંબેડકર ગાંધીજી અને કોંગ્રેસને ગાળો આપે છે.''[૬૩] જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ આંબેડકરે મહાડ ખાતે કિસાનોના એક વિશાળ સંમેલનને સંબોધતાં કિસાનોની મુશ્કેલીઓ દૂર કરવામાં મંત્રીમંડળ નિષ્ફળ ગયું છે. એ વાતની સમજણ કિસાનોને આપવાનો પ્રયત્ન કર્યો. તેમણે કહ્યું કે,''મુખ્યમંત્રી શોભાના ગાંઠિયા જેવા છે અને અન્ય મંત્રીઓ સરદાર પટેલના ઘરના કૂતરા જેવા છે.'' સરદાર પટેલની પણ તેમણે ઝાટકણી કાઢી. મુંબઈ રાજ્યના મંત્રી શ્રી બાળસાહેબ ખેરના ગુજરાતમાં થયેલ સત્કાર સમારંભમાં વલ્લભભાઈ પટેલે કહ્યું હતું:''ખેરનું સ્વાગત તેઓ ગાંધીભક્ત છે માટે કરવામાં આવ્યું છે,તેઓ મુખ્યમંત્રી છે માટે નહિ.એમ ન હોત તો તેઓએ ખેરને સત્કાર કર્યા વગર જ પાછા મોકલ્યા હોત.'' સરદાર પટેલના આ ભાષણનો ઉલ્લેખ કરી આંબેડકરે કહ્યું: ''એક

મહારાષ્ટ્રીયનનું આવી રીતે અપમાન કરવા માટે હું બદલો લઈશ. પટેલ એવી રીતે મારું અપમાન કરશે તો હું તેમનો સખત ઉધડો લઈશ.'' આ જાહેર ભાષણ હતું.કોઈ ખાનગીમાં કરેલું ભાષણ નહોતું.[૬૪]

જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડવાની ભાવાત્મક અપેક્ષા સ્વાભાવિક રીતે જ દેશના વડાપ્રધાન પંડિત નેહરુની હતી.પણ તેમની આ ભાવનાને મૂર્તિમંત કરવાનું કામ સરદાર પટેલ અને શેખ અબ્દુલ્લાએ કર્યું. કોઈ પણ ભોગે જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડવાની અનિવાર્યતામાંથી જ બંધારણની કલમ ૩૭૦ જન્મી. નેહરુ સરકારમાં ખાતા વિનાના પ્રધાન અને અગાઉ જમ્મુ-કાશ્મીરના પ્રધાનમંત્રી રહેલા એન.ગોપાલસ્વામી આયંગાર મારફત બંધારણની કલમ ૩૭૦ પ્રવેશી .અગાઉ બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ.બાબાસાહેબ આંબેડકરે આવી જોગવાઈ કરવાનું નકાર્યું એટલે સંમત થયેલી ભૂમિકા પર આયંગારે આ કામ કરવું પડ્યું. નેહરુ વિદેશ પ્રવાસે હતા. કોંગ્રેસના આગેવાનો સમક્ષ આ કલમની અનિવાર્યતા પ્રદિપાદિત કરીને તેને સ્વીકૃતિ અપાવવામાં સરદાર પટેલનો મોટો ફાળો રહ્યો. જે ડૉ.આંબેડકર જમ્મુ-કાશ્મીરને અલગ બંધારણીય જોગવાઈ કરી આપતી કલમ ૩૭૦ના પક્ષધર નહોતા, એ જ ડૉ.બાબાસાહેબ જમ્મુ-કાશ્મીરનો ખીણ પ્રદેશ ત્યાંની બહુમતી મુસ્લિમ પ્રજાની આમસહમતિ લઈને, પાકિસ્તાનને સોંપી દેવાના આગ્રહી હતા. માત્ર હિંદુ બહુલ જમ્મુ અને બૌદ્ધ બહુલ લદાખને જ ભારત સાથે જોડવાનો એમનો ખ્યાલ હતો.[૬૫]

૧૯૩૮ના સપ્ટેમ્બરમાં મુંબઈ ધારાસભામાં ઔદ્યોગિક વિવાદ વિધેયક રજૂ કરાયું હતું. બંને કામદાર નેતાઓ આંબેડકર અને જમનાદાસ મહેતાએ આ વિધેયકનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આંબેડકરે આ વિધેયક વિશે બોલતાં કહ્યું હતું કે,'' તેમાં અમુક સંજોગોમાં હડતાળને ગેરકાયદે ઠરાવીને હડતાળ પાડવાના મજૂરોના અધિકારનો ભંગ કરાતો હોવાના કારણસર તે અનુચિત છે. એટલુંજ નહિ, એ રક્તરંજિત તથા રક્તપિપાસુ છે.'' એ ઉપરાંત આ વિધેયકમાં ઉદ્યોગના માલિકને તેનું અંદાજપત્ર ખુલ્લું કરવાની ફરજ પાડવામાં આવી ન હતી અને માલિકોને કામદારો સામે પોલીસનો ઉપયોગ કરવાની સત્તા અપાઈ હતી એ જોગવાઈઓ અંગે આંબેડકરે ઉગ્ર અસંતોષ વ્યક્ત કર્યો હતો. આંબેડકર અને જમનાદાસ મહેતા-એ બંને કામદાર નેતાઓએ તેમની ઉચ્ચ બુદ્ધિમત્તા અને વિવાદ પટુતાનો પૂરેપૂરો ઉપયોગ કરીને આ વિધેયક પર એટલો જબરો હલ્લો કર્યો હતો અને તેના પર એટલા પ્રહારો કર્યા હતા કે ધારાસભામાં શાસક કોંગ્રેસપક્ષના સભ્યો તથા પ્રધાનમંડળના સભ્યોને તેનો જવાબ વાળવો ભારે પડી ગયો હતો. પરંતુ કોંગ્રેસના પ્રધાનમંડળે એ વિધેયક પસાર કરવા ધાર્યું હતું એટલે બહુમતીના આધારે આખરે ધારાસભામાં તે એમને એમ પસાર કરી દેવાયું.આ વિધેયક સામે કામદારોની નાપસંદગી દર્શાવવા માટે ૭ નવેમ્બર ૧૯૩૮ ના દિવસે સ્વતંત્ર મજૂરપક્ષ અને મુંબઈ પ્રાંત ટ્રેડ યુનિયન કોંગ્રેસ દ્વારા એક દિવસની હડતાળ જાહેર કરવામાં આવી હતી. લગભગ ૬૦ જેટલાં વિવિધ મજૂરમંડળોએ આ હડતાળ માટે કામદારોને એલાન આપ્યું હતું. મુંબઈની મિલો અને મ્યુનિસિપલ સેવા બંધ રહી હતી.પોલીસે ગોળીબારનો સહારો લીધો હતો. ગૃહપ્રધાન કનૈયાલાલ મુનશી, સરદાર પટેલ, મથુરદાસ તથા ભવાનજી ખીમજી ઈત્યાદિ કોંગ્રેસી નેતાઓના હડતાળ રોકવાના સઘન પ્રયત્નો નિષ્ફળ થયા હતા.[૬૬]

સરદાર પટેલ સમાજવાદી જૂથની વિચારધારાના વિરોધી હતા. મિલકતના અધિકાર બાબતે તેઓ મક્કમ હતા. કારણકે તેઓ એક ખેડૂત હતા એટલે જમીનની માલિકીને તેઓ પવિત્ર ગણતા હતા. તેમાં કોઈ પણ પ્રકારની દખલગીરી લૂંટમાર સમાન હતી.અને તેનાથી ભારે ગરબડ અને અરાજકતા થઈ જવાની દહેશત તેમને રહેતી હતી. જ્યારે ડૉ.આંબેડકર સમાજવાદી જૂથની વિચારધારાના આગ્રહી હતા. તેઓ મિલકતના મૂળભૂત અધિકારના વિરોધી હતા. આંબેડકર ખેતીમાં રાજ્યની માલિકીની જોગવાઈ મૂળભૂત અધિકાર તરીકે કરવા માંગતા હતા કારણકે એ જોગવાઈ કારોબારી કે ધારાગૃહ દ્વારા બદલી શકાય નહિ. તેનો હેતુ વ્યક્તિની સ્વતંત્રતાને અન્ય વ્યક્તિઓના આક્રમણથી બચાવવાનો હતો.સમાજના આર્થિક માળખાના સ્વરૂપ અને આકાર તથા વ્યક્તિગત સ્વાતંત્ર્ય વચ્ચેનો સંબંધ ત્યારે જ વાસ્તવિક બને છે કે જ્યારે રાજ્ય સમાજવાદની સ્થાપના રાજકીય લોકશાહી દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સમાજવાદ અને રાજકીય લોકશાહી પરસ્પરના વિરોધી નથી. તેથી આંબેડકર સરમુખત્યારશાહી દ્વારા નહિ પણ રાજકીય લોકશાહી દ્વારા રાજ્ય સમાજવાદની સ્થાપના કરવા ઈચ્છતા હતા. આંબેડકરના મતે લોકશાહીનો આત્મા 'એક માણસ, એક મૂલ્ય'નો સિદ્ધાંત છે. તેથી મૂળભૂત અધિકારોમાં સમાજવાદી કાર્યક્રમનો સમાવેશ કરવાની તેમની અદમ્ય ઈચ્છા હતી. સરદાર પટેલે તેનો વિરોધ કર્યો હતો.[૬૭]

**ઉપસંહાર**

સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર બંનેનાં વ્યક્તિત્વમાં ઘણો તફાવત જોવા મળે છે. તેમ છતાં તેમનાં જીવન અને કાર્યમાં તેઓની બહુમુખી પ્રતિભા જોવા મળે છે. રાષ્ટ્રને સમર્પિત એવાં બંનેનાં વ્યક્તિત્વ હતાં. છેક છેવાડાના માનવી પ્રત્યે એકસમાન અનુકંપા, સમભાવ અને પ્રેમ દર્શાવી તેમને તેમની સમસ્યાઓ પ્રત્યે જાગૃત કર્યા. તેમની સમસ્યાઓના નિવારણ માટે હમેશાં પ્રયત્નશીલ રહ્યા.

**પાદનોંધ**

૧. વેરિન્દર ગ્રોવર, ભીમરાવ રામજી આંબેડકર, ઓનેસ્ટ પબ્લીકેશન, અમદાવાદ, ૨૦૦૩, પૃ.૨૮૫.
૨. મુકુલભાઈ ક્લાર્થી,સરદાર જન્મશતાબ્દી માલા-૧- સરદારશ્રીનું જીવનકાર્ય, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૦, પૃ.૧૭.
૩. હેમંત પ્ર.યાજ્ઞિક, આધુનિક ભારતના નિર્માતા સરદાર પટેલ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૦, પૃ.૩.
૪. ક્લાર્થી, પૂર્વોક્ત, પૃ.૫.
૫. યશવંત કડીકર, દલિતોના મસીહાઃડૉ.બાબાસાહેબ આંબેડકર, કુમકુમ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૦, પૃ.૩.
૬. કરશનદાસ સોનેરી, મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકર, ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મશતાબ્દી ઉજવણી સમિતિ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પૃ.૫.
૭. ગ્રોવર, પૂર્વોક્ત, પૃ.૪૮૭.
૮. ક્લાર્થી, પૂર્વોક્ત, પૃ.૮-૯.
૯. પ્રવીણ ક.લહેરી, સરદાર પટેલઃસેવા-સમર્પણ અને શૌર્યની ગાથા, સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ, અમદાવાદ, ૨૦૧૦, પૃ.૨.
૧૦. http://www.ambedkar.org/
૧૧. લહેરી, પૂર્વોક્ત, પૃ.૨.
૧૨. http://www.ambedkar.org/
૧૩. ક્લાર્થી, પૂર્વોક્ત, પૃ.૧૨.
૧૪. ધારણા શેઠ, ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ, આર.આર.શેઠની કંપની, મુંબઈ- અમદાવાદ, ૨૦૦૬, પૃ.૪.
૧૫. રાજમોહન ગાંધી, સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૩, પૃ.૬.
૧૬. શેઠ, પૂર્વોક્ત, પૃ.૪.
૧૭. ગાંધી, પૂર્વોક્ત, પૃ.૧૧.
૧૮. પૂર્વોક્ત, પૃ.૧૨.
૧૯. શેઠ, પૂર્વોક્ત, પૃ.૬.
૨૦. ગાંધી, પૂર્વોક્ત, પૃ.૩૩.
૨૧. શેઠ, પૂર્વોક્ત, પૃ.૬.
૨૨. ગાંધી, પૂર્વોક્ત, પૃ.૩૪.
૨૩. શેઠ, પૂર્વોક્ત, પૃ.૬.
૨૪. રિઝવાન કાદરી, સરદાર એક સિંહપુરુષ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૦૯, પૃ.૩૨૨.
૨૫. શેઠ, પૂર્વોક્ત, પૃ.૭.
૨૬. પૂર્વોક્ત, પૃ.૧૨.
૨૭. પૂર્વોક્ત, પૃ.૭.
૨૮. દશરથ પટેલ, સરદાર પટેલ ચરિત્રલેખકોની નજરે, ફ્લેમિંગો પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૧૪, પૃ.૧૬.
૨૯. સોનેરી, પૂર્વોક્ત, પૃ.૮.
૩૦. ધનંજય કીર (અનુઃદેવેન્દ્રનાથ કર્ણિક,મૂળજીભાઈ વી.ખુમાણ), નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૧, પૃ.૧૫.
૩૧. પૂર્વોક્ત, પૃ.૧૬.
૩૨. પૂર્વોક્ત, પૃ.૨૬.
૩૩. પૂર્વોક્ત, પૃ.૮૨.
૩૪. પૂર્વોક્ત, પૃ.૩૩.
૩૫. પૂર્વોક્ત, પૃ.૩૫.
૩૬. પૂર્વોક્ત, પૃ.૪૪.
૩૭. પૂર્વોક્ત, પૃ.૧૭૨.
૩૮. ગાંધી,પૂર્વોક્ત, પૃ.૩૭.
૩૯. પૂર્વોક્ત, પૃ.૪૧.
૪૦. શેઠ, પૂર્વોક્ત, પૃ.૯.
૪૧. પૂર્વોક્ત, પૃ.૭.
૪૨. લહેરી, પૂર્વોક્ત, પૃ.૫-૬.
૪૩. ગ્રોવર, પૂર્વોક્ત, પૃ.૨૧૦.
૪૪. પૂર્વોક્ત, પૃ.૨૩૩.
૪૫. લહેરી, પૂર્વોક્ત, પૃ.૮-૯.
૪૬. પૂર્વોક્ત, પૃ.૧૦.
૪૭. શેઠ, પૂર્વોક્ત, પૃ.૧૩.
૪૮. લહેરી, પૂર્વોક્ત, પૃ.૧૨.
૪૯. http://www.ambedkar.org/
૫૦. લહેરી, પૂર્વોક્ત, પૃ.૧૩.
૫૧. શેઠ, પૂર્વોક્ત, પૃ.૧૪.
૫૨. લહેરી, પૂર્વોક્ત, પૃ.૧૫.
૫૩. યાજ્ઞિક, પૂર્વોક્ત, પૃ.૧૩૬.

૫૪. લહેરી, પૂર્વોક્ત, પૃ.૧૫.
૫૫. http://www.ambedkar.org/
૫૬. ગ્રોવર, પૂર્વોક્ત, પૃ.૨૭૮.
૫૭. કીર, પૂર્વોક્ત, પૃ.૫૫૪.
૫૮. હરિ દેસાઈ, ભારત નિર્માતા સરદાર પટેલ, વિ-વિદ્યાનગર, ડિસેમ્બર ૨૦૧૦, પૃ.૨.
૫૯. કીર, પૂર્વોક્ત, પૃ.૪૬૯.
૬૦. પૂર્વોક્ત, પૃ.૪૭૮-૪૭૯.
૬૧. હરિ દેસાઈ,વ્યાખ્યાનઃસરદાર પટેલ વિશે પ્રચલિત વાયકાઓ અને હકીકતો, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આયોજિત ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી, પૃ.૪.
૬૨. પી.જી.જ્યોતીકર, આર્ષદ્રસ્ટાઃડૉ.બાબાસાહેબ આંબેડકર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,અમદાવાદ,૧૯૯૮, પૃ.૧૫૫.
૬૩. કીર, પૂર્વોક્ત, પૃ.૪૫૨-૪૫૩.
૬૪. પૂર્વોક્ત, પૃ.૩૮૪-૩૮૫.
૬૫. દેસાઈ, પૂર્વોક્ત, પૃ.૩-૪.
૬૬. કીર,પૂર્વોક્ત, પૃ.૩૭૭-૩૭૮.
૬૭. ગ્રોવર, પૂર્વોક્ત, પૃ.૨૫૬-૨૫૭.

(પીએચ.ડી.નાં શોધાર્થી, સૅન્ટર ફૉર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ-સૅરલિપ, ભાઇકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ જિ. આણંદ ફોનઃ૦૨૬૯૨-૨૩૩૧૯૧)

હિંદુ-મુસલમાનની એકતા એ હજુ એક કૂમળું વૃક્ષ છે. એ કેટલાય વખત સુધી અતિશય સંભાળથી પોષવું જોઇશે. હજી આપણાં મન જોઇએ તેટલાં સ્વચ્છ નથી. દરેક બાબતમાં એકબીજાનો અણવિશ્વાસ રાખવાની આપણને આદત પડી ગઇ છે. તે જતી નથી, એ એકતાને તોડી પાડવાના અનેક પ્રકારના પ્રપંચો અને પ્રયત્નો થશે.

**- સરદાર પટેલ**

**II ચિંતન II**

## ઈતિહાસબોધ

**પ્રવીણ ગઢવી**

માણસે ભૂતકાળના અનુભવોમાંથી બોધપાઠ મેળવી વર્તમાનને ઘડવાનો હોય અને આયોજન કરવાનું હોય. ઈતિહાસ ભણવાનો અર્થ જ એ કે કરેલી ભૂલો ટાળી શકાય. બાકી તો ફાસીવાદ કે નાઝીવાદ દેશમાં લાવીશું તો ત્રીજું વિશ્વયુદ્ધ લડવાનું થશે. મહમદ ગઝની લૂંટારો હતો અને સોને મઢેલાં શિખરો જોઇ મંદિરને લૂંટવાનું કોને મન ન થાય? બાબર તો આગ્રાથી આગળ ગયો જ નહોતો, તોય એના નામે અયોધ્યામાં મંદિર તોડી બાબરી મસ્જિદ બંધાઈ. સાચું હોય તો એ ખોટું કહેવાય પણ હજાર વર્ષ પછી આપણે સોમનાથથી અયોધ્યા કૂચ લઇ જઇ, ઈરાદાપૂર્વક ચોક્કસ ટુકડીઓ દ્વારા બાબરી તોડીએ તે સાચો ઈતિહાસબોધ ન કહેવાય. પરિણામ મુંબઈએ ભોગવવું પડ્યું.

અમીર ખુશરો, રસખાન, અકબર, કબીર જેવા કવિ, સમ્રાટ અને સંતે હિન્દુ-મુસ્લિમ ઐક્યના તાણાવાળા ગૂંથ્યા એને ઔરંગઝેબે તોડ્યા, તે ખોટું થયું. પણ એના વિચારો સાવરકર-ઝીણાએ અપનાવી દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત લાવ્યા. પરિણામે દેશના ભાગલા થયા. હજારો લોકોની હિજરત-કતલ થઈ, બળાત્કાર-અપહરણ થયાં. ગાંધી જેવા પયગંબરને ખોવો પડ્યો. આને ઈતિહાસબોધ કહેવાય.

જહાંગીરે ટોમસ રોને વિદેશ વ્યાપાર-રોકાણ-રક્ષણનો પરવાનો આપ્યો. એ જ ઈસ્ટ ઈન્ડિયા કંપની આખું મોગલ સામ્રાજ્ય ગળી ગઈ. દેશ આખો ગુલામ થયો. જહાંગીરની એ ભૂલ આપણે ભોગવી અને નેવું વર્ષ સુધી લડ્યા ત્યારે આઝાદી મેળવી. હવે આજે પણ આપણે ઈંગ્લેન્ડ-અમેરિકા જઇ ટોમસ રોને 'મેઈક ઈન ઈન્ડિયા' કહીએ છીએ- વિદેશી મૂડીરોકાણ માટે, એને ઈતિહાસબોધ કહેવાય.

**(નિવૃત્ત આઈએએસ, આસવલોક, ૪૬૬-૨, સેક્ટર-૧, ગાયત્રીમંદિર પાછળ, ગાંધીનગર મોઃ ૯૯૭૯૮૯૩૮૯૦)**

॥ રમન્તે તત્ર દેવતા ॥

## સ્મૃતિકાલીન બહુવિવાહપ્રથા

પારુલટીના દોશી

शूद्रैव भार्या शूद्रस्य सा च स्वा च विशः स्मृते ।
ते च स्वा चैव राज्ञश्च ताश्च श्वा चाग्रजन्मनः॥

અર્થાત્ શૂદ્રને શૂદ્ર જાતિની જ, વૈશ્યને વૈશ્ય ઉપરાંત શૂદ્ર જાતિની, ક્ષત્રિયને ક્ષત્રિય ઉપરાંત વૈશ્ય અન શૂદ્ર તેમ જ બ્રાહ્મણને બ્રાહ્મણ ઉપરાંત ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિની પત્ની હોઇ શકે છે.[૧]

મનુસ્મૃતિના આ શ્લોક પરથી પુરવાર થાય છે કે એ કાળમાં બહુવિવાદ પ્રથાનું પ્રચલન હતું અને પુરુષોને એકથી વધુ પત્ની કરવાનો અધિકાર હતો. મનુની જેમ યાજ્ઞવલ્ક્યનું પણ એવું જ કહેવું છે કે બ્રાહ્મણને ચાર વર્ણની, ક્ષત્રિયને ત્રણ વર્ણની,વૈશ્યને બે વર્ણની અને શૂદ્રને પોતાના જ વર્ણની પત્ની હોઇ શકે છે.[૨] એ જ રીતે વેદ વ્યાસના મતે બ્રાહ્મણ ક્ષત્રિયા તથા વૈશ્યા સાથે અને ક્ષત્રિય વૈશ્યની કન્યાસાથે વિવાહ કરીશકે છે.[૩] અને શંખનું એવું માનવું છે કે બ્રાહ્મણ ત્રણ પત્ની કરી શકે છે.[૪] જો કે એક જ વર્ણની અનેક પત્ની કરવાને પણ સ્મૃતિકારોએ માન્યતા આપી છે.યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં અનેક સવર્ણા[૫] પત્નીઓ ઉલ્લેખ કરાયો છે. અને મનુએ તો એવું કહ્યું છે કે અન્ય વર્ણની પત્ની હોઇ શકે પણ પાણિગ્રહણ સંસ્કાર તો માત્ર સવર્ણ કન્યા સાથે જ થઇ શકે છે.[૬] એટલે ગુરુની સંમતિથી દ્વિજે અભ્યાસ પૂરો કર્યા પછી સમાન વર્ણની અને ઉત્તમ લક્ષણવાળી કન્યા પરણાવી જોઇએ.[૭]

સ્મૃતિકાળમાં સવર્ણ વિવાહ જ શ્રેષ્ઠ મનાતા હતા, છતાં સ્મૃતિકારોએ પુરુષને વિવિધ વર્ણની કન્યા સાથે લગ્ન કરવાની છૂટ આપી હતી. ઉચ્ચ જાતિનો વર નિમ્ન જાતિની કન્યા સાથે લગ્ન કરે તે અનુલોમ વિવાહ કહેવાતા. જોકે સ્મૃતિકારોએ આ પ્રકારના વિવાહને ક્યારેય અનુકરણીય કે સરાહનીય માન્યા નથી. એ વિશે અતિયા દાનિશે નોંધ્યું છે કે, સ્મૃતિકારો જાણતા હતા કે માણસ ભાવનાઓ અને કામનાઓનો દાસ છે. તેથી વિવાહ માટે જો સવર્ણની શરત મૂકવામાં આવશે તો તેનું અવશ્ય ઉલ્લંઘન થશે. એટલે તેમણે અનુલોમ વિવાહને સ્વીકૃતિ આપી હશે.[૯]

સ્મૃતિકારોએ અનુલોમ વિવાહનો સ્વીકાર પણ કર્યો અને તેની નિંદા પણ કરી.ખાસ કરીને શૂદ્ર કન્યા સાથેના વિવાહની. મનુએ કહ્યું છે કે કોઇ પણ સંજોગોમાં શૂદ્ર કન્યા સાથે લગ્ન ન જ કરવાં. તેમના મતે બ્રાહ્મણ અને ક્ષત્રિય મુશ્કેલીમાં આવી પડ્યા હોય તો પણ તેમણે શૂદ્ર જાતિની પત્ની ન જ કરવી જોઇએ.[૧૦] તેમ છતાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિનો પુરુષ ધન અથવા મોહથી હલકી જાતિની સ્ત્રીને પરણે તો તેમનું આખું કુળ શૂદ્ર થઇ જાય છે.[૧૧] પણ ઉચ્ચ જાતિના પુરુષને પરણનાર શૂદ્રનો ઉત્કર્ષ થતો. એટલે જ નીચ જાતિમાં જન્મેલી અક્ષમાલા વરિષ્ઠ સાથે અને શારંગી મંદપાલ સાથે જોડાઇને પૂજ્યપણું પામી હતી. પણ ઉચ્ચ કળાનો પુરુષ શૂદ્રાને પરણે તો તેનું પતન થતું. ઉપરાંત જો બ્રાહ્મણ શૂદ્ર સ્ત્રીનો સંયોગ કરે તો તેની અધોગતિ થાય છે અને આ સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરીને તો તે બ્રાહ્મણપણાથી જ ભ્રષ્ટ થાય છે.[૧૨] અત્રિ અને ગૌતમના મતે પણ શૂદ્ર સ્ત્રીને પરણનારો બ્રાહ્મણ પતિત થાય છે. શૌનકનો મત છે કે શૂદ્ર સ્ત્રીમાં પુત્રોત્પત્તિ કરનારો ક્ષત્રિય પતિત થાય છે અને ભૃગુ અનુસાર શૂદ્ર સ્ત્રીમાં સંતાન ઉત્પન્ન કરવાથી વૈશ્ય પતિત થાય છે.[૧૩] વળી નિંદ્ય સ્ત્રી સાથેના વિવાહથી નિંદ્ય પ્રજા પેદા થવાનો[૧૪] ભય રહે છે. એટલે સ્મૃતિકારોએ સલાહ આપી છે કે નિંદનીય વિવાહ ન કરવા.

શૂદ્રા સાથેના વિવાહ નિંદનીય ગણાતા, પણ પોતાના વર્ણની સ્ત્રી સાથેનાં લગ્ન પ્રશંસનીય કહેવાતાં. મનુ કહે છે કે એક પુરુષની અનેક સ્ત્રી હોય તો પતિની સેવા તથા ધાર્મિક કાર્ય કરવાનો અધિકાર માત્ર સવર્ણ પત્નીને જ મળે છે.[૧૫] અને પોતાની જાતિની સ્ત્રી હોવા છતાં જે પુરુષ મોહવશ બીજી જાતિની સ્ત્રી પાસે એ કામ કરાવે તો તે ચંડાળ ગણાય છે.[૧૬] યાજ્ઞવલ્ક્ય પણ એવું જ માને છે કે પોતાની જાતિની પત્ની હોય ત્યારે અન્ય વર્ણની સ્ત્રી પાસે ધાર્મિક કાર્યો ન કરાવવાં. એજ રીતે ગોભિલના મત પ્રમાણે અન્ય જાતિની સ્ત્રી સાથે ધાર્મિક કાર્ય કરનાર ચંડાળ થઇ જાય છે.[૧૭] એટલે એમ કહી શકાય કે સવર્ણ સ્ત્રીને જ માનમોભો મળતો.

સ્મૃતિકાળમાં સવર્ણ સ્ત્રીનો જ માનમરતબો હતો, પણ એ સ્ત્રી મૃત્યુ પામે તો પતિને બીજા વિવાહ કરવાનો અધિકાર હતો. મનુએ કહ્યું છે કે પત્ની મૃત્યુ પામે પછી પુરુષે ફરીલગ્ન કરવાં અને ધર્મકાર્ય કરવાં.[૧૮] યાજ્ઞવલ્ક્યે પણ કહ્યું છેકે સદાચારી પત્નીનું મૃત્યુ થાય તો પતિએ તેના અગ્નિ સંસ્કાર કરવા અને વહેલામાં વહેલી તકે બીજી પત્ની ગ્રહણ કરવી.તથા ફરી ધાર્મિક કાર્યો કરવા.[૧૯]આમ ધાર્મિક કારણ આગળ ધરીને સ્મૃતિકારોએ પત્નીના મૃત્યુ પછી પતિને પુનઃ વિવાહ કરવાની છૂટ આપી છે.

એટલે સ્મૃતિકાલીન પતિ પત્નીના મૃત્યુ પછી તો પુનઃ વિવાહ કરતો જ, પણ અમુક સંજોગોમાં પત્નીના જીવતા પણ તેને બીજી પત્ની કરવાની મોકળાશ અપાઈ છે. એ અંગે મનુએ કહ્યું છે કે, જે સ્ત્રી શરાબી, દુરાચારી, રોગિણી, મારકણી અને પૈસો ઉડાવનારી હોય તેના પર પતિએ બીજી પત્ની કરવી.[૨૦] ઉપરાંત ઋતુમતી થયા પછી જે સ્ત્રી આઠ વર્ષ સુધી વાંઝણી રહે તેના જીવતા પણ પતિને બીજા વિવાહકરવાનો અધિકાર હતો. વળી જે સ્ત્રીનાં બાળકો જીવતાં ન રહેતાં હોય અને જે સ્ત્રી માત્ર પુત્રીને જ જન્મ આપતી હોય તેના માટે અનુક્રમે દસ અને અગિયાર વર્ષ સુધી રાહ જોઈને બીજી પત્ની કરી શકાતી પણ જે સ્ત્રી કડવાબોલી હોય તેના પર તો તરત જ બીજી પત્ની કરવાનો[૨૧] આદેશ અપાયો છે. સાથે જ મનુએ કહ્યું છે કે, જે સ્ત્રી રોગિણી હોય છતાં હિતકારિણી અને શીલવતી હોયતેની સલાહ લને પતિએ બીજી સ્ત્રી કરવી.પણ જૂની પત્નીનું અપમાન ન કરવું.[૨૨] પણ પતિના બીજા વિવાહને પગલે પ્રથમ પત્ની રોષ કરીને ઘરની બહાર નીકળી જાય તો તેને તરત જ અટકાવવી અથવા કુટુંબીઓ સમક્ષ તેનો ત્યાગ કરવો.[૨૩]

મનુની જેમ યાજ્ઞવલ્ક્યે પણ પતિને બીજા વિવાહ કરવાના અધિકાર આપ્યા છે. તેમના મતે સુરાપાન કરનારી, લાંબા સમયની રોગિણી, ધૂર્ત, વાંઝણી, ધનનો નાશ કરનારી, લાંબા સમયની રોગિણી, ધૂર્ત, વાંઝણી, ધનનો નાશ કરનારી અપ્રિય ભાષિણી, કેવળ કન્યાને જન્મ આપનારી અને પતિનું અહિત કરનારી પત્ની હોયતો પતિએ બીજી સ્ત્રીસાથે વિવાહ કરવા જોઈએ.[૨૪] પરંતુ જો પત્ની આજ્ઞાંકિત, કુશળ, વીર પુત્રને જન્મ આપનારી અને મધુરભાષિણી હોયતો પણ પતિને તેનો ત્યાગ કરવાનો અથવા તેની ઉપસ્થિતિમાં બીજા વિવાહ કરવાની છૂટ મળતી અને આ વિવાહના બદલામાં પતિએ પોતાના ધનનો તૃતીયાંશ પત્નીને આપવો પડતો અથવા તેનું ભરણપોષણ કરવાનું રહેતું.[૨૫] આમ, કોઈ પણ કારણ વિના પત્નીનો ત્યાગ કરી શકાતો અને પતિ બીજા વિવાહ કરી શકતો. જોકે કાત્યાયને એક પત્નીના જીવતાં બીજી સ્ત્રી કરવાની છૂટ આપી નથી, છતાં વાસ્તવિકતા એ હતી કે પુરુષને બીજા વિવાહ કરવાની મોકળાશ હતી. એનું કારણ એ પણ હતું કે પુરુષ કાયદેસરની પત્ની વિના ધાર્મિક ક્રિયાઓ કરી શકતો નથી. એતી પત્નીના મૃત્યુ પછી પણ પતિ પુનઃ વિવાહ ન કરે તો આખું કુટુંબ ધાર્મિક ક્રિયાઓથી મળતા પુણ્યથી વંચિત થઈ જાય છે. વળી વિધુર થયેલા પુરુષને વ્યભિચાર માટેનો છુટ્ટો દોર મળી જાયછે. પરિણામે એ સમાજ માટે હાનિકારક સાબિત થાય છે. આવી પરિસ્થિતિ ઊભી ન થાય એ માટે પણ વિધુરે પુનઃ લગ્ન કરવાં અનિવાર્ય બની જાય છે.[૨૬] આ જ કારણે પુરુષ બીજા વિવાહ કરતો.

પરંતુ આ બીજા વિવાહ પ્રતિલોમ ન હોય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું. પ્રતિલોમ એટલે અનુલોમ વિવાહથી ઊલટું. તેમાં ઉચ્ચ વર્ણની કન્યાના વિવાહ નિમ્ન જાતિના પુરુષ સાથે થતા. સ્મૃતિકારોએ આ પ્રકારના વિવાહને નિષિદ્ધ કહ્યા છે. મનુએ કહ્યું છે કે પ્રતિલોમથી ઉત્પન્ન તમામ પુત્ર શૂદ્રસમાન ગણાય છે.[૨૭] માટે આ વિવાહ નિંદનીય કહેવાય છે.

પ્રતિલોમ વિવાહને નિંદનીય ગણવા પાછળ બે કારણ હતાં. એ અંગે અતિયા દાનિશે નોંધ્યું છેકે, સ્મૃતિકાલીન સમાજમાં બ્રાહ્મણ પ્રત્યે એક સ્વાભાવિક સન્માનની ભાવના હતી. બ્રાહ્મણ અન્ય વર્ણોનો આચાર્ય હતો. ગુરુ હતો. તેથી સૌનો પૂજનીય હતો. એટલે તેણે તેના જ વર્ણની કન્યા સાથે વિવાહ કરવા જોઈએ એવી સામાન્ય લોકલાગણી હતી. બીજું કારણ એ હતું કે, સ્મૃતિકારો જાણતા હતા કે સ્ત્રીમાં પ્રત્યેક પરિસ્થિતિને અનુરુપ ઢળવાની ભારોભાર ક્ષમતા હતી. અને રહેશે. મહેલમાં ઉછરેલી કન્યા મઢુલીમાં પણ સહજતાથી રહી શકતી. તેનાથી વિપરીત પુરુષ પોતાના અહંકારને કારણે પોતાનાથી ઉચ્ચ સામાજિક પરિવેશમાં ગોઠવાઈ શકતો નહીં. વિવાહ સંબંધ પછી પણ તે જે-તે સમાજ સાથે એકાત્મકતા. અને આત્મીયતા અનુભવી ન શકતો. એટલે જ જે સમાજે અનુલોમને સ્વીકૃતિ આપી તેણે પ્રતિલોમનો અસ્વીકાર કર્યો હશે.[૨૮]

સ્મૃતિકાલીન સમાજમાં પ્રતિલોમની જેમ જ સ્ત્રીના બીજા વિવાહનો પણ અસ્વીકાર કરાયો છે. મનુ કહે છે કે સાધ્વી પતિવ્રતાઓ માટે ક્યાંય બીજા પતિનો ઉપદેશ કરાયો નથી.[૨૯] તેમણે તો પતિના મૃત્યુ પછી પણ પત્નીને પુનઃ વિવાહની છૂટ આપી નથી. તેમણે કહ્યું છે કે પતિ મૃત્યુ પામે ત્યારે પત્નીએ પવિત્ર ફળ, ફૂલ અને કંદમૂળ ખાઈને જીવન પસાર કરવું પણ પરપુરુષનું નામ સુદ્ધાં ન લેવું.[૩૦] એ જ રીતે યાજ્ઞવલ્ક્યે પણ કહ્યું છે કે, પતિ જીવતો હોય ત્યારે કે તેના મૃત્યુ પછી પણ જે સ્ત્રી અન્ય પુરુષનો સંગ કરતી નથી તે આ સંસારમાં મહાન કીર્તિ પ્રાપ્ત કરે છે. અને મૃત્યુ પછી પતિવ્રતાપણાના પ્રભાવથી પાર્વતીની સાથે સ્વર્ગમાં નિવાસ કરે છે.[૩૧] પણ પરપુરુષનું સેવન કરનારી સ્ત્રી લોકમાં નિંદાપાત્ર થાય છે અને પરાપૂર્વા કે બે ધણીની બાયડી કહેવાય છે.[૩૨] માટે સ્ત્રી એ બીજો પતિ

ન જ કરવો જોઇએ.

સ્મૃતિકાલીન સ્ત્રીઓને બીજો પતિ કરવાનો અધિકાર ન જ અપાયો. પરંતુ પરાશર અને નારદ જેવા સ્મૃતિકારોએ કેટલાક સંજોગોમાં સ્ત્રીને પુનઃ વિવાહ કરવાની છૂટ આપી. એ અંગે ડૉ.રાજીવ નયને નોંધ્યું છે કે, પરાશરે પાંચ આપત્તિમાં સ્ત્રીને ફરી પરણવાનો અધિકાર આપ્યો છે. પતિની ભાળ ન મળતી હોય ત્યારે, પતિનું મૃત્યુ થયું હોય ત્યારે, પતિ સંન્યાસી થઇ ગયો હોય ત્યારે, પતિ નપુંસક થઇ ગયો હોય ત્યારે અને પતિ પતિત થઇ ગયો હોય તે સંજોગોમાં સ્ત્રીને પુનઃ વિવાહ કરવાની છૂટ આપી છે. એ જ રીતે નારદ પણ સ્ત્રીના પુનઃ લગ્નનું સમર્થન કરે છે. નારદે સપ્તપદીની વિધિ સંપન્ન થયા પછી પણ સ્ત્રીઓને ફરી પરણવાની છૂટ આપી છે. ઉપરાંત પરદેશ ગયેલો પતિ ચોક્કસ અવધિમાં પાછો ન ફરે તો સ્ત્રીને પુનઃ વિવાહનો અધિકાર આપે છે. પતિ પરદેશ ગોય હોય તો બ્રાહ્મણીએ આઠ વર્ષ સુધી અને અપ્રસૂતા હોયતોચાર વર્ષ ક્ષત્રિયણીએ છ વર્ષ અને અપ્રસૂતા હોય તો ત્રણ વર્ષ તથા વૈશ્યાએ ચાર વર્ષ અને અપ્રસૂતા હોય તો બે વર્ષ સુધી પ્રતીક્ષા કરવી. પછી પણ પતિ પાછો ન ફરે તો સ્ત્રીએ ફરી પરણવું એવું નારદ કહે છે. શૂદ્રાનો પતિ વદેશ ગયો હોય તો તેના પાછા ફરવા માટે કોઇ ચોક્કસ સમય મર્યાદા આંકવામાં આવી નથી. ઉપરાંત પરદેશ ગયેલો પતિ જીવિત હોવાનું ખબર પડે તો થોડો વધુ સમય પ્રતીક્ષા કરવી. અને તોય પતિ પાછો ન ફરે તો નારદ સ્ત્રીને પુનઃ વિવાહનો અધિકાર આપે છે.[૩૩]

એટલે એમ કહી શકાય કે નારદ સાચા અર્થમાં સ્ત્રી અધિકારોના હિમાયતી હતા. અને તેમણે સ્ત્રીઓને તેમનો અધિકાર આપ્યો પણ હતો.

સંદર્ભઃ


૧. शूद्रैव भार्या शूद्रस्य सा च स्वा च विशः स्मृते ।
तेच स्वा चैव राज्ञश्च ताश्व श्वा चाग्रजन्मनः॥
मनुस्मृति ३.१३
શૂદ્રને શૂદ્ર જાતિની જ, વૈશ્યને વૈશ્ય ઉપરાંત શૂદ્ર જાતિની ક્ષત્રિયને ક્ષત્રિય ઉપરાંત વૈશ્ય અને શૂદ્ર જાતિની તેમજ બ્રાહ્મણને બ્રાહ્મણ જાતિ ઉપરાંત ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર જાતિની પત્નીઓ હોઇ શકે છે

૨. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, પૃ. ૩૯.

૩. उद्वहेतै क्षत्रियां विप्रो वैश्याश्च क्षत्रियो विशाम् ।
વેદ વ્યાસ સ્મૃતિ, બીસ સ્મૃતિયાં, પંડિત શ્રીરામ શર્મા આચાર્ય, પૃ. ૨૩૨, બ્રાહ્મણ, ક્ષત્રિયા તથા વૈશ્યા સાથે પણ વિવાહ કરે અને ક્ષત્રિય વૈશ્યની કન્યા સાથે વિવાહ કરે.

૪. સ્મૃતિશાસ્ત્ર સમાજ સંસ્કૃતિ ઔર રાજનીતિ, ડૉ. સોમનાથ શુક્લ, પૃ. ૧૬૫.

૫. सवर्णासु विद्यौधर्म्ये ज्येष्ठया न विनेतरा । याज्ञवल्क्य स्मृति ३.८८ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ. ૩.૮૮
અનેક સવર્ણા પત્ની હોય તો જયેષ્ઠ પત્ની પાસે કાર્ય કરાવવું, અન્ય પાસે નહીં.

૬. पाणिग्रहण संस्कारः सवर्णा सूपदिश्यते। मनुस्मृति ३.४३
પાણિગ્રહણ સંસ્કાર માત્ર સવર્ણ કન્યાના સંબંધમાં કહ્યો છે.

૭. गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि ।
उद्वहेत द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम् ॥ मनुस्मृति ३.४
ગુરુએ સંમતિ આપેલા દ્વિજે વિધિ પ્રમાણે સ્નાન તથા સમાવર્તન કરી, પોતાના સમાન વર્ણની અને ઉત્તમ લક્ષણવાળી કન્યા પરણવી.

૮. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ- એક વિવેચન, અતિયા દાનિશ, પૃ. ૧૫૨.

૯. એજન, પૃ. ૧૫૪

૧૦. न ब्राह्मणक्षत्रिययोरापद्यपि हि तिष्ठतोः ।
कस्मिंश्चिदपि वृत्तान्ते शूद्रा भार्योपदिश्यते॥ मनुस्मृति ३.१४
બ્રાહ્મણ અને ક્ષત્રિય આપત્તિમાં આવી પડ્યા હોયતો પણ તેમણે શૂદ્ર કન્યા ન પરણવી.

૧૧ हीनजातिस्त्रियं मोहादुद्वहन्तो द्विजातयः।
कुलान्येव न्यन्त्याशु स संतानानि शूद्रताम् ॥ मनुस्मृति ३.१५
બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પુરુષ ધન અથવા મોહથી હલકી જાતિની સ્ત્રીને પરણે તો તેઓ પોતાનાં કુળને સંતાનો સહિત તરત જ શૂદ્રપણું પમાડે છે.

૧૨. शूद्रां शयनमारोप्य ब्राह्मणो यात्धोगतिम् ।
जनयित्वा सुतं तस्यां ब्राह्मण्यादेव हीयते ॥ मनुस्मृति ३.१७
શૂદ્ર સ્ત્રીને પરણીને તેની સાથે વિષયભોગ કરીને બ્રાહ્મણ અધોગતિ પામે છે અને તેમાં પુત્ર પેદા કરીને તો તે બ્રાહ્મણ બ્રાહ્મણપણાથી જ ભ્રષ્ટ થાય છે.

૧૩. शूद्रावेदि पतत्यत्रेरुत्थ्यतनयस्य च।
शौनकस्य सुतोत्पत्त्या तदपत्यतया भृगोः ॥ मनुस्मृति ३.१६
અત્રિ અને ઉત્થ્યના પુત્ર ગૌતમનો મત છે કે શૂદ્ર સ્ત્રીને પરણનારો બ્રાહ્મણ પતિત થાય છે. શૌનકનો મત છેકે શૂદ્રામાં પુત્રોત્પત્તિ કરનારો ક્ષત્રિય પતિત થાય છે અને ભૃગુના મતે શૂદ્રામાં સંતાન ઉત્પન્નકરવાથી વૈશ્ય પતિત થાય છે.

૧૪. निन्दितैर्निन्दिता नृणां तस्मान्निद्यानन्ववर्जयेत् ॥ मनुस्मृति ३.४२
નિંદ્ય સ્ત્રીઓ સાથે વિવાહથી નિંદ્ય પ્રજા થાય છે. તેથી નિંદનીય વિવાહ ન કરવા.

૧૫. भर्तुः शरीरशुश्रूषां धर्मकार्यञ्च नैत्यकम् । स्वा चैव कुर्यात्सर्वेषां नास्वजातिः कर्थचन॥ मनुस्मृति ९.८६

સૌ સ્ત્રીમાં સ્વામીના શરીરની સેવા તથા નિત્ય ધર્મકાર્ય તો પોતાની જાતિની સ્ત્રી જ કરે. પરજાતિની સ્ત્રીએ તેકદી ન કરવાં.

૧૬. यस्तु तत्कारयेन्मोहात्सजात्या स्थित्याऽन्यया । यथा ब्राह्मणचाण्डालः पूर्वदृष्टस्तथैव सः॥ मनुस्मृति ९.८७

પોતાની જાતિની સ્ત્રી હોય છતાં જે પુરુષ મોહથી બીજી જાતિની સ્ત્રી પાસે તે કામો કરાવે, તેને પૂર્વના ઋષિઓએ જેવો કહ્યો છે તેવો બ્રાહ્મણીમાં શૂદ્રથી ઉત્પન્ન થયેલો ચંડાળ જાણવો.

૧૭. स्मृति साहित्य में गृहस्थाश्रम– एक विवेचन, पृ. १५३

૧૮ भार्यायै पूर्वमारिण्यै दत्त्वाग्नीनन्त्यकर्मणि।

पुनर्दारक्रियां कुर्यात्पुनराधानमेव च॥ मनुस्मृति पृ. १६८

પ્રથમ મરી ગયેલી પત્નીની અંત્યક્રિયા પછી પુરુષે ફરી લગ્ન કરવાં અને ફરી અગ્નિહોત્ર ધારણ કરવું.

૧૯. दाहयित्वाग्निहोत्रेण स्त्रियं वृत्तवतीं पतिः। आहरेद्विधिवद्धारानग्नींश्चैववाविलम्बयन् ॥ याज्ञवल्क्य स्मृति ३.८९

સદાચારી પત્નીનું મૃત્યુ થાયતો પતિએ અગ્નિહોત્રના અગ્નિ વડે તેનો અગ્નિસંસ્કાર કરવો અને યથાશીઘ્ર વિધિપૂર્વક બીજી પત્ની ગ્રહણ કરી પુનઃ અગ્નિહોત્રાગ્નિનો સ્વીકાર કરવો.

૨૦. मद्यपाऽसाधुवृत्ता च प्रतिकूला च या भवेत् । व्याधिता वाऽधिवेत्तव्या हिंस्राऽर्थध्नी च सर्वदा ॥ मनुस्मृति ९.८० જે સ્ત્રી શરાબી, દુરાચારી, આડું વર્તનારી, રોગિણી, મારકણી અને પૈસો ઉડાડનારી હોય તેના પર બીજી પત્ની કરવી.

૨૧. वंध्याऽष्टमेऽधिवेद्याऽब्धे दशमे तु मृतप्रजा एकादशे स्त्रीजननी सद्यस्त्वप्रियवादिनी॥ मनुस्मृति ९.८१

ઋતુમતી થયા પછી જે સ્ત્રી આઠ વર્ષ સુધી વાંઝણી રહે તેના પર પતિએ બીજી સ્ત્રી કરવી. તેમ જે સ્ત્રીની સંતતિ જીવતી ન હોય અને જે માત્ર પુત્રીને જન્મ આપતી હોય તેના સંબંધી અનુક્રમે દસ અને અગિયાર વર્ષ સુધીરાહ જોઈને બીજી સ્ત્રી કરવી. પણ જે સ્ત્રી કડવાબોલી હોય તે તેના પર તરત બીજી પત્ની કરવી.

૨૨. या रोगिणी स्यात्तु हिता संप्ना चैव शीलतः । साऽनुज्ञाप्याऽधिवेत्तव्या नावमन्या च कर्हिचित् ॥ मनुस्मृति ९.८२ જે રોગિણી હોય છતાં હિતકારિણી અને શીલવતી હોય, તેની સલાહ લઈને પતિએ બીજી સ્ત્રી કરવી પણ એ જૂની પત્નીનું ક્યારેય અપમાન ન કરવું.

૨૩. अधिविन्ना तु या नारी निर्गच्छेदुषिता गृहात् । सा सद्यः संनिरोद्धव्या त्याज्या वा कुलसंनिधौ ॥ मनुस्मृति ९.८३

જે સ્ત્રી પર બીજી સ્ત્રી કરી હોય તે રોષ કરીને ઘરની બહાર નીકળી પડે તો તેને અટકાવવી અથવા કુટુંબીઓ સમક્ષ તેનો ત્યાગ કરવો.

૨૪. सुरापी व्याधिता धूर्ता वन्ध्यार्थध्न्यप्रियंवदा । स्त्री प्रसूश्र्चाधिवेत्तव्या पुरुषद्वेषिणी तथा ॥ याज्ञवल्क्य स्मृति ९.७३

સુરાપાન કરનારી, દીર્ઘ રોગિણી, ધૂર્ત, વાંઝણી, ધનનો નાશ કરનારી, અપ્રિયભાષિણી, કેવળ કન્યાને જન્મ આપનારી અને પતિનું અહિત કરનારી પત્ની હોય તો બીજી સ્ત્રીસાથે વિવાહ કરવા જોઈએ.

૩૫. आज्ञासंपादिनीं दक्षां वीरसूं प्रियवादिनीम् । त्यन्दाप्यस्ततीयांशमद्रव्यो भरणं स्त्रियाः ॥याज्ञवल्क्य स्मृति ९.७६

અજ્ઞાંકિત, કુશળ, વીર પુત્રને જન્મ આપનારી અને મધુરભાષિણી પત્નીનો પુરુષ ત્યાગ કરે અથવા તેની ઉપસ્થિતિમાં અન્ય સ્ત્રી સાથે વિવાહ કરે તો પોતાના ધનનો તૃતીયાંશ આપે અને તેનું ભરણપોષણ કરે.

૨૬. પ્રાચીન કાળમાં સ્ત્રી, ટીના દોશી, પૃ. ૧૭૨.

૨૭. शूद्राणां तु सधर्माणः सर्वेऽपध्वंसजाः स्मृता ॥ मनुस्मृति १०.४१

પ્રતિલોમથી ઉત્પન્ન સર્વ પુત્ર શૂદ્ર સમાન ગણાય છે.

૨૮. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ એક વિવેચન, પૃ. ૧૫૫.

૨૯. न द्वितीयश्च साध्वीनां कचिद्दर्तोपदिश्यते ॥ मनुसस्मति ५.१६२

સાધ્વી પતિવ્રતાઓ માટે ક્યાંય બીજા પતિનો ઉપદેશ કરાયો નથી.

૩૦. कामं तु क्षपयेदेहं पुरुषमूलफलैः शुभैः। न तु मापि गृहीयात्पयत्यौ प्रेते परस्य तु॥ मनुस्मृति ५.१५७

પતિ મરી જાય ત્યારે પત્નીએ પવિત્ર ફળ, ફૂલ અને કંદમૂળથી શરીર ક્ષીણ કરવું પણ પરપુરુષનું નામ સુદ્ધાં ન લેવું.

૩૧. मृते जीवति वा पत्यौ या नान्यमुपगच्छति। सेह कीर्ति मवाप्नोति मोदते चोमया सह ।. याज्ञवल्क्य स्मृति ३.७५ ૩.૭૫ પતિ જીવતો હોય ત્યારે કે મૃત્યુ પામ્યા પછી પણ જે સ્ત્રી અન્ય પુરુષનો સંગ કરતી નથી, તે આ સંસારમાં મહાન કીર્તિને પામે છે અને મૃત્યુ પછી પતિવ્રતાના પુણ્ય પ્રભાવથી પાર્વતીની સાથે નિવાસકરે છે.

૩૨. पतिं हित्वापकृष्टं स्वमुत्कृष्टं या निषेवते । निन्द्यैव सा भवल्लोके परपूर्वेवेति चोच्यते ॥ मनुस्मृति ५.१६३ પોતાના ઉતરતા પતિને છોડી જે સ્ત્રી ચડિયાતા પરપુરુષને સેવે છે તે લોકમાં નિંદાપાત્ર થાય છે અને પરાપૂર્વા-બીજો અને પહેલાંનો બે પતિ જેના હોય તે બે ધણીની બાયડી કહેવાય છે.

૩૩. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિકા વ્યાવહારિક એવં સૈદ્ધાન્તિક પક્ષ, ડૉ.રાજીવ નયન, પૃ. ૫૨. (ક્રમશઃ)

(પ્રભારી, ભારતીય મહિલા વિશ્વકોશ, સીવીએમ બંગલો-૧૧, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, ગો.જો. શારદા મંદિર સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫ )

# નવજાત શિશુના રીતરિવાજો પાછળનું વિજ્ઞાન

**સાગર એમ. ભીડે**

આપણા સમાજમાં સગર્ભાવસ્થા અને તે પછી બાળકના જન્મને ખૂબ જ મહત્વતા આપવામાં આવે છે. અને કેમ નહોય? આ જ તો સમય છે કે જ્યારે મનુષ્ય જાતિ એની સંતતિ દ્વારા પોતાનું અસ્તિત્વ આ દુનિયામાં ટકાવી રાખે છે. વળી કોઇપણ પ્રાણીનાં નાનાં બચ્ચાંની જેમ જ માણસના નવજાત શિશુને રમાડવા, સંભાળવા, પાલનપોષણ કરવાનું કોને ન ગમે? સ્ત્રી બીજ અને પુંબીજમાંથી એક સંપૂર્ણ શરીર બનવું એ અલૌકિક, અગમ્ય કુદરતી પ્રક્રિયા જ છે. વળી આ પ્રક્રિયામાં કોઇ પણ જાતની ખલેલ ન પહોંચે એટલે જ આપણા સમાજમાં અમુક પ્રકારના નિયમો બનાવી દેવામાં આવ્યા છે. આ નિયમો બુદ્ધિશાળી અને મેઘાવાન વડીલોએ કાર્યકારણ સિદ્ધાંત પર બનાવ્યા હશે. એટલે કે ઘણાં નવજાત બાળકોમાં એક સમાન તકલીફ થઇ હશે તો તેઓમાં સામાન્ય ખામી શું રહી ગઇ એ વિચારીને તેને ભરપાઇ કરવા માટે રીત-રિવાજો ઘડયા હશે. પહેલાંના જમાનામાં ઘડેલા રિવાજો જેવા જ પથ્યાપથ્ય, આહારવિહાર આયુર્વેદની સંહિતાઓમાં પણ આપેલા છે. તેનું પાલન કરવામાં આવે તો નવજાત બાળક ખૂબ જ સારી રીતે, કોઇપણ મુશ્કેલી વગર મોટું થાય છે.

ખૂબ જ પહેલાંના સમયમાં બનાવેલા રીતરિવાજો સમાજના કલ્યાણ માટે જ બનાવવામાં આવ્યા છે અને મહદ્અંશે તેની પાછળ સચોટ વિજ્ઞાન પણ રહેલું છે.

પરંતુ આ લેખ દ્વારા મારે જે ખાસ કહેવાનું છે ઇ એ છે કે સમયના પ્રવાહમાં આવા નિયમો થોડા ઘણા બદલાઇ જવા પામ્યા છે તો થોડા ઘણા અંધ-શ્રદ્ધાના માર્ગે જવા પામ્યા છે. ખૂબ જ થોડા રીતરિવાજો હવે વિજ્ઞાનની દૃષ્ટિએ બાળક માટે ઉપયોગી રહ્યા છે.

આવા બધા જ રીતરિવાજોને આજની તારીખે ત્રણ ભાગમાં વહેંચી શકાય.

૧. જે વિજ્ઞાનની દૃષ્ટિએ ખૂબ જ સારા છે. (બધાએ પાળવા જોઇએ)

૨. જે રિવાજોથી શારીરિક-માનસિક ફાયદો નથી પણ નુકસાન પણ નથી. (પાળવા હોય તો પાળી શકાય તેવા રિવાજો)

૩. જે રિવાજો હાનિકારક છે અને આવા નિયમો ચોક્કસ રીતે બંધ થવા જોઇએ. ખાસ કરીને આ લેખ દ્વારા એ કહેવાનું કે જુનું એટલું સોનું એ બધી જગ્યાએ લાગુ નથી પડતું.

હવે, કેટલાક રીતરિવાજોને આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઇએ અને તેમને ખરેખર સમજવાનો પ્રયત્ન કરીએ.

(નોંધઃ- ગુજરાતમાં પણ અલગ અલગ જ્ઞાતિ, સમાજ, વિસ્તાર પ્રમાણે અલગ અલગ રિવાજો જોવા મળે છે. તેમાંથી અમુક રિવાજો અહીં લીધા છે અને અન્ય પણ રિવાજો વાંચકોને જોવા મળે તો લેખના અંતે દર્શાવેલ ઇ-મેલ અથવા ફોન પર જણાવવા વિનંતી.)

માનવામાં આવે એવી વાત નથી. પણ આજની તારીખે પણ અંતરિયાળ ગામડાઓમાં મોટી સંખ્યામાં સુવાવડ ઘરે જ કરાવવામા આવે છે. અને હોસ્પિટલ જવાને બદલે દાયણોને ઘરે બોલાવવામાં આવે છે. તેના જ કારણે માતા અને બાળકના મૃત્યુદર ખૂબ જ વધારે રહે છે. આના વિકલ્પરુપે સરકારે જનની સુરક્ષા યોજના અમલમાં મૂકી છે. તેના ભાગરુપે મૃત્યુદર પણ ઘટ્યો છે.

તેમ છતાં અમુક જગ્યાઓએ જન્મ્યા પછી બાળકને રડાવવા માટે અમુક પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવે છે. જે વિજ્ઞાન, અભ્યાસ અને માહિતીના અભાવે મોટા ભાગે નુકસાનકારક જ હોય છે.

જેમ કે, ઘણી જગ્યાએ જન્મ્યા પછી બાળકને રડાવવા માટે પગેથી પકડી ઊંધું લટકાવીને જોરથી પાછળના ભાગમાં થપાટ મારવામાં આવે છે. આવું કરવાથી બાળક રડે છે, પરંતુ એ માત્ર કાગનું બેસવું અને ડાળનું તૂટવું જ છે. કારણ કે ૯૦ ટકા બાળકો જન્મ્યા પછી પોતાની જાતે જ રડવાનું ચાલુ કરે છે. તેના માટે કોઇપણ પદ્ધતિ, પ્રક્રિયા કે રીતની જરુર હોતી નથી. પરંતુ હા, આવી રીત કરવાથી બાળકના મગજની નાજુક રક્તવાહી ધમની અને શિરાઓ તૂટી હેમરેજ (રક્તસ્રાવ) થવાનો ભય રહે છે. જો આવું થાય તો બાળકને કાયમ માટે મગજનો લકવો થઇ જાય છે.

વળી, ઘણી જગ્યાએ બાળક જન્મે કે તરત જ તેને ગરમ અને ઠંડા પાણીથી ભરેલ ટબમાં વારાફરતી નવડાવવામાં આવે છે. આ રીત પણ નુકસાનકારક છે. એક, તો ચામડી પર ખરાબ અસર થઇ શકે છે. બીજું ગરમપાણીથી દાઝી જવાનો ભય રહે છે અને ત્રીજું સૌથી મહત્ત્વનું કે આવું કરવાથી નવજાતનો પ્રાણપ્રત્યાગમન માટેનો અમૂલ્ય સમય આપણે વેડફી નાંખીએ છીએ. વળી વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઇએ તો પણ સેન્સરી સ્ટીમ્યુલેશન કરવા

માટે મોટી માત્રામાં વધુ સમય સુધી કે ઓછીમાત્રામાં થોડા સમય સુધી કરવામાં આવતું સ્ટીમ્યુલેશન સમાન જ પરિણામ આપે છે. એટલે જ આયુર્વેદમાં પણ

''शीतोदकेन उष्णोदकेन वा भुख परिषेक''

એટલે કે ઠંડા અથવા ગરમ પાણી (ઋતુ અનુસાર)થી મુખપર બે-ચાર છાંટણાં જ કરવા જોઇએ એવું સ્પષ્ટ દર્શાવેલ છે. બની શકે કે કાળક્રમે આ જ શાસ્ત્રોક્ત વિધિમાં બદલાવ થઇને આજની હાનિકારક પદ્ધતિ જન્મેલી હોય.

વળી, કેટલીક જગ્યાએ તો બાળકને રડતું કરવા માટે ખૂબ જ અમાનવીય રીત પણ અપનાવાય છે, જેમ કે બાળકના જન્મ પછી તુરંત જ ગુદામાં કોઇ નક્કર સળીયાનો પ્રવેશ કરાવવો અથવા તેના નીતંબને જોરથી દબાવવા વગેરે. આવી રીતોથી કુમળા બાળકને શારીરિક નુકસાન સિવાય બીજું કાંઇ ન થઇ શકે, એટલે મહેરબાની કરીને આવી રીતોનો સંપૂર્ણપણે ત્યાગ થવો જોઇએ. આયુર્વેદની સંહિતાઓમાં પણ જન્મ પછી તુરંત જ કરવાની વિધિ દર્શાવી છે. જે સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. આજના આધુનિક સમયમાં પણ એટલી જ ઉપયોગી છે. જેમ કે-

जातमात्र विशोध्याल्बं बालां सैन्धव सर्पिषा ॥
(अष्टांगहृदय)

એટલે કે, જન્મીને તુરંત જ બાળક પરનું એમ્નિઓટીક ફ્લૂઇડ સાફ કરવું જોઇએ, જેથી કરીને બાષ્પીભવન પદ્ધતિથી થતું હાઇપોથર્મીઆ અટકે છે.

प्रसूतिक्लेशितं चानु बलातैलन सेचयेत् ॥

ત્યારબાદ બાળક પર ખૂબ જ ઝડપથી સુખોષ્ણ બલાતૈલ લગાવવું જોઇએ. આમ કરવાથી બાળકની આજુબાજુ સુખાષ્ણ બલાતૈલનું ઇન્સ્યૂલેટર(આવરણ) નિર્માણ થઇ જાય છે જે ઉષ્માનો વ્યય થતો અટકાવે છે અને આ રીતે કન્ડકસ્શન, કન્વેક્શન અને રેડિયેશન પદ્ધતિથી થતું હાઇપોથર્મીઆ અટકે છે.

જો બાળક ઉપરની પ્રક્રિયા દરમ્યાન રડવાનું ચાલુ ન કરે તો સેન્સરી સ્ટીમ્યુલેશનના ભાગરુપે કાન પાસે પત્થરને ટકરાવીને અવાજ સંભળાવવો જોઇએ કે જેથીકરીને મગજમાં રહેલ રેસ્પીરેટરી સેન્ટરનું સ્ટીમ્યુલેશન થઇને શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા ચાલુ થઇ જાય.

कृष्ण कपालिका शूर्पेण अभिनिष्युण्यु ।

ઉપરોક્ત બધી વિધિ કર્યા છતાં પણ બાળક રડવાનું ચાલુ ન કરે તો (કાળા કલરના) એક સુપડાથી બાળકને હવા નાંખવી જોઇએ. વૈજ્ઞાનિક દ્દષ્ટિએ આ વિધિને જોઇએ તો તેને પોસિટિવ પ્રેશરવેન્ટિલેશન એટલે કે બહારથી યંત્રની મદદથી શ્વાસોચ્છ્વાસ ચાલુ કરાવવા સાથે સરખાવી શકાય.

પરંતુ આજના જમાનામાં ઉપરોક્ત આયુર્વેદિક પદ્ધતિઓ વધુ સરળ સચોટ અને સુગમ બની છે અને એટલે જ મ્યુક્સ સકર, સ્ટરાઇલ ટોવેલ, રેડીયન્ટ વોર્મર, અમ્બુબેગ, વેન્ટીલેટર, લેરીન્ગોસ્કોપ વગેરે જેવા સાધનો કે યંત્રોથી સજ્જ હોસ્પિટલમાં જ બાળકોનો જન્મ કરાવવો જોઇએ અને જુની માન્યતાઓ અંધશ્રદ્ધાઓ અને રીત રિવાજોને હવે નેવે મુકવા જોઇએ.

આવી જ બીજી ચર્ચાનો વિષય જન્મ્યા પછી, પીવડાવવામાં આવતા પ્રવાહી પર છે. લગભગ બધા જ સમાજમાં એવી માન્યતા છે કે બાળકને જન્મ પછી સૌથી પહેલી વખત જે ગળથૂથી (ગળસૂતી) આપે તેના જેવું બાળક થાય.

સૌ પ્રથમ તો વૈજ્ઞાનીક દ્દષ્ટિએ આ માન્યતા ખોટી છે. કારણ કે દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ તેના જીનેટિક સ્ટ્રક્ચર અને થોડા પ્રમાણમાં તેના આજુબાજુના વાતાવરણ (એન્વાયરમેન્ટ) પર આધાર રાખે છે, નહીં કે એક વખત પીવડાવવામાં આવેલ કોઇ પ્રવાહી પર. આયુર્વેદમાં પણ એમ જ કહ્યું છે કે પ્રકૃતિ ક્યારેય ન બદલી શકે અને મહદ્અંશે પ્રકૃતિનું નિર્માણ તો શુક્રશોણિતના સંયોગ બાદ માતાના ગર્ભમાં જ થઇ જાય છે.

ખેર. આ માન્યતા તો બાળક માટે એટલી નુકશાન કર્તા નથી જેટલી કે પીવડાવવામાં આવતાં અલગ અલગ દ્રવ્ય અને તેને બનાવવાની રીત. જો આવું પ્રવાહી ગંદા વાસણ કે વાતાવરણમાં બનાવવામાં આવે તો તે નવજાત બાળક માટે ઇન્ફેકશનનું નોતરુ જ સાબિત થાય અને પ્રવાહીઓમાં પણ ગોળનું પાણી અને કોઇને પણ આશ્ચર્યમાં નાખી શકે એવી ચા તો સંપૂર્ણપણે બિનવૈજ્ઞાનિક છે. (ચા વિશેના રીતરિવાજ મને મારા પેશન્ટ પાસેથી જ જાણવા મળ્યો છે.

જન્મ્યા પછી બાળક, પ્રસૂતિની પીડાના કારણે ક્ષુધિત હોય છે અને તેને જો માતાનું ધાવણ આપવામાં આવે તો તે વ્યવસ્થિત ચાલુ કરી શકે છે અને ખૂબ જ પૌષ્ટિક એવા પીયૂષનો પણ ફાયદો મેળવે છે પણ જો ગોળનું પાણી કે ચા જેવાં પ્રવાહી અપાય તો તેમાં રહેલ શર્કરા બાળકના મગજમાં રહેલ સેન્ટરને અવસાદિત કરીને બાળકની ભૂખ શાંત કરી દે છે. જેથી બાળક માતાનું ધાવણ

સમયસર લેતું નથી અને અંતે થોડા સમય પછી બાળકના લોહીમાં શર્કરાની કમી વર્તાય છે. એટલે આ બધા રીતેરિવાજો બંધ થવા જોઈએ અને બને તેટલું જલ્દી માતાનું ધાવણ આપવાનું ચાલુ કરવું જોઈએ.

વળી, આચાર્ય ચરક પણ શારીરસ્થાનના અધ્યાય ૮માં જન્મ પછી તરત જ કરાવાતા જાતકર્મમાં માતાનું ધાવણ જ આપવાનું કહ્યું છે. અને જો જન્મ પછી કાંઇ આપવું જ હોય તો કાશ્યપ સંહિતામાં કહેવામાં આવેલ સુવર્ણપ્રાશન કરાવવું જોઇએ. જેમાં સુવર્ણ, મધ અને ઘી હોય છે. આમાં રહેલું મધનું ફ્રકટોઝ (શર્કરા) સેટેટરી સેન્ટરને અવસાદિત નથી કરતું અને માતાના ધાવણની ઉપરાંતનું પોષણ પૂરું પાડે છે. વળી આ ઉપરથી એમ પણ લાગે છે કે શાસ્ત્રોક્ત પ્રાશનનું સમય જતાં ફેરફાર થઇને ગળથૂથી બની ગયું છે, જે થોડી કિસ્સાઓમાં નુકસાનકારક છે અથવા ફાયદાકારક તો બિલકુલ જ નથી.

ઉપરોક્ત રીતરિવાજો ઉપરાંત નવજાત બાળકોમાં માલિશ, સ્નાન, નાભિ નાળીની સંભાળ, ઉપરાંત ખોરાક ચાલુ કરવાનો સમય વગેરે વિધિઓ ઉપર વિસ્તૃત અને વૈજ્ઞાનિક અહેવાલ ભવિષ્યમાં જોઇશું.

(લૅકચરર, જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ, બાળરોગ નિષ્ણાત,
એસ.જી. પટેલ આયુર્વેદિક હોસ્પિટલ,
ન્યૂ વલ્લભ વિદ્યાનગર- ૩૮૮૧૨૧ મોઃ૯૬૬૨૫૧૨૫૮
ઈ-મેઈલઃ sgpbhinde@gmail.com)

શરીરને ઈશ્વરના મંદિર તરીકે વાપરવાને બદલે આપણે તેનો ભોગો ભોગવવાના સાધન તરીકે ઉપયોગ કરીએ છીએ અને તે ભોગો ભોગવવાની શક્તિ વધારવાને આ પાર્થિવ દેહનો દુરુપયોગ કરવા માટે વૈદ-દાકતરોની મદદ માગવા દોડી જતાં શરમાતા નથી.

**- ગાંધીજી**

॥ પ્રતિભાવ ॥

## સંશોધકોને ઉપયોગી સ્વસ્થચર્ચા

''સૌરાષ્ટ્રનાં દફતર ભંડારો'' અંગેનો લેખ મેં તંત્રીશ્રીના આગ્રહનેકારણે લખેલો. તે તેમણે 'વિ-વિદ્યાનગર'ના ઑગસ્ટ ૨૦૧૫ના અંકમાં છાપ્યો છે. તે લેખની વિષયવસ્તુ અને સંદર્ભો- પાદનોંધ અંગે ઝીણવટપૂર્વક વાંચના કરી શ્રી બી.એન. ગાંધીએ તે અંગે પોતાનો પ્રતિભાવ આપ્યો છે, જે સપ્ટેમ્બર ૨૦૧૫ના 'વિ-વિદ્યાનગર'ના અંકમાં પૃ૩૪ ઉપર છપાયો છે. ઝીણવટભરી વાંચના પછી તેમણે આ લેખમાં મેં કરેલ 'રજૂઆતને બેશક પ્રશંસનીય' ગણાવી છે. તે બદલ આનંદ. આભાર. તેમણે કરેલાં કેટલાંક સૂચનો આવકાર્ય છે.

ઉપરાંત તેમણે જે કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા છે તે અંગે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે

૧. મારા ઉપરોક્ત લેખની હસ્તપ્રત કુલ ૨૮ એ-૪ સાઇઝનાં પાનાંની હતી. તેમાં ૯ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ એ-૪ સાઇઝના કાગળ ઉપર હતી. પરંતુ તેની સાઇઝ તંત્રીશ્રીએ નાની (લગભગ ૧/૩) કરીને તે દસ્તાવેજ મૂક્યા તેથી તે ઉકેલવામાં અગવડભર્યા બની રહે તે હકીકત છે. પરંતુ તે અંક છપાઇને મારા હાથમાં આવ્યા બાદ તે અંગે મેં તંત્રીશ્રીને આ દસ્તાવેજની નકલ ખૂબ ઝીણા અક્ષરમાં છપાવા અંગે મારી લાગણી સાથે ફરિયાદ કરેલી. તેમણે આ લેખ બે ભાગમાં છાપવાને બદલે સાતત્ય અને સરળતા માટે તે એક ભાગમાં છાપવા આમ કર્યાનું જણાવ્યું, તેથી તે માટે તો લેખક જવાબદાર નથી જ.

૨. ગાંધીજીને જેતપુરમાં તા. ૨૧.૦૧.૧૫ના 'મહાત્મા' ઉદ્‌બોધન સાથેનું માનપત્ર ૪૯ માનવંતા ગૃહસ્થોની સહીથી અપાયેલું. તે છપાયેલ માનપત્રમાં (દસ્તાવેજ નં.૫, પૃ.૧૬) જ ઝીણવટપૂર્વક જોવાથી ''જેતપુર, તા. ૨૧-૧-૧૫'' પ્રિન્ટેડ છે. તેથી બીજા સાધનમાંથી તેની ખરાઇ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. દસ્તાવેજ નં.૫ તંત્રીશ્રીએ અત્યંત ઝીણા અક્ષરમાં છાપેલ છે, જેમાં તારીખ પણ અત્યંત ઝીણા અક્ષરમાં હોવાથી તે તરફ શ્રી ગાંધીનું ધ્યાન ગયું નહીં હોય, એમ માનું છું.

**ડૉ.એસ.વી.જાની**
(નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ઈતિહાસ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, શિવમ્, સેતુબંધ સોસાયટી, મહિલા કૉલેજ પાછળ, રાજકોટ-૩૬૦૦૦૭, મોઃ ૯૪૨૮૭૦૧૧૮૯)

## સૅરલિપનાં શોધાર્થીની શૈક્ષણિક મુલાકાત

ચારુતર વિદ્યા મંડળસંચાલિત સરદાર વલ્લભભાઇ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાન(સૅરલિપ) દ્વારા ગુજરાત વિધાનસભા, ગુજરાત સરકારના અભિલેખાગાર અને ગુજરાત સાહિત્ય અકાદમીની એક દિવસીય શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાની અગાઉ મેળવેલા મંજૂરીપત્ર સાથે વિદ્યાર્થીઓ વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ. પટેલ અને સેકશન ઑફિસર શ્રી એસ.કે. ચૌહાણને મળ્યાં હતાં. વિધાનસભાના ડેપ્યુટી સેકશન ઓફિસર શ્રી અરવિંદ પ્રજાપતિની સાથે વિદ્યાર્થીઓએ વિધાનસભાના ગૃહની મુલાકાત લીધી હતી. વિધાનસભાના ગ્રંથપાલશ્રી એમ.જી. વાઘેલાએ વિધાનસભા ગ્રંથાલયની વિશેષતાઓ વિશે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગ્રંથાલયમાંથી જરૂરી પુસ્તકોની નોંધ લઇ ગૃહમાં સત્ર દરમ્યાન ચાલતી ચર્ચાની વિડિયો ફિલ્મ નિહાળી હતી.

શોધાર્થીઓએ અભિલેખાગાર-દફતરભંડારના અધિક્ષક શ્રી એચ.સી.રાઠવાના માર્ગદર્શનમાં અભિલેખાગારની માહિતી અને મુલાકાત લીધી હતી. અભિલેખાગારના ઑફિસ સુપ્રિટેન્ડેટ શ્રી અરવિંદ કે. પટેલે દફતર ભંડારમાં વિદ્યાર્થીઓને દસ્તાવેજો કેવી રીતે જોવા તથા તેમના વિષય સંબંધિત દસ્તાવેજો ક્યાંથી મળી રહે તેની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ દફતરભંડારના રજિસ્ટરમાં પોતાના વિષયને લગતા દસ્તાવેજોની તપાસ કરી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત્ત આઇએએસ અધિકારી તથા કવિ-સર્જકશ્રી ભાગ્યેશ જહા સાથે તેમના કાર્યાલયમાં મુલાકાત યોજાઇ. અકાદમીના ગ્રંથપાલ ડૉ.કિરીટ શુક્લે વિદ્યાર્થીઓને પુસ્તક પ્રકાશન વિભાગની મુલાકાત કરાવી હતી.



ગુજરાત સરકારના અભિલેખાગાર મુખ્યાલય ખાતે અધિક્ષક શ્રી એચ.સી. રાઠવા અને આર્કાઇઝ આસિસ્ટંટ શ્રી પી.કે. મકવાણા સાથે સૅરલિપનાં શોધાર્થી.



નલિની કૉલેજની વિદ્યાર્થીની મોના પ્રજાપતિએ એનસીસીની ગુજરાત અને રાષ્ટ્રીયસ્તરની શૂટીંગ સ્પર્ધામાં ચેમ્પિયન થઇ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા એ બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે તેને બિરદાવી આશીર્વાદ આપ્યા હતા. સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, નલિની કૉલેજના કા.આચાર્ય ડૉ. ઘનશ્યામ ગઢવી અને એનસીસીના પ્રભારી ડૉ.બી.એમ. ઝાલા આ પ્રસંગે ઉપસ્થિત હતા.

## સૅમકોમમાં વાલીઓની કાર્યશાળા

સૅમકોમ કૉલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ડૉ.નિખિલ ઝવેરીએ તમામ વાલીઓને આવકારી કાર્યક્રમના મુખ્ય મહેમાનનો પરિચય કરાવ્યો હતો. તેમણે કૉલેજમાં થતી તમામ પ્રવૃત્તિથી વાલીઓને માહિતગાર કર્યા હતા. વાલીઓનો કૉલેજના વિકાસ અને પ્રગતિમાં કેટલો મહત્ત્વનો ફાળો હોય છે તેની સમજણ આપી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. હેમંત અંતાણીએ ''વિદ્યાર્થીઓની આકાંક્ષાઓ અને માતા-પિતાની અપેક્ષાઓઃ આ પડકારનો સામનો કેવી રીતે કરવો?'' એ વિષયને આવરી લેતું પ્રેઝન્ટેશન આપ્યું હતું. લગભગ ૧૦૦ જેટલા વાલીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વડા ડૉ.નેહલ દોલતજાદા અને કૉ.ઑર્ડિનેટર ડૉ.સુભાષ જોષી, પ્રા. જો મેરી જ્યોર્જ તથા એફ. વાય.ના વર્ગોના ક્લાસ ટીચરોના સહિયારા પ્રયાસથી આ કાર્યશાળા યોજાઇ હતી.

## શૈક્ષણિક પ્રવાસનું આયોજન

સૅમકોમ કોલેજ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન ૧૭ ઑગસ્ટ ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. દ્વિતીય વર્ષ બીબીએના ઇન્ડસ્ટ્રિયલ એક્સપોઝર વિષય અંતર્ગત બે ઔદ્યોગિક એકમોની મુલાકાત લીધી હતી. શૈક્ષણિક પ્રવાસ અન્વયે નડિયાદ મુકામે શાહ પેપરપ્લાસ્ટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (૧૦૦ ટકા ઇઓયુ)ની

મુલાકાત લીધી હતી. મંગળપુરા ખાતે આવેલ સત્યેન્દ્ર પેકેજિંગ પ્રા.લિ.ના ઔદ્યોગિક એકમની મુલાકાત લીધી હતી. દ્વિતીય વર્ષ બીબીએના ૬૬ વિદ્યાર્થીઓએ આ શૈક્ષણિક પ્રવાસમાં ભાગ લીધો હતો. ડૉ.અંકુર અમીન, ડૉ.અજયરાજ વ્યાસ અને ડૉ.રીના દવે દ્વારા શૈક્ષણિક પ્રવાસનું સંચાલન કરવામાં આવ્યું હતું.

**એનવીપાસમાં નોલેજ શેરિંગ ફોરમ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસના એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને આત્મવિશ્વાસ વધે એવા હેતુથી દર જાણીતાં પર્યાવરણવિદ ઇસરોના સાયન્ટિસ્ટ અને ભારતમાં યુએનના શાંતિ માટેના રાજદૂતોની પેનલનાં સભ્ય એવાં ડૉ.મધુ મેનને અતિથિવિશેષપદે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જ્ઞાનના પ્રચાર-પ્રસારનું મહત્ત્વ સમજાવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ નોલેજ શેરિંગ ફોરમની સ્થાપના કરવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં કાર્યક્રમની શરૂઆતમાં જનરલ સેક્રેટરી પાર્થ ઠાકુર દ્વારા મુખ્ય મહેમાનનો પરિચય કરાવવામાં આવ્યો હતો. ફોરમના કૉ-ઓર્ડિનેટર ડૉ. યોગેશ પટેલ દ્વારા ફોરમની આગામી પ્રવૃત્તિઓ વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યાં હતાં. સભાના અધ્યક્ષસ્થાનેથી કૉલેજના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષીએ આવી પ્રવત્તિઓને બિરદાવી હતી. મધ્યસ્થ સમિતિનાં વાઇસ પ્રેસિડેન્ટ ડૉ.મધુમતી બોરાએ આભાર દર્શન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ઓફિસર શ્રી કાર્તિક જગતાપ તથા શ્રી રણુભા ગોહિલે કર્યું હતું.

**યુનિવર્સિટી શિબિરમાં એનવીપાસ**

સરદાર પટેલ યુનિવર્સિટીના એન.એસ. એસ. વિભાગ દ્વારા યોજવામાં આવેલ ત્રિ-દિવસીય કાર્યશિબિરમાં ચારુતર મંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કૉલેજ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સસીના એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. કાર્યશિબિર દરમ્યાન યોજવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓમાંથી ચિત્ર સ્પર્ધામાં કોલેજની પ્રથમ વર્ષની વિદ્યાર્થીની કુ. રિદ્ધિ બ્રહ્મભટ્ટે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. સંયોજક ડૉ. જાગૃતિબેન પરમાર તથા પ્રો. ઓફિસર ડૉ. યોગેશ પટેલ તથા શ્રી કાર્તિક જગતાપનું માર્ગદર્શન સતત મળતું હતું.

**નિબંધ સ્પર્ધામાં આરપીટીપી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ, વિજ્ઞાન પ્રવાહ(આરપીટીપી)નાં ૭ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરની નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાની વિદ્યાર્થીની કુ. પ્રિયા એસ. શર્માએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા સંચાલક મંડળનું ગૌરવ વધાર્યું છે.

**આઇબીપટેલમાં સૌષ્ઠવ દિવસ**

આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના માધ્યમિક વિભાગમાં ‘‘મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ’’ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત શાળાની તમામ વિદ્યાર્થીનીઓ માટે યોગ નિદર્શન અને યોગ સાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના પછી શ્રીમતી હેમાંગીનીબેને યોગ વિશે માહિતી આપી હતી. કુ. શાલિની કુશવાહ દ્વારા વિવિધ યોગાસનોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમના નિદર્શન હેઠળ સર્વે વિદ્યાર્થીનીઓએ વિવિધ યોગાસન અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મહેશભાઇ તેમજ શ્રી કલ્પનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી ડૉ.મહેશભાઇ સ્ટેલીને ત્રાટક આસનનું નિદર્શન આપી વિદ્યાર્થીનીઓને તેના ફાયદા સમજાવ્યા હતા. શાળાના નિરીક્ષક શ્રી મહેન્દ્રભાઇ સેવક તથા શિક્ષકો શ્રી વિરલભાઇ, શ્રીમતી પુષ્પાબેન શ્રીમતી રેખાબેન, શ્રીમતી ભાવનાબેન વગેરે કાર્યક્રમમાં સહભાગી બન્યાં હતાં.

**એમયુ ટેક્નિકલમાં રક્ષાબંધન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેક્નિકલ હાઇસ્કૂલમાં આચાર્યશ્રી સુરેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધનના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારી નીતાબેન તથા વૃંદાબેન તેમજ એમ.બી.પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનનાં પ્રાધ્યાપક ઉષાબેન ખેર ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે રક્ષાબંધનના પર્વનું માહાત્મ્ય જણાવતાં સ્નેહનું બંધન સમગ્ર દેશ તેમજ વિશ્વના કલ્યાણ અર્થે બંધાય તેવી ભાવના વ્યક્ત કરતાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતાં. કાર્યક્રમના અંતે આભારવિધિ સુપરવાઇઝરશ્રી શંકરભાઇ પારગીએ કરી હતી.


**જન્માષ્ટમીની ઉજવણી**

એમ.યુ.ટેક્નિકલ હાઇસ્કૂલમાં જન્માષ્ટમીના પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી ડૉ.એસ.જી. પટેલ તથા મુખ્ય મહેમાનના સ્થાને ભાદરણ હાઇસ્કૂલના શિક્ષક શ્રી જશવંતભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# આસમાની રંગની ચૂંદડી રે....

આસમાની રંગની ચૂંદડી રે, રંગ ચૂંદડી રે,
માની ચૂંદડી લહેરાય.
ચૂંદડીમાં ચાર ચાર તારલા રે,
ચાર તારલા રે... માની ચૂંદડી....
ચૂંદડી ઊડે છે ચાર લોકમાં રે,
ચાર લોકમાં રે.... માની ચૂંદડી....
ચૂંદડી ઊડે છે લીલા આભમાં રે,
લીલા આભમાં રે... માની ચૂંદડી...
ભક્તો લાવ્યા છે ઘણા ભાવથી રે,
ઘણા ભાવથી રે...માની ચૂંદડી....
માએ ઓઢી છે ઘણા શોખમાં રે,
ઘણા શોખમાં રે... માની ચૂંદડી....
ગરબે ઘૂમે છે ચાચર ચોકમાં રે,
ચાચર ચોકમાં રે... માની ચૂંદડી...
સરખી સહેલીઓના સાથમાં રે,
સખી સાથમાં રે... માની ચૂંદડી....
જોવા આવ્યા છે સહુ દેવતા રે,
સહુ દેવતા રે... માની ચૂંદડી....
જિતુ ગાએ ગુલતાનમાં રે,
ગુલતાનમાં રે... માની ચૂંદડી....

V-Vidyanagar 17 (10) October 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Friday, 29.09.2015 No. of Pages 56 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month



Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)